MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૦૬-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોઇ પણ રોગને હળવાશથી ન લો,વાયરસ કોઇ ધર્મને જોતો નથીઃ ઉદ્ધવ ઠાકરે

3 ગૃહ મંત્રાલયના સલાહકાર, સીઆરપીએફના ડીજી અને વાયુસેનાના 3 જવાન ક્વોરન્ટીન થયા

8 કોરોના જંગમાં અમેરિકાએ ભારતની મદદ માંગીઃ મેલેરિયાની દવા આપવા અનુરોધ કર્યો

11 ચોરી પે સીનાજોરી :નાંદોદના વરાછામાં અગાઉની અદાવતે ખેડૂતોના ટ્યુબવેલના પાઇપો તોડી નુકસાન કર્યું



નર્મદા જિલ્લા સહિત દેશભરમાં એકતાનો પ્રકાશ પથરાયો, દેશવાસીઓએ ઘર,બાલ્કનીમાં દીવા-ટોર્ચની ફ્લેશથી કર્યો ઝળહળાટ સમગ્ર દેશમાં કોરોના સામે લડવા દિપ પ્રાગટ્ય,લોકોએ દિવા, ફ્લેશ લાઇટથી એકતા બતાવી. (તસ્વીરઃ ભરત શાહ,રાજપીપળા)

ગુજરાતમાં એક જ દિવસમાં ૧૪ પોઝિટિવ કેસ,કુલ આંકડો ૧૨૦ને પાર

રાજ્યમાં વધતા કેસો માટે તબલીગી જમાત જવાબદારઃ સરકાર

કુલ મૃત્યુઆંક ૧૧એ પહોંચ્યો,અમદાવાદમાં સૌથી વધુ ૮ સાથે કુલ ૫૩ પોઝિટિવ કેસ,તમામ તબલિજિ જમાત સાથે સંબંધિત હોવાનો દાવો,કુલ ૧૨૨માંથી ૭૨ લોકલ ટ્રાન્સમિશન,૧૮ સાજા થયા,બોડેલી ગામનો શખ્સ તબલીગી જમાતનાં મરકજથી પરત આવ્યો હતો

ગાંધીનગર

કોરોના મહામારીમાં ગુજરાતમાં લોકોની બેદરકારી અને લોકડાઉનના ઉલ્લંઘનથી ચિંતાજનક સ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. અમદાવાદ હોટસ્પોટમાંથી હવે તેનાથી પણ આગળના તબક્કામાં પહોંચી ગયું છે. દરમ્યાન ગુજરાત સરકારે પણ કેન્દ્રની જેમ આજે પહેલીવાર એવુ જાહેર કર્યું કે ગુજરાતમાં જે કેસો વધ્યા છે તે તબલીગી જમાત સાથે સીધી રીતે જોડાયેલા છે. ખાસ કરીને અમદાવાદમાં જે પોઝીટીવ કેસો બહાર આવ્યાં તેના દર્દીઓએ દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં યોજાયેલા મરકઝ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અને ત્યાંથી આવ્યાં બાદ તેમનામાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા હતા. અને તેમની સાથે સંપર્કમાં આવનારાઓને પણ કોરોનાનો ચેપ લાગ્યો છે.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે અમદાવાદના તમામ દર્દી દિલ્હી મરકજથી આવેલા લોકોના સંપર્કમાં આવ્યા હતા. મરકજથી આવેલા તમામ લોકોનું ચેકિંગ હાલ ચાલુ છે. પોઝિટીવ ન હોય તો પણ તેમને આઈસોલેશનમાં રાખાશે. જયંતિ રવિએ કહ્યું કે કુલ ૩૩ લોકો વિદેશથી આવ્યા, વિદેશથી આવેલ ૧૭ લોકોના કોરોના કેસ પોઝિટીવ આવ્યા છે. ત્યારે ૭૨ લોકોને લોકલ ટ્રાન્સમિશનથી કોરોના પોઝિટીવ હોવાનું સામે આવ્યું છે.

ગુજરાતમાં નોંધાયેલા કોરોના વાઇરસના કેસોની તાજી વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ આજે રવિવારે જણાવ્યું હતું કે, અમદાવાદમાં નવા ૮ કેસ, ભાવનગરમાં ૨, વડોદરામાં ૧, છોટાઉદેપુર ૧ અને સુરતમાં ૨ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં કુલ ૧૨૨ પોઝિટિવ કેસ નોંધાયા છે.

અનુ. પાના નં. ૮ પર

રાજ્યના શહેરોની સ્થિતિ....

ભાવનગરની વાત કરીએ તો ૧૧ કેસ પોઝિટીવ આવ્યા છે અને ૨ લોકોના મોત થયા છે. જ્યારે વડોદરામાં ૧૦ કેસ પોઝિટીવ આવ્યા છે અને ૧ દર્દીનું મોત થયું છે. સુરતમાં ૧૫ કેસ પોઝિટીવ આવ્યા છે અને ૨ લોકોના મોત થયા છે. પંચમહાલમાં ૧ કેસ પોઝિટીવ અને એક ૧ શખ્સનું મોત થયું છે. ઉપરાંત, ગાંધીનગરમાં ૧૩ કેસ પોઝિટીવ આવ્યા છે. મહેસાણામાં ૦૧ કેસ પોઝિટીવ આવ્યો છે. ગીર સોમનાથમાં ૦૨ કેસ પોઝિટીવ, પોરબંદરમાં ૦૩ કેસ પોઝિટીવ, પાટણમાં ૦૧ કેસ પોઝિટીવ, આ સિવાય રાજકોટમાં ૧૦ કેસ પોઝિટીવ આવ્યા છે. જો કે, સદનસીબે કોઈનું મોત થયું નથી. કચ્છની વાત કરીએ તો ૧ કેસ પોઝિટીવ આવ્યો છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે.કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો
૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257
http://www.jungegujarat.in/negative-ion/

અમેરિકામાં કોરોનાની ઈફેક્ટઃ સાત લાખ લોકો બેરોજગાર બન્યા

વોશિંગ્ટન

કોરોના વાયરસની અસર અમેરિકાની અર્થવ્યવસ્થા પર પડી રહી છે. ત્યાં સતત દર્દીઓની સંખ્યા વધી રહી છે. અત્યારસુધીમાં કોરોના વાયરસના કારણે ૮ હજાર કરતાં વધારે લોકોના મોત થઈ ચૂક્યા છે, જ્યારે ૩ લાખથી વધુ સંક્રમિત છે. કોરોના વાયરસની અમેરિકાના અર્થતંત્ર પર કેટલી ખરાબ અસર પડી છે, તે આંકડા પરથી જાણી શકાય છે. ગયા મહિને એટલે કે માર્ચ મહિનામાં અમેરિકી કંપનીઓએ મોટી સંખ્યામાં કર્મચારીઓને બહારનો રસ્તો દેખાડી દીધો હતો.

અમેરિકાના લેબર ડિપાર્ટમેન્ટના આંકડા પ્રમાણે, માર્ચમાં દેશમાં ૭ લાખ લોકો બેરોજગાર બન્યા. દેશમાં બેરોજગારીનો દર વધીને ૪.૪ ટકા પર પહોંચ્યો છે. ડિપાર્ટમેન્ટે સ્વીકાર્યું છે કે, તેમના આ આંકડામાં કોવિડ ૧૯થી થયેલા નુકસાનને પૂરી રીતે સામેલ કરી શકાયું નથી.

અનુમાન પ્રમાણે, અમેરિકામાં મોટી સંખ્યામાં લોકો બેરોજગાર બની રહ્યા છે અને એપ્રિલમાં એટલે કે આ મહિને આંકડો વધી જશે. રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આર્થિક નુકસાનને જોતા અમેરિકામાં લોકડાઉન જાહેર કર્યું નથી.

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટિવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ઘોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરું સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634, State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચેની અથડામણમાં એક જવાન શહીદ

સેનાને મોટી સફળતાઃ ૨૪ કલાકમાં નવ આતંકી ઠાર કર્યા

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લામાં રવિવારના રોજ પાંચ આતંકવાદીઓની ઘૂસણખોરીને નિષ્ફળ બનાવી ઠાર કરી દેવાયા છે. કુપવાડાના કેરાન સેક્ટરમાં પાકિસ્તાન તરફથી ઘુસણખોરી કરનારા આ આતંકીઓને એલઓસી નજીકના વિસ્તારોમાં ઠાર કરી દેવામાં આવ્યા છે. આ કાર્યવાહીમાં ભારતીય સેનાના એક સૈનિક શહીદ થયા છે, જ્યારે બીજા બે સૈનિક ગંભીર રીતે ઘાયલ થયા છે. ભારે બરફવર્ષાને કારણે આ વિસ્તારમાં ફસાયેલા સેનાના જવાનોને રેસ્ક્યૂ કરી શકાયા નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઉત્તર કાશ્મીરના કુપવાડામાં આતંકીઓ સાથેના એક્કાઉન્ટરમાં સેનાના એક જવાન શહીદ થયા હતા જ્યારે બે ગંભીર રીતે ઘાયલ થયા હતા. સેનાએ ૫ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. તેઓ એલઓસીમાંથી ઘૂસણખોરી કરીને આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં સેનાએ કાશ્મીરમાં ૯ આતંકીઓને ઠાર કર્યા છે. તેમાંથી ચારને શનિવારના રોજ કુલગામમાં ઠાર કર્યા.

કુપવાડામાં આજે અથડામણનો પાંચમો દિવસ હતો. બુધવારના રોજ આતંકીઓ એલઓસીને પાર કરીને ભારતના વિસ્તારમાં પ્રવેશી ગયા હતા. આ આતંકવાદીઓ ખરાબ હવામાન અને ધુમ્મસનો લાભ લઈને એલઓસીમાં ઘૂસણખોરી કરવામાં સફળ થયા હતા. બુધવારે બપોરે જ આ આતંકીઓને સેનાના જવાનોએ ઘેરી લીધા હતા. એક્કાઉન્ટર પણ થયું હતું પરંતુ ધુમ્મસ અને વરસાદનો ફાયદો ઉઠાવતા આતંકીઓ ઘેરો તોડી નાસી છૂટ્યા હતા. સેનાએ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો અને સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

ગુરુવાર અને શુક્રવારના હવામાન એકદમ ખરાબ હતું. શનિવારના રોજ હવામાન સાફ થતાં સેનાના જવાનોએ સર્ચ ઓપરેશનને વધુ તેજ કરી દીધું હતું. સેનાએ ડ્રોન અને હેલિકોપ્ટરનો પણ ઉપયોગ કર્યો હતો. શનિવાર સાંજે જ્યારે આર્મીના જવાનોએ આતંકવાદીઓને ફરી ઘેરી લીધા ત્યારથી અથડામણ ચાલુ હતું.

ભારતમાં જુલાઈમાં કોરોનાની વેક્સિનનું પરીક્ષણ થશે

ન્યુ દિલ્હી

ભારતીય કંપનીએ અમેરિકન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો સાથે મળીને કોરોનાની દવા શોધવાની મથામણ શરૂ કરી છે. જુલાઈમાં હ્યુમન બોડી ઉપર એ દવાનું પરીક્ષણ થશે. અત્યારે લેબમાં દવાની અસરકારકતા અંગે કામ ચાલી રહ્યું છે. ભારતીય કંપની ભારત બાયોટેકે કોરોફ્લુ નામની રસી ઉપર કામ શરૂ કર્યું છે.

કોરોનાનો સચોટ ઈલાજ શોધવા માટે આ કંપનીએ અમેરિકાની વિન્સકોન્સિન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના માર્ગદર્શન હેઠળ કામ શરૂ કર્યું છે. તે સિવાય વેક્સિન કંપની ફ્લુજેન સાથે પણ કંપની કાર્યરત છે. જ્યારે કોરોનાના દર્દીને આ દવા નાક દ્વારા આપવામાં આવશે. હૈદરાબાદ સ્થિત આ કંપનીએ પરીક્ષણ શરૂ કર્યા છે અને અંદાજે જુલાઈમાં જ માણસ ઉપર સફળ પરીક્ષણ થઈ જશે એવો દાવો પણ થયો છે. પરીક્ષણ સફળ થશે તે સાથે જ કંપની ૩૦ કરોડ ડોઝ તૈયાર કરશે.

સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે કોવિડ-૧૯ના ૫૮ દર્દીઓની સ્થિતિ નાજુક છે. આ દર્દીઓ કેરળ, મધ્ય પ્રદેશ અને દિલ્હીમાં છે. કોરોનાના કારણે હાલ જે લોકોના મોત થયા છે, તેમાં સૌથી વધુ કેસ વૃદ્ધોના છે અને સ્વાસ્થ્ય સંબંધિ અન્ય તકલીફો હોય તેવા લોકોના પણ કોરોનાના કારણે મોત નીપજ્યાં છે.

કોરોના સંકટઃ વડાપ્રધાન મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ, પૂર્વ વડાપ્રધાન સાથે વાતચીત કરી

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ સામેની જંગમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બધા રાજકીય પક્ષ અને સમાજના દરેક વર્ગને એક મંચ પર લાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. જેને લઈને પીએમ મોદીએ દેશના બધા પૂર્વ રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સાથે વાતચીત કરી. આ સાથે પીએમ મોદીએ મહત્વના રાજકીય પક્ષના નેતાઓ સાથે વાત કરી છે.

પીએમઓના સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ રવિવારને સૌથી પહેલા પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સાથે વાત કરી. ત્યાર બાદ પીએમ મોદીએ પ્રતિભા પાટિલ સાથે તેમજ પૂર્વ પીએમ મનમોહન સિંઘ અને એસ જી દેવગોડા સાથે પણ વાત કરી.

પીએમ મોદીએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સહિત સમાજવાદી પાર્ટીના દિગ્ગજ નેતા મુલાયમ સિંહ યાદવ અને અખિલેશ યાદવ, તૃણમુલ કોંગ્રેસ સુપ્રીમો અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, બીજુ પટનાયક (ન્યૂઝ૧૮) સુપ્રીમો અને ઓડીશાના મુખ્યમંત્રી નવીન પટનાયક અને તેલંગાણાના મુખ્યમંત્રી કેસીઆર સાથે પણ ટેલિફોનિક વાતચીત કરી. પીએમ મોદી અકાળીદળના સીનિયર નેતા પ્રકાશસિંહ બાદલ ની સાથે પણ ફોન પર વાતચીત કરી.

એક પ્રાપ્ત મળતી જાણકારી અનુસાર પીએમ મોદીએ બધા પાસે કોરોના વાયરસથી બચવા માટે અત્યાર સુધીમાં ઉઠાવેલા પગલાઓ અંગેની જાણકારી આપી અને પૂછ્યું કે તમારા પાસે કોઈ સુચન હોય તો જણાવજો.

ટ્રમ્પે મહાભિયોગમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ઈન્ટેલિજન્સ અધિકારીને હટાવ્યા

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોંગ્રેસને જણાવ્યું કે, તેમણે ઈન્ટેલિજન્સ કમ્યુનિટિ ઈન્સ્પેક્ટર જનરલ માઈકલ એટકિન્સનને તેના પદ પરથી હટાવી દીધા છે. જેમણે પ્રથમવાર વિસિલબ્લોઅર ફરિયાદ વિશે જાણકારી આપી હતી, જે આખરે ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગ લાવવાનું કારણ બન્યું હતું. પાછલા વર્ષે ડિસેમ્બરમાં મહાભિયોગનો કેસ ચાલ્યો જે આ વર્ષે ફેબ્રુઆરીમાં ટ્રમ્પને એક્વિટેડ કરવાની સાથે સમાપ્ત થઈ ગયો હતો. સમાચાર એજન્સી સિન્હુઆ અનુસાર, શુક્રવારે જાહેર એક પત્રમાં ટ્રમ્પે સીનેટ અને ગૃહની ગુપ્ત સમિતિઓને માહિતી આપી કે તેમણે એટકિન્સનને તેમના પદ પરથી હટાવી દીધા છે. ટ્રમ્પે લખ્યું, 'હું ઈન્ટેલિજન્સ કોમ્યુનિટીના ઈન્સ્પેક્ટર જનરલને તેમના પદથી હટાવવા માટે રાષ્ટ્રપતિના રૂપમાં મારા અધિકારનો પ્રયોગ કરી રહ્યો છું, આજથી ૩૦ દિવસ અસરકારક માટે અસરકાર છે.' ટ્રમ્પે કહ્યું કે, રાષ્ટ્રપતિ તરીકે તેમને ઈન્સ્પેક્ટર જનરલના રૂપમાં સેવારત નિમણૂંકોમાં પૂર્ણ વિશ્વાસ છે. પરંતુ આ ઈન્સ્પેક્ટર જનરલ પરથી વિશ્વાસ ઉઠી ગયો છે.

કોરોનાથી પાકિસ્તાન બરબાદ થશે? ૨૫૦૦ અરબના નુકસાનની આશંકા

ઈસ્લામાબાદ

પાકિસ્તાનની અર્થવ્યવસ્થા પહેલાથી જ ગંભીર સ્થિતિમાં હતી પરંતુ કોરોના વાયરસના કારણે આ દેશમાં લોકોને ભૂખ્યા રહેવાની નોબત આવી ગઈ છે. ત્યાં અત્યારસુધીમાં ૨૬૮૦ જેટલા કેસો સામે આવ્યા છે કે જેમાં ૪૦ જેટલા લોકોના મોત થયા છે. એક રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનની અર્થવ્યવસ્થાને કોરોના વાયરસની મહામારીના કારણે ૩ મહિનામાં ૨૫૦૦ અરબ રુપિયાનું નુકસાન થવાની અને ૧.૮૫ કરોડ લોકો બેરોજગાર થાય તેવી આશંકા છે. આ સંખ્યા ત્યાંની વસતીના ૧૦ ટકા જેટલી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, આ આંકલન કોરોના વાયરસને રોકવા માટે સીમિત સ્તર પર અથવા તો કેટલીક છૂટ સાથે અને બાદમાં પૂર્ણ



લોકડાઉનને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પાકિસ્તાન સીમિત લોકડાઉનના સમયમાંથી પસાર થઈ ચૂક્યું છે અને હવે કેટલીક છૂટછાટ સાથે લોકડાઉન બાદ પૂર્ણ રીતે લોકડાઉન તરફ આગળ વધી રહ્યું છે. પાકિસ્તાનના યોજના મંત્રાલયમાં વિભિન્ન મંત્રાલયોની બેઠક થઈ હતી. આ જ બેઠકમાં નુકસાનનું આંકલન કરવામાં આવ્યું છે.

અધિકારીઓએ આ બેઠકમાં પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેવલપમેન્ટ ઈકોનોમિક્સના શરુઆતની શોધ તેમજ વિભિન્ન સંસ્થાઓ પાસેથી પ્રાપ્ત આંકડાઓ પર ચર્ચા કરી. યોજના મંત્રાલયના આંકલન બાદ સામે આવ્યું કે, સીમિત લોકડાઉનની સ્થિતિમાં અર્થવ્યવસ્થાને ૧૨૦૦ અરબ રુપિયાનું નુકસાન થઈ શકે છે. જો કેટલીક છૂટ સાથે લોકડાઉનની સ્થિતિ રહી તો નુકસાન વધીને ૧૯૬૦ અબજ રુપિયા તેમજ પૂર્ણ રીતે લોકડાઉનની સ્થિતિમાં ૨૫૦૦ અબજ રુપિયા પર પહોંચી શકે છે.

આ પ્રકારે પ્રાથમિક આંકલનના આધાર પર સીમિત રોક સ્થિતિમાં ૧૪ લાખ જેટલા લોકો કેટલીક છુટ સાથે લોકડાઉન થવા પર ૧.૨૩ કરોડ લોકો બેરોજગાર થવાની આશંકા છે. જો કે, પૂર્ણ લોકડાઉન થવા પર બેરોજગાર થનારા લોકોની સંખ્યા વધીને ૧.૮૫ કરોડ પર પહોંચી શકે છે.

કોરોના સામે જંગ, સિંગાપુરમાં ૧ મહિના માટે લૉકડાઉનની જાહેરાત

સિંગાપોર

કોરોના વાઈરસના વધતા જતાં કેસોના કારણે સિંગાપુરે લૉકડાઉનની જાહેરાત કરી છે. સિંગાપુર સરકારે ૧ મહિના માટે લૉકડાઉનનું એલાન કર્યું છે. સિંગાપુરના પ્રધાનમંત્રી લી સિયેન લૂંગે લૉકડાઉનનું એલાન કરતા તમામ લોકોને તેનું પાલન કરવાની અપીલ કરી છે.

જણાવી દઈએ કે, સિંગાપુરમાં કોરોના વાઈરસના કારણે અત્યાર સુધીમાં ૫ લોકોના મોત થઈ ચૂક્યાં છે. જ્યારે ૧૧૧૪ લોકો કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે. સિંગાપુરમાં તાજેતરમાં જ વિદેશથી આવેલા ૨૪ લોકોનો ટેસ્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. જેમાં ૩ ભારતીયો હતા, જેમની ટ્રાવેલ હિસ્ટ્રી ભારતની સામે આવી હતી.

કોરોના વાઈરસ સામે લડવા માટે સિંગાપુર શરૂઆતથી જ વિશ્વ સમક્ષ એક મૉડલ દેશ તરીકે સામે આવ્યું હતું, પરંતુ ત્યાં પણ જીવલેણ વાઈરસે સ્થિતિ ઝડપથી બદલી નાંખી. સિંગાપુરમાં ૩૦ માર્ચે એકસાથે ૪૨ કોરોના વાઈરસના પોઝિટિવ કેસો સામે આવતા સરકારની ચિંતા વધી ગઈ હતી.

સ્પેનમાં કોરોનાએ તબાહી મચાવીઃ મૃત્યુઆંક ૧૨ હજારની નજીક

મેડ્રિડ

ચીનના વુહના શહેરમાંથી શરૂ થયેલા કોરોના વાયરસને દુનિયાભરમાં પોતાનો કહેર વરસાવ્યો છે. ત્યારે સ્પેનમાં પણ કોરોના વાયરસના કુલ ૧ લાખ ૨૬ હજાર જેટલા કેસ નોંધાયા છે. આ દેશમાં પરિસ્થિતી એટલી વીકટ બની ગઈ છે કે, અહીંયા હાલ ૧૧, ૯૪૭ લોકોના મોત પણ થઈ ચૂક્યા છે. જોકે, ૩૪ હજાર ૨૧૯ લોકો સાજા પણ થયા છે. જણાવી દઈએ કે, સ્પેનમાં દિવસે-દિવસે અહીંયા કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. જેના કારણે લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સાથે જ સ્પેનની સરકારે લોકોને બીનજરૂરી ઘરની બહાર નીકળવાની પણ ના પાડી છે. દુનિયામાં ઈટલી અને અમેરિકા બાદ સ્પેનમાં જ સૌથી વધારે લોકોના મોત થયા છે. જેથી સ્પેનને પણ હાલ પુરતુ લોકડાઉન કરી દેવામાં આવ્યુછે. સ્પેનમાં અત્યાર સુધીમાં કુલ ૧,૨૬,૧૬૮ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થયા છે અને ૧૧,૯૪૭ લોકોના મોત થઈ ચૂક્યા છે.

નિજામુદ્દીનમાં જે થયું તે દુઃખદ છે, પણ કોઈ સમુદાયને નિશાન ન બનાવોઃ આંધ્ર મુખ્યમંત્રી

કોઈ પણ રોગને હળવાશથી ન લો, વાયરસ કોઈ ધર્મને જોતો નથીઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈ

દેશમાં કોરોનાવાયરસના ચેપગ્રસ્તની સંખ્યા ૩ હજાર પર પહોંચી ગઈ છે અને આવી સ્થિતિમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર એક થઈને લોકોને રોગચાળા સામે લડવાની અપીલ કરી રહી છે. દિલ્હીમાં તબલિઘ જમાતના કારણે ૧૭ રાજ્યોમાં કોરોના ફેલાયા બાદ લોકો જમાતના ઈરાદા પર સવાલ ઉઠાવી રહ્યા છે. દરમિયાન આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીએ સંકટ સમયે જાતિ-ધર્મને અલગ રાખવાની અપીલ કરી છે. તે જ સમયે, મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે કોઈ પણ આ રોગને હળવાશથી ન લે, આ વાયરસ કોઈના ધર્મને જોતો નથી.

મહારાષ્ટ્ર સરકારે તબલિઘી જમાતના કાર્યક્રમની મંજુરી રદ કરી

મહારાષ્ટ્રમાં કોરોનાના ૬૦૦થી વધુ ચેપગ્રસ્ત મળી આવ્યા છે અને ૩૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. શનિવારે મુખ્ય પ્રધાન ઉદ્ધવે કહ્યું કે, અમે નથી ઇચ્છતા કે તે મહારાષ્ટ્રમાં એવું થાય જેવું દિલ્હીમાં થાય છે. તબલીઘી જમાતના કાર્યક્રમને પહેલા મંજુરી આપવામાં આવી હતી, પરંતુ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પછીથી પરવાનગી રદ કરવામાં આવી છે. દિલ્હીના માર્કાઝમાં જોડાનારા તમામ લોકોનો મહારાષ્ટ્રનો પત્તો લાગ્યો છે. કોરોનાની જેમ, આપણી પાસે પણ કોમી વાયરસ છે. ખોટા સંદેશાઓ ફેલાવવા અને મનોરંજન માટે તબલીઘી જેવી ઘટનાઓની વિડિઓ અપલોડ કરવા માટે કોરોનાને હાથો ના બનાવો. આ વાયરસ કોઈના ધર્મને જોતો નથી.

કોરોના સામે લડાઈમાં એકતા બતાવવી જરૂરીઃ જગન

આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન રેડ્ડીએ કહ્યું કે, રાજ્યના ઘણા લોકો તબલીગી જમાતની સંસ્થામાં ભાગ લઈને પાછા ફર્યા છે, તેમાંના કેટલાકને ચેપ પણ લાગ્યો છે. પરંતુ તે કહેવું યોગ્ય નથી કે ચેપ કોઈ ખાસ સમુદાયમાં ફેલાય છે. જે દિલ્હીમાં થયું તે દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. ઈરાદાપૂર્વક ચેપ ફેલાવવા અને લોકો સામે ભેદભાવ રાખવા માટે કોઈ કારણ નથી. તેથી જ હું તમામ લોકોને જાતિ અને ધર્મને એક બાજુ રાખીને કોવિડ -૧૯ સાથે એકતાપૂર્વક લડવાની અપીલ કરું છું. રવિવારે રાત્રે નવ વાગ્યે વડા પ્રધાન મોદીના અભિયાનમાં જોડાઈને એકતા બતાવો.

વિશ્વમાં ૬૪૭૨૯ના મોત,ન્યૂયોર્કમાં ૨૪ કલાકમાં ૬૩૦ લોકો મોતને ભેટ્યા

કોરોના વાયરસ સામે અમેરિકા બેબસઃ ૮૪૦૦ લોકોના મોત

અમેરિકામાં વાયરસથી સંક્રમિતોનો આંકડો ૩ લાખને પાર



વોશિંગ્ટન

દુનિયાભરમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ૧૨ લાખ થઈ ગઈ છે. ૬૪ હજાર ૬૯૧ લોકોના મોત થયા છે. ત્યાંજ ૨ લાખ ૪૬ હજાર દર્દીઓ સ્વસ્થ પણ થઈ ગયા છે. સૌથી વધારે પ્રભાવિત અમેરિકામાં અત્યાર સુધી ૮,૪૦૦ લોકોના મોત થઈ ગયા છે. અહિંયા સંક્રમણના ૩ લાખથી વધારે કેસ નોંધાયા છે. દેશમાં કોરોનાનું એપિસેન્ટર માનવામાં આવતા ન્યૂયોર્કમાં ૨૪ કલાકમાં ૬૩૦ લોકોના મોત થયા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું છે કે, આગામી બે અઠવાડિયામાં અનેક લોકોના મોત થઈ શકે છે.

કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસોમે શનિવારે જણાવ્યું કે, ૧૨ હજારથી વધુ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. શનિવારે વ્હાઈટ હાઉસમાં પ્રેસ બ્રીફિંગમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, શનિવારે દેશમાં લગભગ ૩૪ હજાર નવા કેસ સામે આવ્યા છે.

ઈટાલીમાં કોરોના વાયરસના અત્યાર સુધી ૧,૨૪,૬૩૨ કેસ નોંધાયા છે. જ્યારે ૧૫,૩૬૦થી વધુ લોકોના મોત થયા છે. ઈટાલીમાં વીતેલા ૨૪ કલાકમાં ૬૮૧ લોકોના મોત થયા છે. નાગરિક સુરક્ષા વિભાગના એન્જેલ બોરેલીએ જણાવ્યું હતું કે, શુક્રવારની તુલનામાં કોરોના વાયરસના ૨,૮૮૬ નવા કેસ સામે આવ્યા છે. ૨૯,૦૧૦ લોકોને હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. દેશમાં અત્યાર સુધી ૨૦,૯૯૬ દર્દી સ્વસ્થ થઈ ગયા છે.

ઈન્દોરના જે વિસ્તારમાં ડૉક્ટરોની ટીમ પર થયો હતો હુમલો, ત્યાંથી નીકળ્યા ૧૦ કોરોના પોઝિટિવ

ઈન્દોર

મધ્યપ્રદેશના ઈન્દોરમાં જે ટાટપટ્ટી બાખલ વિસ્તારમાં કોરોના શંકાસ્પદને જોવા ગયેલી ડૉકટર્સની ટીમ પર પથ્થરમારો કર્યો હતો તે વિસ્તારમાંથી કોરોનાના ૧૦ પોઝિટીવ દર્દી નીકળ્યા છે. આ એ જ વિસ્તાર છે જ્યાં ૧ એપ્રિલના રોજ સ્વાસ્થ્યકર્મીઓની ટીમ પર લોકોએ પથ્થરમારો કર્યો હતો.

સ્વાસ્થ્ય વિભાગની તરફથી મોડી રાત્રે રજૂ કરવામાં આવેલા મેડિકલ બુલેટિનના મતે ૩ અને ૪ એપ્રિલના રોજ મોકલવામાં આવેલા સેમ્પલમાંથી ૧૬ પોઝિટીવ દર્દી આવ્યા છે. ૧૬માંથી ૧૦ લોકો ટાટપટ્ટી બાખલ વિસ્તારનો છે. જ્યાં પથ્થરમારો થયો હતો. તેમાં ૫ પુરુષ અને ૫ મહિલાઓ છે. તેમની ઉંમર ૨૯ વર્ષથી ૬૦ વર્ષ સુધીની છે.

ઈન્દોરનો આ એ જ વિસ્તાર છે જ્યાં ૧ એપ્રિલના રોજ સ્ક્રીનિંગ કરવા ગયેલી સ્વાસ્થ્ય વિભાગની ટીમ પર પથ્થરમારો થયો હતો ત્યારબાદ દેશભરમાં આ ઘટનાનીન નિંદા થઈ હતી. બાદમાં ડૉકટર્સ પર હુમલો કરનારને કલેકટરે એકશન લઈ જેલમાં મોકલી દીધા હતા.

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાયો વિસ્તૃત ભરોસો - સુરતથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

અખબાર (દા.)

R.N.I. NO. GUJ.GUJ.2004/15636
Gujarat Govt.accrr.no WE0335001
ISO:9001-2015 : 1718Q27021115

13, Pritamnagar Society, No. 1, Kasak, Bharuch
Office : 9904733000, 9978406923
Surat Office : 7574888861
Email : jung_e_gujarat@yahoo.com
Web Site : www.jungejugarat.in

હાલની કપરી પરિસ્થિતિમાં અન્ન દાન એક શ્રેષ્ઠ દાન છે માટે હું ધનંજય ઝવેરી તંત્રી જંગ એ ગુજરાત અખબાર આપ સૌ ને અમારા તરફથી શરૂ થયેલ આ અન્નદાન ના મહાયજ્ઞ માં આપનો સહકાર જરૂરી છે તો સહભાગી બનવા વિનંતી

ફોનપે/ ગુગલપે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫

Dhananjay U. Zaveri
Act No. 10373843634
State Bank of India
Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

આપનો વિશ્વાસુ
(ધનંજય ઝવેરી)
ના સ્નેહ વંદન

Surat Office : 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, Surat.

ગૃહ મંત્રાલયના સલાહકાર, સીઆરપીએફના ડીજી અને વાયુસેનાના ૩ જવાન ક્વૉરન્ટીન થયા

કોરોનાઃ દેશમાં કુલ ૩૬૭૮ પોઝિટિવ કેસ,૭૮ લોકોના મોત

સતત બીજા દિવસે ૫૬૦થી વધુ રિપોર્ટ પોઝિટિવ આવ્યા, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૪૭ દર્દીઓ વધ્યા

ન્યુ દિલ્હી

કોરોનાવાઈરસના સંક્રમિતોના સંપર્કમાં આવ્યા બાદ ગૃહ મંત્રાલયના સલાહકાર કે વિજય કુમાર અને સીઆરપીએફના ડાયરેક્ટર જનરલ એ પી માહેશ્વરીએ પોતાને ક્વૉરન્ટીન કરી લીધા છે. તેઓ તાજેતરમાં જ કોરોનાવાઈરસના સંક્રમિતોના સંપર્કમાં આવ્યા હતા. એરફોર્સના ૩ જવાનોને પણ ક્વૉરન્ટીન કરવામાં આવ્યા છે. તેમાંથી એક જવાન મધ્ય માર્ચમાં દિલ્હીના નિજામુદ્દીન વિસ્તારમાં ગયો હતો, જ્યાં તે સમયે તબલીઘ જમાતનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. જોકે વાયુસેનાએ કહ્યું છે કે આ જવાન આ કાર્યક્રમમાં સામેલ થયો હતા કે નહિ, તે તપાસનો વિષય છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા શનિવારે જણાવવામાં આવ્યું હતું કે દેશમાં તબલીઘી જમાત સાથે જોડાયેલા ૨૨ હજાર લોકોને ક્વૉરન્ટીન કરવામાં આવ્યા છે. દેશના સ્વાસ્થ્ય વિભાગના આંકડાઓના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં ૩૬૭૮ પોઝિટિવ કેસ પ્રકાશમાં આવ્યા છે. જ્યારે ૭૮ લોકોના મોત થયા છે.

દેશમાં કોરોનાવાઈરસના કારણે રવિવારે ચાર લોકોના મોત થયા છે. તામિલનાડુમાં બે, રાજસ્થાનમાં અને ગુજરાતમાં એક-એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. તેની સાથે જ દેશમાં મરનારનો આંકડો ૧૦૯એ પહોંચી ગયો છે. તમિલનાડુના ચેન્નાઈમાં આજે સવારે ૬૦ વર્ષના વૃદ્ધ અને રામનાથપુરમાં ૭૧ વર્ષના વ્યક્તિનું મોત થયું છે. બંનેને બુધવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે એડવાઈઝરી ઈસ્યુ કરી

બીજી તરફ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે કોરોના ટેસ્ટને લઈને એડવાઈઝરી ઈસ્યુ કરી છે. આઈસીએમઆરએ તે સેન્ટર્સ અને કલસ્ટર્સમાં સંક્રમણની તપાસ માટે એન્ટીબોડી આધારિત બ્લડ ટેસ્ટ કરવાના નિર્દેશ આપ્યા છે, જ્યાં મોટી સંખ્યામાં બીજા દેશોમાંથી લાવવામાં આવેલા ભારતીયોને રાખવામાં આવ્યા છે.

સીઆરપીએફના ડીજીએ ખુદને ક્વોરેન્ટાઈન કર્યા

સીઆરપીએફના ડીજી એપી માહેશ્વરીએ ખુદને ક્વોરેન્ટાઈન કરી લીધા છે. તે એક ડોક્ટરના ઈનડાયરેક્ટ કોન્ટેક્ટમાં આવ્યા હતા, જે હાલમાં પોઝિટિવ આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, સીઆરપીએફના એક ઓફિસર ૩૧ માર્ચે સંક્રમિત થયા હતા. તેના સંપર્કમાં આવનારા તમામ જવાનોને ક્વોરેન્ટાઈન કરી દેવામાં આવ્યા છે.

ધો.૧૦-૧૨માં બોર્ડની બાકીની પરીક્ષાઓ હવે નહિ થાયઃ સીબીએસઈનો નિર્ણય

ન્યુ દિલ્હી

લોકડાઉનના કારણે પરીક્ષાઓની ચિંતામાંથી રાહત આપવાનો નિર્ણય સીબીએસઈ દ્વારા કરવામાં આવ્યો છે. વોકેશનલ સહિત અલગ અલગ વિષયોની ૧૦મા અને ૧૨માં ધોરણ બોર્ડની પરીક્ષાઓ હવે નહીં થાય. લોકડાઉનના કારણે સીબીએસઈ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. દસમા અને બારમા સિવાય ધોરણ ૧ થી ૯ અને ૧૧માના વિદ્યાર્થીઓની પરીક્ષા માટે પણ બોર્ડ તરફથી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આ નિર્ણયથી ૩૧ લાખ વિદ્યાર્થીઓને રાહત મળી છે.

આ પરીક્ષાઓના રિઝલ્ટને લઈને બાળકો અને તેમના પેરેન્ટ્સ ચિંતામાં હતા. સીબીએસઈના પીઆરઓએ જણાવ્યું કે કોરોનાવાયરસના કારણે બગડી રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માનવ સંસાધન વિકાસ મંત્રાલય તરફથી ૧૦મા અને ૧૨મા ધોરણની પરીક્ષાને લઈને મોટા નિર્ણય કરવામાં આવ્યા છે.

૧૦મા બોર્ડના વિદ્યાર્થીઓની હવે બાકીના વિષયોની પરીક્ષા નહીં થાય. તેમના મુખ્ય વિષયોની પરીક્ષા યોજાઈ ગઈ હતી. માત્ર વોકેશનલના અમુક વિષય બાકી રહી ગયા હતા. ૧૨ બોર્ડના વિદ્યાર્થીઓના પણ અમુક વિષયો હજુ બાકી હતા. તેમાંથી મુખ્ય વિષયોની પરીક્ષા થશે જે વિદ્યાર્થીઓને ઉચ્ચ સંસ્થાનોમાં દાખલા માટે જરૂરી છે. સીબીએસઈ પીઆરઓ સતીશ કુમારે જણાવ્યું કે બચેલા વિષયોની બોર્ડની પરીક્ષા આયોજિત કરવાના ૧૦ દિવસ પહેલા કેન્દ્રને સૂચિત કરવામાં આવશે.

કોરોનાની અસર : બીજા વિશ્વ યુધ્ધ બાદ હવે સૌથી વધારે સાફ થયું ધરતીનું વાતાવરણ

કોરોના વાયરસને કારણે લાખો લોકોને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. પરંતુ કોરોના વાયરસના કારણે લોકડાઉનથી પૃથ્વી ખૂબ જ ફાયદો કરી રહી છે. ધરતી હવે વધુ શુધ્ધ હવા શ્વાસ લેવામાં સક્ષમ છે. આવી સ્વચ્છ હવા અંદાજે ૭૫ વર્ષ પછી પૃથ્વી પર જોવા મળી છે. અગાઉ, બીજા વિશ્વ યુદ્ધનાં સમયે આટલી સ્વચ્છ હવા થઈ હતી.

હવે વૈજ્ઞાનિકોને આશા રાખે છે કે બીજા વિશ્વ યુદ્ધ પછી, આ પહેલીવાર બનશે કે જ્યારે કાર્બનનું ઉત્સર્જન પૃથ્વી પર સૌથી ઓછું હશે. એટલે કે, લોકડાઉન કોરોના કારણે લાદવામાં આવ્યું છે. લોકડાઉનથી સમગ્ર વિશ્વમાં કાર્બન ઉત્સર્જન ઘટી ગયું છે.

ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટના વડા રોબ જેક્સને કહ્યું છે કે આ વર્ષે કાર્બન ઉત્સર્જનમાં ૫%નો ઘટાડો થવાની ધારણા છે. અગાઉ, ૨૦૦૮ની આર્થિક મંદી દરમિયાન, કાર્બન ઉત્સર્જન ઘટીને ૧.૪% થઈ ગયું હતું. રોબ જેક્સન કેલિફોર્નિયાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. રોબ જેક્સને કહ્યું કે બીજા વિશ્વ યુદ્ધ સમયે ઘણા દેશો બંધ હતા. બજારો, ટ્રાફિક, ઉદ્યોગો બંધ રહ્યા હતા. તેથી, હવામાં પ્રદૂષણનું સ્તર ઘણું ઓછું થયું હતું. ત્યારે આવો જ નજારો જોવા મળી રહ્યો છે.

રોબે કહ્યું હતું કે સોવિયત યુનિયનના ભંગાણ દરમિયાન, અથવા તેલ સંબંધિત કટોકટી દરમિયાન કાર્બનનું ઉત્સર્જન આટલા નીચલા સ્તરે ક્યારેય નહોતું થયું. કોરોના વાયરસ દુર્ઘટના દરમિયાન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો એ એક નાના સારા સમાચાર છે. રોબ જેક્સને કહ્યું કે, પરંતુ પ્રદૂષણમાં ઘટાડો હંગામી છે. જલદી જ લોકડાઉન ઉઠાવી લેવામાં આવશે, ત્યારબાદ આપણે ફરીથી તે ગંદા વાતાવરણમાં જીવવા મજબૂર થઈ જઈશું. આપણી ધરતી પણ પ્રદૂષિત હવામાં શ્વાસ લેશે. પરંતુ તેને ધીમે ધીમે ઘટાડવાની જરૂર છે.

પૂર્વી ઈંગ્લેંડની પૂર્વ એંગ્લિઆ યુનિવર્સિટીની પર્યાવરણવિદ કોરિને લે ક્વેરે જણાવ્યું હતું કે હાલમાં જે સારું પરિવર્તન દેખાઈ રહ્યું છે, જ લોકડાઉન હટાવતા ફરી એજ જગ્યાએ પાછું ફરી જશે. એટલે કે, થોડા દિવસો જ પૃથ્વી સ્વચ્છ હવા શ્વાસ લેશે. કોરિને લે ક્વેરે જણાવ્યું હતું કે ૨૦૦૮ની આર્થિક મંદી પછી પૃથ્વી પર ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં આશ્ચર્યજનક ઘટાડો થયો હતો. પરંતુ તે પછી તે વધીને ૫.૧% થઈ ગયો. લોકડાઉનને કારણે ચીનમાં પ્રદૂષણનું પ્રમાણ અને કાર્બનનું ઉત્સર્જન ૨૫% ઘટ્યું છે.

ગયા વર્ષે નવેમ્બરમાં, સંયુક્ત રાષ્ટ્રએ એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો કે જો દર વર્ષે વૈશ્વિક ઉત્સર્જનમાં ૭.૬% નો ઘટાડો થાય છે, તો ગ્લોબલ વોર્મિંગમાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે જો આ વર્ષે કોરોના વાયરસ લોકડાઉનને કારણે કાર્બનનું ઉત્સર્જન ૧૦ થી ૨૦ ટકાનો ઘટાડો આવે છે તો પણ તે લાંબા સમય સુધી ટકી શકશે નહીં. કારણ કે ૨૦૨૧ ની શરૂઆતમાં તે ફરીથી વધવા માંડશે, જે ચિંતાનો વિષય છે.

વડાપ્રધાન મોદીની મજાક ઉડાવનાર અધિકારી સસ્પેન્ડ

ભોપાલ

પીએમ મોદીએ આજે કોરોના સામેની લડાઈમાં રાતે નવ વાગ્યે નવ મિનિટ માટે દીપ પ્રગટાવવાની કરેલી અપીલની મજાક ઉડાવવાનુ સરકારના એક અધિકારીને ભારે પડી ગયુછે. મધ્યપ્રદેશના મહિલા તેમજ બાળ વિકાસ મંત્રાલયના જોઈન્ટ ડાયરેક્ટર સુરેશ તોમરે ફેસબૂક પર આ અપીલની મજાક ઉડાવી હતી. તેમણે ફેસબૂક પર લખ્યુ હતુ કે, સર તમે એક વખત અમને ટાઈમ ટેબલ આપી દો કે ક્યારે શું પ્રગટાવવાનુ છે અને બુઝાવવાનુ છે. કારણકે અમારામાં અકક્લ તો છે નહી.બીજી એક પોસ્ટમાં તેમણે લખ્યુ હતુ કે, ભાડમાં જાય કોરોના કાઈસિસ, સર તમે તો કોરોનાની મજા લઈ રહ્યા છો. દરમિયાન આ પોસ્ટ રાતોરાત ચર્ચાનો વિષય બનતા અધિકારી સુરેશ તોમરે પોતાની તમામ પોસ્ટ ડિલિટ કરી હતી. જોકે મધ્યપ્રદેશ સરકારે અધિકારી સામે કાર્યવાહી કરીને તેમને સસ્પેન્ડ કરી દીધા છે.

રોહિત શર્મા અને વોર્નર દુનિયાના સૌથી બેસ્ટ ટી-૨૦ ઓપનરઃ ટૉમ મૂડી



મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓલરાઉન્ડર ટૉમ મૂડીએ શનિવાર ભારતના રોહિત શર્મા અને સાથી ઓસ્ટ્રેલિયન ખેલાડી ડેવિડ વોર્નરને ટી-૨૦માં સૌથી બેસ્ટ ઓપનર્સ ગણાવ્યા હતા. મૂડી જાણીતા કોચ અને કોમેન્ટેટર છે.

એક સવાલના જવાબમાં મૂડીએ ચેન્નઈ સુપર કિંગ્સને પોતાની ફેવરિટ આઈપીએલ ટીમ અને મહેન્દ્રસિંહ ધોનીને પોતાનો ફેવરિટ કેપ્ટન ગણાવ્યો હતો. જ્યારે મૂડીને ટીમ-૨૦માં સર્વશ્રેષ્ઠ ઓપનિંગ બેટ્સમેન અંગે પૂછવામાં આવ્યુ તો તેમણે કહ્યું કે, ખૂબ મુશ્કેલ છે પરંતુ હું ડેવિડ વોર્નર અને રોહિત શર્માનું નામ લઈશ.

ભારતમાં ક્રિકેટની અપાર પ્રતિભાઓ છે પરંતુ મૂડીને લાગે છે તેમાં શુભમન ગિલ સૌથી સારો છે. ગિલે ભારત માટે બે વન-ડે રમી છે અને ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવ્યું હતું પરંતુ પ્લેઈંગ ઈલેવનમાં તક મળી નહોતી. મૂડી અનેક આઈપીએલ ટીમોને કોચિંગ આપી ચૂક્યા છે. તેમનું માનવું છે કેન્યૂઝિલેન્ડના કેપ્ટન કેન વિલિયમ્સનની ક્રિકેટની સમજ સારી છે અને તેમનો ફેવરિટ ભારતીય ફિલ્ડર રવિન્દ્ર જાડેજા છે. પસંદગીનો ભારતીય ખેલાડી પૂછવા પર મૂડીએ કેપ્ટન કોહલીનું નામ લીધું હતું.

સેલેબ્સના ખાવા બનાવવાના વીડિયો મુદ્દે સાનિયા મિર્ઝા ભડકી



મુંબઈ

દેશભરમાં ચાલી રહેલા લૉકડાઉનને લઈને દેશની મોટી મોટી હસ્તીઓ અને બૉલીવુડ સેલિબ્રિટીઓઓ પણ પોતાના કામ ઠપ કરી દીધા છે. દરેક વ્યક્તિ હાલ પોતાના ઘરમાં છે. પોતાના ઘરમાં રહીને કેટલીક સેલિબ્રિટીઓ સોશ્યલ મીડિયા પર કેટલાક વીડિયો શેર કરે છે. આ મામલે સાનિયા મિર્ઝા ભડકી છે.

ભારતીય મહિલા ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા બૉલીવુડની હસ્તીઓને આડેહાથે લેતા એક પૉસ્ટ શેર કરી છે. સાનિયાએ આ પૉસ્ટ મારફતે એવા લોકોને ખખડાવ્યા છે, જે લોકો લૉકડાઉનના સમયે ખાવા બનાવવાના કે ભોજનના વીડિયો શેર કરી રહ્યાં છે.

સાનિયા મિર્ઝાએ એવા લોકો માટે સોશ્યલ મીડિયા પર લખ્યું- ખાવાનુ બનાવવાના વીડિયો અને તસવીરો પૉસ્ટ કરીને શું હજુ સુધી આપણુ મન નથી ભરાયુ. માત્ર આટલુ જ કહેવુ જ હતુ કે સેંકડો, હજારો લોકો એવા છે, જે ખાસ કરીને અમારી પાસે આ દુનિયામાં જે ભૂખના કારણે મરી રહ્યાં છે, અને દિવસભર ખાવા માટે સંઘર્ષ કરી રહ્યાં છે, જો તેમનુ નસીબ હોય તો તેમને એક સમયનુ ખાવાનુ મળે.


કહ્યું- હીરોઝ રોજ ભેગા થઈ રહ્યા છે માર્ક રફેલોએ 'એવેન્જર્સ' અંદાજમાં હેલ્થકેર વર્કર્સનો આભાર માન્યો



લૉસ એંજલ્સ

મહામારી કોરોના વાઈરસ સામે લડવા માટે સમગ્ર દુનિયા એક થઈ ગઈ છે. હેલ્થકેર વર્કર્સ પોતાના જીવના જોખમે દર્દીઓની સારવાર કરી રહ્યા છે. આ સમયમાં 'એવેન્જર્સ એન્ડગેમ'માં હલ્કનો રોલ પ્લે કરનાર એક્ટર માર્ક રફેલોએ અલગ અંદાજમાં ડોક્ટર્સ, નર્સનો આભાર માન્યો છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર 'એવેન્જર્સ એન્ડગેમ'નો એક સીન પોસ્ટ શેર કરીને તમામ હેલ્થકેર વર્કર્સનો આભાર માન્યો છે. આ સીન ફિલ્મનો ફાઈનલ બેટલનો સીન છે જેમાં થાનોસ તેની સેના સાથે આવે છે. વિલનને વળતો જવાબ આપવા સુપરહિરોઝ માસ્ક પહેરીને હેલ્થકેર વર્કર્સના રૂપમાં તૈયાર છે. તેમણે આ પોસ્ટમાં કોરોના વાઈરસ સામે લડી રહેલ ડોક્ટર્સને સુપરહીરો ગણાવ્યા છે. તેમણે કેપ્શનમાં લખ્યું હતું કે, હીરોઝ રોજ એકસાથે આવી રહ્યા છે.

મુકેશ ખન્નાનું સોનાક્ષી પર નિશાનઃ આ માટે રામાયણ-મહાભારત ફરી પ્રસારણ થયું






મુંબઈ

દેશના પહેલા સુપરહીરો 'શક્તિમાન'ના રૂપમાં ફેમસ મુકેશ ખન્નાએ હાલમાં જ 'મહાભારત' અને 'રામાયણ'ના ફરીથી પ્રસારણ પર અભિનેત્રી સોનાક્ષી સિન્હા પર કટાક્ષ કર્યો હતો.તેમણે કહ્યું કે, આ લોકો માટે ફરીથી પ્રસારિત કરવામાં આવી રહ્યું છે, જેને તેના વિશે કોઈ જાણકારી નથી.

મહત્વનું છે કે, ડીડી પર પ્રસારિત થનારા મોસ્ટ પોપ્યુલ ટીવી શો 'મહાભારત'માં અભિનેતાએ પણ ભીષ્મ પિતામહની મહત્વની ભૂમિકા ભજવી હતી. બીઆર ચોપડાના 'મહાભારત'ને ૨૧ દિવસના લૉકડાઉન દરમિયાન ડીડી નેશનલ પર પ્રસારિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.આ વિશે મુકેશ ખન્નાએ કહ્યું કે, 'મને લાગે છે કે, ફરીથી પ્રસારણ કેટલાય લોકો માટે ફાયદાકારક હશે, જેમણે પહેલા શો જોયો નથી. તેનાથી સોનાક્ષી સિન્હા જેવા લોકોને પણ મદદ મળશે જેને આપણી પૌરાણિક ગાથાઓ વિશે કોઈ જાણકારી નથી. તેના જેવા લોકો જાણતા નથી કે, હનુમાને કઈ રીતે સંજીવની આપી હતી. એક વીડિયો જે વાઈરલ થઈ રહ્યો છે, જ્યાં અમુક છોકરાઓને પૂછવામાં આવ્યું કે, કંસ કોના મામા હતા અને તેના જવાબથી સૌ ડરી ગયા હતા. અમુકે કહ્યું દુર્યોધન, બીજાએ કંઈક અલગ જ કહ્યું હતું. તેમને પૌરાણિક કથાઓ વિશે કોઈ જ જાણકારી નથી.'

અભિનેત્રી કનિકા કપૂરનો છઠ્ઠો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો



લખનૌ

લંડનથી ભારત પરત ફર્યા બાદ કોવિડ-૧૯થી સંક્રમિત થયેલી બોલીવુડની ગાયિકા કનિકા કપૂરનો આખરે છઠ્ઠો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. લખનઉ સ્થિત સંજય ગાંધી પોસ્ટ ગ્રેજ્યુએટ ઈનસ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના ડાયરેક્ટર પ્રોફેસર આર.કે. ધીમાને કહ્યું, તેનો રિપોર્ટ હવે નેગેટિવ આવ્યો છે. પરંતુ તેને ઘરે જવાની મંજૂરી આપતા પહેલા અમે વધુ એક ટેસ્ટ કરીશું. જો તેનો બીજો ટેસ્ટ પણ નેગેટિવ આવે છે તો કનિકાને આ સપ્તાહે ઘરે જવાની મંજૂરી આપી શકાય છે. પરંતુ હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ કનિકાની મુશ્કેલી વધવાની સંભાવના છે.

કોરોના વાયરસથી સંક્રમિત હોવા અને શહેરમાં ખુદને આઈસોલેટ કરવાના અધિકારીઓએ આપેલા નિર્દેશો છતાં શહેરના વિભિન્ન સામાજીક કાર્યક્રમોમાં ભાગ લેવાને લઈને અને બેદરકારીના આરોપમાં કનિકા પર ત્રણ એફઆઈઆર નોંધવામાં આવી છે.



તંત્રી લેખ

કોરોનાને લઈ ઘણા ભ્રમ

કોરોના વાયરસે દેશ અને દુનિયાના ૨૦૫થી વધારે દેશોમાં ભારે આતંક મચાવી દીધો છે. આના કારણે દુનિયાના દેશમાં ૬૦ હજારથી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે અને લાખો લોકોને અસર થઈ છે. આવી સ્થિતીમાં આને લઈને કેટલાક ભ્રમની સ્થિતી પણ જોવા મળી રહી છે. કેટલીક અફવા પણ ફેલાયેલી છે. જેને દુર કરવામાં આવી રહી છે. નિષ્ણાંતો કહે છે કે કોરોના વાયરસ ઈન્ફેકશન શ્વસનનળીમાંથી આવનાર બુન્દોના કારણે ફેલાઈ જાય છે ખુનના કારણે તે ફેલાતો નથી. એવી ખોટી માન્યતા પણ પ્રવર્તી રહી છે કે ગરમ પાણી પિવાથી કોરાના વાયરસ શરીરમાં પ્રવેશ કરી શકતો નથી. જાણકાર લોકો એમ પણ કહે છે કે જો માર્કેટમાં સેનેટાઈજર મળતા નથી તો પરેશાન થવાની જરૂર નથી. પાણી અને સાબુથી પણ કામ ચલાવી શકાય છે. તે પણ એટલા જ અસરકારક છે. જાણકાર લોકો કહે છે કે એકબીજાથી છ ફુટના અંતર રાખીને આ કોરોના વાયરસથી બચી શકાય છે. વાયરસ અમારા ગળાથી થઈને શરીરમાં પ્રવેશ કરી શકે છે પરંતુ તે હોસ્ટ સેલ્સમાં પ્રવેશ કરી લે છે. તમે તેને પાણી પિને દુર કરી શકો નહીં. વધારે પાણી પીવાથી ફાયદા ચોક્કસપણે રહેલા છે.કોરોના વાયરસને રોકવા માટે સાફ સફાઈને ચોક્કસ પણે ભૂમિકા રહેલી છે. જેથી આસપાસ સ્વચ્છતા રાખવાની બાબત તો પ્રાથમિકતા રહેલી છે. હાથને વારંવાર નિયમિત ગાળામાં ધોતા રહેવાની સ્થિતીમાં ફાયદો થાય છે. કોરોના ટેસ્ટિગ માટે અમને બ્લડ ડોનેટ કરવાની જરૂર છે અને બ્લડ બેંક આ પ્રક્રિયા ચલાવી રહ્યા છે એવી પણ ચર્ચા છે. આવી ચર્ચા વચ્ચે જવાબ એ છે કે કોઈ પણ બ્લડ બેંક કોરોના તપાસ કરતા નથી. આવી સ્થિતીમાં આપના આ પ્રયાસ ફેલ હોઈ શકે છે. બ્લડ ડોનેશન એક સારુ કામ છે. આના માટે લોકોને જાગૃત કરવા માટે યોગ્ય રસ્તા શોધવા જોઈએ. તમામ પ્રકારની સાવધાની કોરોના વાયરસની સામે જરૂરી છે. લોકો હાલમાં એમ માની રહ્યા છે કે જેમ જેમ ગરમી વધારે પડશે તેમ તેમ કોરોનાની અસર ઓછી થશે. જો કે ગરમીના કારણે અથવા તો ઉંચા તાપમાનના કારણે કોરોનાના ફેલાવાને કોઈ અસર થઈ રહી છે તેમ માનવા માટે કોઈ કારણ નથી. કારણ કે કેટલાક દેશો તો એવા છે જ્યાં ખુબ ગરમી હોવા છતાં કોરોનાના કેસો સપાટી પર આવી રહ્યા છે. આવી જ રીતે કેટલીક ગેરસમજ માસ્કને પહેરાવા માટે રહેલી છે. કેટલાક લોકો હમેંશા માસ્ક પહેરીને રાખવા માટે કહે છે. જ્યારે કેટલાક લોકો અને નિષ્ણાંતોનુ કહેવુ છે કે માસ્કને સ્વસ્થ વ્યક્તિએ પહેરી રાખવા માટેની કોઈ જરૂર નથી. કોરોના વાયરસના હાહાકાર વચ્ચે જુદા જુદા પ્રકારની માહિતી આવી રહી છે. કોરોના સંબંધમાં કેન્દ્ર સરકાર, આરોગ્ય મંત્રાલય પાસેથી આવનાર માહિતી પર વધારે વિશ્વાસ રાખવામાં આવે તે જરૂરી છે. કેટલીક માહિતી ખુબ ખોટી અને ગેરમાર્ગે દોરનાર હોવાથી તે વધારે નુકસાન કરી શકે છે. જેથી હાલમાં અફવાથી બચવાની પણ તાકીદની જરૂર રહેલી છે.હાલમાં તો કોરોનાની સામે જંગમાં તમામ ધ્યાન આ બિમારીને પરાજિત કરવા પર કેન્દ્રિત રહેલી છે. ભારત સરકારની લડતની દુનિયામાં પ્રશંસા થઈ રહી છે.

ગરમ પાણી પીને કોરોનાને શરીરમાં પ્રવેશ કરતા રોકી શકાય છે કેમ તેની ચર્ચા જારી

પશ્ચિમ મિડિયાના એક હિસ્સામાં આવેલા હેવાલ બાદ ચર્ચા છે પણ

કોરોના વાયરસ લેબની ઉપજ નથી

ચીનના વુહાન શહેરમાંથી નિકળેલા સાર્સ-સીઓવી-૨ કોરોના વાયરસને લઈને પશ્ચિમ મિડિયાના એક હિસ્સામાં કહેવામાં આવ્યુ છે કે તે ચીનની પ્રયોગશાળામાં એક જૈવિક હથિયાર તરીકે વિકસિત કરવામાં આવ્યા બાદ તેને છોડી દેવામાં આવ્યો છે. આ સંબંધમાં વોટ્સ એપ મેસેજ પણ વાયરલ થઈ રહ્યા છે. જેથી સમગ્ર દુનિયામાં આની ચર્ચા જોવા મળી રહી છે. જો કે નેચર મેડિસીન પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે આ કોરોના વાયરસ કોઈ લેબની ઉપજ નથી. તેના કોઈ પુરાવા પણ મળ્યા નથી કે કોઈ પ્રયોગશાળામાં તેનુ નિર્માણ કરવામાં આવ્યુ છે અથવા તો તેમાં કોઈ અનુવાંશિક એન્જિનિયરિંગ કરવામાં આવી છે. અમેરિકાના સ્ક્રીપ્સ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં ઈમ્યુનોલોજી અને માઈક્રોબાયોલોજી પ્રોફેસર ક્રિસ્ટિયન એન્ડરસને કહ્યુ છે કે કોરોના વાયરસના જ્ઞાત કિસ્મોના જીન સિક્વેન્સિંગના સંબંધમાં ઉપલબ્ધ ડેટાની તુલના કરવામાં આવ્યા બાદ કહી શકાય છે કે આ વાયરસની રચના કુદરતી પ્રક્રિયાના કારણે થઈ છે. એન્ડરસન અને તેમના સાથીઓની એક ઉચ્ચસ્તરીય ટીમે વાયરસની ઉત્પતિ અને તેના ક્રમિક વિકાસને જાણવા માટે વાયરસના આનુવાંશિક ડેટામાં અભ્યાસ કર્યો છે. ત્યારબાદ કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. તેઓએ વાયરસના વિશિષ્ટ ફિચર્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. વૈજ્ઞાનિકોએ વાયરસના સ્પાઈક પ્રોટીનના કેટલાક પાસા પર ધ્યાન આપ્યુ છે. સ્પાઈક પ્રોટીનના આનુવાંસિક માળખામાં તપાસ કરવામાં આવી છે. સ્પાઈક પ્રોટીન વાયરસના બહારના હિસ્સામાં હોય છે. વાયરસ આ સરંચનાનો ઉપયોગ માનવી અને જન્તુ કોશિકાની દિવાળને પકડીને તેમા પ્રયાસ કરવાના પ્રયાસ કરે છે. વૈજ્ઞાનિકોની ટીમે સ્પાઈક પ્રોટીનના બે ખાસ ફિચર પર હાલમાં ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. હુક અને કેન ઓપનર જેવા ફિચરની મદદથી વાયરસ યજમાન કોશિકામાં પ્રવેશ કરી જાય છે. વૈજ્ઞાનિકોનુ કહેવુ છે કે સ્પાઈક પ્રોટીન જે કુશળતાની સાથે યજમાન કોશિકાની સાથે જોડાય છે તે જીન એન્જિનિયરિગથી નહીં બલ્કે કુદરતી પસંદગીની જ આવી શકે છે. કોરોના વાયરસની કુદરતી ક્રમિક વિકાસના પ્રમાણ વાયરસની સંપૂર્ણ આણ્વિક સરંચનાના ડેટાથી



આ વાયરસ પ્રાકૃતિક ક્રમિક વિકાસનુ પરિણામ હોવાનુ તારણ હવે બહાર આવ્યુ છે : કોઈ લેબમાં તૈયાર થયાના કોઈ પુરાવા મળ્યા નથી

એન્ડરસન અને તેની ટીમ દ્વારા આ વાયરસના આનુવાંશિક ડેટામાં અભ્યાસની કામગીરી હાથ ધરી છે. તેની ઉત્પતિના સંબંધમાં બે સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. એક સંભાવના એ વ્યક્ત કરવામા આવી છે કે આ વાયરસ કોઈ પ્રાણીમાં કુદરતી પસંદીના મારફતે પોતાની વર્તમાન રોગાકારક અવસ્થામાં પહોંચી ગયો હતો અને ત્યાંથી માનવીમાં પહોંચી ગયો છે. કોરોના વાયરસથી પહેલા સાર્સ અને મેર્સ મહામારી બિલાડી જેવા પ્રાણી સિવટ અને ઉંટથી માનવીના સીધા સંપર્કમાં આવવાના કારણે ફેલાઈ હતી. કોરોના વાયરસના કારણે દુનિયાના દેશોમાં ભારે હાહાકારની સ્થિતી રહેલી છે. કેસો અને મોતનો આંકડો દુનિયાના દેશમાં સતત વધી રહ્યા છે. કેસોની સંખ્યા લાખોમાં પહોંચી છે અને મોતનો આંકડો ૬૦ હજારથી ઉપર પહોંચી ગયો છે. અમેરિકા, ઈટાલી, સ્પેન અને ઈરાન સહિત તમામ યુરોપિયન દેશોની હાલત ખરાબ થયેલી છે. અમેરિકા જેવા સુપર પાવર દેશને પણ આનો તોડ મળી રહ્યો નથી. ભારત સહિતના તમામ દેશો પોત પોતાની રીતે લડત ચલાવી રહ્યા છે. કોઈ પણ દેશને કોરોના સામે લડવામાં સફળતા મળી રહી નથી. આવનાર દિવસો વધારે ખતરનાક હોઈ શકે છે તેવી વાત કરવામાં આવી રહી છે. અમેરિકામાં સૌથી વધારે ખરાબ હાલત થયેલી છે. કોરોનાને લઈને લોકો અને વૈજ્ઞાનિકો તેમજ તબીબો પણ ચિંતાતુર છે.

ચામાચિડિયુ કે વાગોડના વાયરસ સાથે મેળ છે

ચામાચિડિયુ મુખ્ય સોર્સ છે ?



સંશોધકોનુ કહેવુ છે કે સાર્સ સીઓવિ-૨ના મુખ્ય સોર્સ તરીકે ચામાચિડિયુ અથવા તો વાગોડ હોઈ શકે છે. કારણ કે તે ચામાચિડિયા અથવા તો વાગોડના કોરોના વાયરસથી મેળ ખાય છે. કારણ કે ચામાચિડિયાની સાથે માનવીના સીધા સંપર્કના કોઈ મામલા સપાટી પર આવ્યા નથી. રિસર્ચમાં વૈજ્ઞાનિકો દાવો કરે છે કે કોઈ મધ્યસ્થી પ્રાણીના માધ્યમથી આ કોરોના વાયરસ માનવી સુધી પહોંચી ગયો છે. બીજી શક્યતા એ રહેલી છે કે આ વાયરસ પોતાના યજમાન પ્રાણીના માધ્યમથી માનવીમાં પ્રવેશી ગયા બાદ રોગજનક તરીકે બન્યો છે. સાર્સ સીઓલી-૨ની રચનામાં હુક જેવા ફિચર પૈગાલિનના કોરોના વાયરસના ફિચર સાથે મળે છે. એવુ શક્ય છે કે આ વાયરસ પૈગોલિનથી સીધી રીતે અથવા તો સિવટ અને ફેરેટ (બિલાડી જેવા જાનવર)ના માધ્યમથી માનવીમાં પ્રવેશ કરી ગયો છે. અભ્યાસના સહ લેખક રેમબો દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે જો આ વાયરસ રોગકારક અવસ્થામાં માનવી સુધી પહોંચી ગયો છે તો ભવિષ્યમાં આ પ્રકારની મહામારી ફેલાઈ શકે છે. કારણ કે વાયરસની આવી જાતિ પ્રાણીઓની વસ્તીમાં ફરી રહી હશે. આ બિમારી ફરીથી માનવીમાં પ્રવેશ કરી શકે છે. કોરોના વાયરસની ઉત્પતિને લઈને પણ જાણવા માટે દુનિયાના વૈજ્ઞાનિકો મથામણ કરી રહ્યા છે. સૌથી મોટી બાબત એ છે કે હજુ સુધી તેની કોઈ દવા અને સારવારની રીત શોધાઈ નથી. જેથી સુપરપાવર અમેરિકા સહિતના દેશો માટે સમસ્યા ગંભીર બની ગઈ છે. હાલત ખરાબ થઈ રહી છે. ચામાચિડિયુ અથવા તો વાગોડ જ મુખ્ય સોર્સ છે તે બાબત બાબત પણ સત્તાવાર રીતે જાહેર થઈ નથી. હાલમાં તો માનવીને બચાવી લેવા પર ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યુ છે. જે તમામ દેશોની પ્રાથમિકતા છે.

સરળ રીતે ઉપલબ્ધ પોર્ન સામગ્રીની માઠી અસર

યુવા પેઢી વિકૃત સેક્સ તરફ

ઈન્ટરનેટ મારફતે એક બાજુ તમામ પ્રકારની માહિતી મળવા લાગી ગઈ છે પરંતુ સાથે સાથે તેના મારફતે ઘણી કુટેવ પણ લોકોમાં ફેલાઈ ગઈ છે. યુવા પેઢી ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ પોર્ન સામગ્રીથી ખૂબ જ પ્રભાવિત છે. યુવા પેઢી આના સંકંજામાં આવી ગઈ છે જેથી કુદરતી સેક્સ સંબંધોના બદલે સેક્સના વિકૃત સ્વરૂપને પસંદ કરી રહ્યા છે. આ સંબંધમાં જ્યારે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે બ્રિટનમાં રહેનાર એક ૧૯ વર્ષીય યુવતીએ કહ્યું હતું કે ઈન્ટરનેટ ઉપર ચાલી રહેલી પોર્ન સાઈટોના પ્રભાવ ખૂબ જ ખતરનાક છે. તેના કહેવા મુજબ સેક્સની શરૂઆતથી જ પુરુષોના દિમાંગમાં પોર્ન સાઈટોના દશ્ય અથવા તો સીન ઊભરવા લાગી જાય છે. આ લોકો સેક્સ વીડિયો અંગે વિચારતા થી જાય છે. આ યુવતીએ એમ પણ કહ્યું હતું કે પુરુષોમાં આ પ્રકારની ટેવ હવે મોટાભાગે સામાન્ય બની ગઈ છે. વિકૃત સેક્સને લઈને સર્વેમાં મોટાભાગના લોકોએ પોતાની પ્રતિક્રિયા સ્પષ્ટપણે આપી છે. કેટલાક લોકોનું કહેવું છે કે પ્રેમીને સેક્સવેળા નારાજ કરવાની બાબત કોઈપણ ચલાવી લે તેમ નથી. પોર્ન સાઈટોના સીન મોટાભાગે યુવાપેઢીના દિલોદિમાંગ ઉપર છવાયેલા રહે છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે ખૂબસુરત અને ફિટનેશ ધરાવતી યુવતીઓ હોય છે જેથી યુવા પેઢી પણ આ યુવતીઓને આ પ્રકારની પુરુષોથી પ્રભાવિત હોય છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે કેમેરાની કરામત હોય છે. પરંતુ યુવા પેઢી આ બાબતથી વાકેફ હોતી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે પોર્ન સાઈટ મારફતે સેક્સની રમત રમી શકાય છે પરંતુ આનંદની લાગણી લેવી અશક્ય છે. યુરોપમાં ઘણી નાઈટ ક્લબ અને સોશિયલ ફ્રેન્ડશીપ ક્લબમાં ખુલ્લી રીતે ગ્રુપ સેક્સ માટે રજિસ્ટ્રેશન થાય છે. કારણ કે આધુનિક સમયમાં યુવાનો પોર્ન સાઈટોથી પ્રભાવિત થઈને વિકૃત સેક્સ તરફ આકર્ષિત થઈ રહ્યા છે.

યુરોપથી લઈને અમેરિકા સુધી માસ્ક વોર હાલમાં છેડાયુ છે...

કોરોના મહામારી વચ્ચે માસ્ક વોર

કોરોના વાયરસને દુનિયના દેશોને એવા સ્થાન પર લાવીને મુકી દીધા છે જ્યાં મેડિકલ સપ્લાયને લઈને અમેરિકાથી લઈને યુરોપના દેશો પારસ્પરિક રીતે લડી રહ્યા છે. એકબીજાના ઓર્ડર પર કબજો મેળવી લેવાના પ્રયાસો ચાલી રહ્યા છે. એકબીજાના ઓર્ડર પર કબજો મેળવી લેવા માટે તિકડમબાજી ચાલી રહી છે. કોરોના વાયરસનો આંતક જેમ જેમ વધી રહ્યો છે તેમ તેમ સ્થિતી વધારે ખરાબ થઈ રહી છે. માસ્ક અને ગ્લવ્સની માંગમાં પણ દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. કોરોના સામે જારી જંગમાં હવે માસ્ક વોરની સ્થિતી શરૂ થઈ ગઈ છે. કેટલાક દેશોએ તો આરોપ કર્યો છે કે અમેરિકા વચ્ચેના રસ્તા પર જ તેમના ઓર્ડરને હાંસલ કરી લે છે અને તેમના ઓર્ડર પર પોતે કબજો જમાવી લે છે. જર્મનીના એક વરિષ્ઠ અધિકારી તો અહીં સુધી કહી ચુક્યા છે કે અમેરિકા દ્વારા દુનિયાના દેશોના ઓર્ડર સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. બર્લિનના એક વરિષ્ઠ અધિકારીએ તો દાવો કર્યો છે કે અમેરિકા મોર્ડન પાયરેસી માટે કટિબદ્ધ છે. તેમના આરોપ છે કે બર્લિન પોલીસ માટે આવી રહેલા બે લાખ માસ્કના શિપમેન્ટને અમેરિકા તરફ ડાયવર્ટ કરી દેવામાં આવ્યુ છે. જ્યારે આ શિપમેન્ટ બેંકોક પોર્ટ પરથી પસાર થઈ રહ્યુ હતુ ત્યારે તેને ડાયવર્ટ કરવામાં સફળતા મળી હતી. બર્લિનના અધિકારીઓનુ કહેવુ છે કે કોઈ દેશ આ પ્રકારનુ કામ કરી શકે નહી. સમજુતી હેઠળ નિયમોના ભંગ કરી શકાય નહીં. આ વૈશ્વિક સંકટ વચ્ચે કોઈ પણ અસભ્ય પશ્ચિમી પદ્ધિતીનો ઉપયોગ કરવાની બાબત યોગ્ય રહેશે નહીં. જર્મન મિડિયા હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે બર્લિન અથવા તો જર્મની માટે માસ્ક મોકલનાર કંપની અમેરિકી મેન્યુફેક્ચરિંગ થ્રીએમ છે. જો કે થ્રી એમે કહ્યુ છે કે તેમને આ અંગેની માહિતી નથી કે માસ્કનો જથ્થો જપ્ત કરી દેવામાં આવ્યો છે. થ્રી એમની પાસે એવા કોઈ રેકોર્ડ પણ નથી કે જર્મનીએ બર્લિન પોલીસ માટે માસ્કનો કોઈ જથ્થો મંગાવ્યો હતો. બીજી બાજુ પ્રોટેક્ટિવ સાધનોની નિકાસ માટે ટ્રમ્પે થ્રી એમની ટિકા કરી છે. તેમનુ કહેવુ છે કે અમે તેના પર કાર્યવાહી કરી



મેડિકલ સપ્લાય પર કબજો મેળવી લેવા માટેની લડાઈ સમગ્ર વિશ્વના દેશોમાં જારી : માસ્ક અને ગ્લવ્સની કમી સતત વધી રહી છે

ચુક્યા છીએ. બીજી બાજુ આ કંપનીએ જવાબમાં કહ્યુ છે કે જો અમે નિકાસમાં પ્રતિબંધ મુકી દેશુ તો બીજા દેશો પણ બદલામાં અમારી સાથે આવી જ કાર્યવાહી કરશે. વ્હાઈટ હાઉસે વિવાદ વધી ગયા બાદ કહ્યુ છે કે અમે લેટિન અમેરિકા અને કેનેડા ચીજવસ્તુઓને મોકલી દેવા માટે થ્રીએમને અપીલ કરી નથી. તેમને કોઈ કામથી રોક્યા નથી. સ્પેનના વિદેશ પ્રધાન અરાંચા લાયા કહે છે કે વેન્ટીલેટરના ઓર્ડર માટે પૈસા મોકલી દેવામાં આવ્યા છે. જો કે હજુ સુધી તુર્કીમાંથી ચીજો પહોંચી નથી. તેમણે કહ્યુ છે કે વેન્ટીલેટરના શિપમેન્ટ તુર્કીમાંથી હજુ સુધી મોકલવામાં આવ્યુ નથી. કારણ કે તુર્કીની સરકાર માને છે કે તેમના ત્યાં દર્દીઓની સારવાર માટે આ ખુબ જરૂરી છે. ફ્રાન્સે આરોપ કરતા કહ્યુ છે કે સરકારો પ્રોટેક્ટિવ સાધનોનિ નિકાસ રોકી રહી છે. કેટલાક ફ્રાન્સીસી અધિકારીઓ આ મુદ્દાને જોરદાર રીતે ઉઠાવી ચુક્યા છે. તેમના કહેવા મુજબ તેમને ડિલિવરી મળવામાં તકલીફ પડી રહી છે. કારણ કે બીજા ગ્રાહક આ ખેલમાં આગળ નિકળી રહ્યા છે. ફ્રાન્સના પીએમ ઈ ફિલિપે ગુરૂવારના દિવસે કહ્યુ હતુ કે ઓર્ડર કરવામાં આવેલી ચીજવસ્તુઓની ડિલિવરી મેળવી લેવા માટે કેટલીક વખત સમસ્યા આવે છે. કેટલાક વખત ચીજો ડિલિવર થતી નથી. તેનુ કારણ એ છે કે ચીન, અમેરિકા, યુરોપ અને અન્ય તમામ દેશોમાં આની માંગ સતત વધી રહી છ. ફ્રાન્સના બે ક્ષેત્રોના પ્રમુખનોનો આરોપ છે કે અમેરિકી ગ્રાહકો ચીનને ત્રણથી ચાર ગણી કિંમતે આપે છે. જેથી સપ્લાયને ડાયવર્ટ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ચીન અને દુનિયાના ૨૦૫ દેશોમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઈ રહ્યા છેવધુને વધુ દેશો તેના વિકરાળ સકંજામાં આવી રહ્યા છે. ઈટાલી,સ્પેન, ફ્રાન્સ. અમેરિકા સહિતના દેશો વધારે પરેશાન થયેલા છે. કેસોની સંખ્યા રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચી રહી છે. હાલમાં વૈશ્વિક મંદીના ભણકારા પણ વાગી રહ્યા છે. તમામ જગ્યા પર કોરોના વાયરસ બેકાબૂ છે. સ્થિતિને કાબૂમાં લેવાના તમામ પ્રયાસો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. માસ્ક વોર વધારે તીવ્ર બની શકે છે. કારણ કે કોરોનાનો પ્રકોપ હાલમાં સતત વધી રહ્યો છે.

કોરોના વાયરસના કારણે કિંમતો ઘટી ગઈ છે : હાલમાં સારી તક

ઘરના સપનાને પૂર્ણ કરવાની તક છે

મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકાનો ઘટાડો થનાર છે તેવો રિપોર્ટ તો પહેલાથી જ આવી ચુક્યો છે : વૈશ્વિક મંદીના ભણકારા વાગી રહ્યા છે

રિયલ એસ્ટેટ સેક્ટરની હાલત તો પહેલાથી જ ખરાબ હતી અને કોરોના વાયરસના કારણે આ સેક્ટરની સ્થિતી વધારે ખરાબ થઈ ગઈ છે. સંપત્તિને લઈને સલાહ આપનાર કંપની એનરોકના કહેવા મુજબ કોરોના વાયરસના કારણે આગામી દિવસોમાં આવાસની કિંમતોમાં વધુ ઘટાડો થનાર છે. આ કંપનીએ તેના રિપોર્ટમાં કહ્યુ છે કે આ વર્ષે દેશના સાત મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. કંપનીએ એક રિપોર્ટમાં કહ્યુ છે કે વૈપારિક સંપત્તિના વેચાણ પર તેની માઠી અસર જોવા મળી શકે છે. વેચાણમાં મંદીના કારણે કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થનાર છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પટ્ટા પર ઓફિસ માટેની ગતિવિધીઓમાં ૩૦ ટકાનો ઘટાડો થઈ શકે છે. રિટેલ ક્ષેત્રમાં ૬૪ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. એનરોક પ્રોપર્ટીના ચેરમેન અનુજ પુરીએ માહિતી આપતા કહ્યુ છે કે નરમ માંગ અને રોકડની ખરાબ સ્થિતીના કારણે રિયલ એસ્ટેટ સેક્ટરની હાલત તો પહેલાથી જ ખરાબ થયેલી છે. હવે કોરોના વાયરસના કારણે સ્થિતી વધારે ખરાબ થઈ ગઈ છે. તેના કારણે પ્રતિકુળ સ્થિતી સર્જાઈ ગઈ છે. વેચાણમાં ઘટાડાની અસર કિંમતો પર થનાર છે. આવનાર દિવસોમાં ઘરની કિંમતોમાં વધારે ઘટાડો થનાર છે. હાલમાં સમગ્ર દેશઆ મહામારીથી બહાર નિકળવા માટે મથામણ કરી રહ્યુ છે. પરંતુ જ્યારે સ્થિતી સામાન્ય બનશે ત્યારે ઘરની ખરીદી કરવા માટે ઈચ્છુક લોકો માટે એક શાનદાર સ્થિતી રહેનાર છે. રિઝર્વ બેંકે હાલમાં રેપો રેટમાં ૭૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી દીધો છે. કેટલીક બેંકો તો ગ્રાહકો સુધી તેના લાભને પહોંચાડી ચુક્યા છે. એવી અપેક્ષા પણ કરવામાં આવી રહી છે કે આવનાર દિવસોમાં રિઝર્વ બેંક હજુ વધારે ઘટાડો કરી શકે છે. જેના કારણે હોમ લોન ખુબ સસ્તી થઈ જશે. હોમ લોન પર પાંચ લાખ સુધી ટેક્સમાં છુટછાટનો લાભ લઈ શકાય છે. આ બજેટમાં ઘોષણો કરવામાં આવી હતી કે સેક્શાષન ૮૦ ઈઈએ હેઠળ લોનના વ્યાજ પર ફેરચુકવણી પર ૧.૫ લાખની છુટછાટ અલગથી મળનાર છે. જો ઘરની કિંમત ૪૫ લાખ રૂપિયા છે તો તેના પર લાભ મળનાર છે. તે ઉપરાંત સેક્શન ૨૪બી હેઠળ વ્યાજ ફેરચુકવણી પર બે લાખની છુટછાટ પહેલાથી જ રહેલી છે. સાથે સાથે સેક્શન ૮૦ સી હેઠળ હોમ લોનની મુખ્ય રકમ પર ૧.૫ લાખની છુટછાટ રહેલી છે. સેક્શન ૮૦ઈઈએનો લાભ લેવા માટેનવી તારીખને કોરોના વાયરસના કારણે વધારી દેવામાં આવી છે. પહેલા આ તારીખ ૩૧મી માર્ચ ૨૦૨૦ સુધી હતી હવે તેને વધારીને ૩૧મી માર્ચ ૨૦૨૧ કરી દેવામાં આવી છે. કોરોના વાયરસના કારણે દેશ અને દુનિયામાં અભૂતપૂર્વ સ્થિતી હાલમાં સર્જાયેલી છે. દેશમાં હાલમાં ૨૧ દિવસ માટે લોકડાઉનનો ગાળો ચાલી રહ્યો છે. કોઈને બહાર ન નિકળવા માટે કહેવામાં આવ્યુ છે. તમામ પ્રવૃતિઓ બિલકુલ ઠપ્પ થયેલી છે. તમામ પ્રકારના કારોબાર બંધ છે. રેલવે અને બસ પરિવહન જેવી સેવા પણ બંધ રાખવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં મંદીના ભણકારા વાગી રહ્યા છે. લોકડાઉનની ૨૧ દિવસની અવધિ રહેલી છે. કોરોના વાયરસના વધતા જતા કેસ વચ્ચે આ લોકડાઉની સ્થિતીને લંબાવી દેવામાં આવનાર છે કે કેમ તેની ચર્ચા ચાલી રહી છે. હાલમાં તો સંકેત મળી રહ્યા છે કે લોકડાઉનની સ્થિતીને હળવી કરી દેવામાં આવનાર છે. રેલવે દ્વારા તમામ ટ્રેનો માટે બુકિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી ચુકી છે. કેન્દ્ર સરકારના લોકો પણ લોકડાઉનના સંબંધમાં કેટલાક સંકેત આપી ચુક્યા છે. જો કે આગામી બે ત્રણ મહિના સુધી હાલમાં સ્થિતી હળવી બને તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. મંદીના માહોલમાં આવાસ ખરીદી લેવા માટે ઈચ્છુક લોકોને ફાયદો થઈ શકે છે. હાલમાં તો તમામ વેપાર પ્રવૃતિ ઠપ્પ થયેલી છે. કોરોના સામે લડવા માટે ગરીબ અને મધ્યમ વર્ગ માટે અનેક રાહતો જાહેર કરવામા આવી ચુકી છે. સાથે સાથે તમામ બંધ રહેલા ઉદ્યોગો માટે પણ કેટલીક રાહતો જાહેર કરવામાં આવી છે.



ડ્રગ્સ, સેક્સ અને બ્લેકમેલિંગ જેવી બાબત ફેશન પાછળની હકીકત...

ફેશન પાછળની કડવી વાસ્તવિકતા

મોટા ભાગની મોડલોને ફેશન વર્લ્ડની અંધેરી દુનિયામાંથી પસાર થવાની ફરજ પડે છે : ફેશનની દુનિયામાં પ્રવેશ અનેક રીતે પડકારરૂપ છે

ફેશનની દુનિયાને લઈને આધુનિક સમયમાં યુવતિઓ તમામ પ્રભાવિત રહે છે. ફેશનની દુનિયામાં પ્રવેશ કરવાની ઈચ્છા તમામ યુવતિઓની રહેલી હોય છે. જો કે તેમને કેટલીક કડવી વાસ્તવિકતાની માહિતી હોતી નથી. રેમ્પ પર વોક, મોટી મોટી બ્રાન્ડ અને ડિઝાઈનરો માટે મેન ફેસ બનવા માટેની બાબત સાંભળવામાં ખુબ સારી લાગે છે પરંતુ આ સ્થાન સુધી પહોંચી જવા માટેની બાબત ખુબ મુશ્કેલરૂપ હોય છે. મોટા ભાગની મોડલને ફેશન વર્લ્ડની આ અંધેરી દુનિયામાંથી પસાર થવાની ફરજ ચોક્કસપણે પડે છે. ફેશનની દુનિયામાં નામ કમાવી લેતા પહેલા અંધેરી દુનિયામાંથી નિકળવાની ફરજ પડે છે. ફેશનની દુનિયામાં કદમ મુકવાના સપના સાથે કેટલીક યુવતિઓ આગળ વધવા માટે ઈચ્છુક હોય છે. કેટલીક યુવતિઓ ટોપ મોડલ બનવા માટેની ઈચ્છા રાખે છે. કેટલીક યુવતિઓ આને એન્ટરટેઈનમેન્ટની દુનિયામાં પ્રવેશ કરવાની પ્રથમ સીઢી તરીકે પણ ગણે છે. આ તમામ ગણતરી યોગ્ય છે પરંતુ તેમાં શોષણની ગતિવિધી ભરપુર રીતે જોડાયેલી છે તે બાબતને સમજી લેવાની જરૂર છે. મોટી મોટી મેગેઝિનોમાં ચમકવાની બાબત, જાણીતા ડિઝાઈનરો માટે રેમ્પ વોક કરવાની બાબત, દુનિયાભરમાં લોકપ્રિયતા મેળવી લેવા જેવી બાબત દુરથી તો સારી લાગે છે પરંતુ આ તમામને ચકાચોંધ કરી દેનાર ફેશનની દુનિયાની સાથે કેટલીક કડવી વાસ્તવિકતા જોડાયેલી છે. કેટલાક ડાર્ક સિક્રેટસ પણ તેની સાથે જોડાયેલા છે. મોડલિંગની દુનિયાછોડી ચુકેલી કેટલીક યુવતિઓએ કહ્યુ છે કે તેમને નાની વયમાં જ મોડલિંગ સ્કાઉટ સવર્ણ સપના દર્શાવતા હતા. કેટલાક લોકો તેમને ફેશનની દુનિયામાં પહોંચાડી દેવા વિદેશ લઈ જવાના લાલચ આપે છે. તેમની સાથે ત્યારબાદ શોષણની શરૂઆત થઈ જાય છે. કેટલીક યુવતિઓ મોડલિંગમાં પ્રવેશ કરવા માટે એજન્સી પાસેથી લોન મેળવે છે. જેથી આવી જટિલ સ્થિતીમાંથી ફરી બહાર નિકળવામાં ખુબ સમય લાગે છે. કેટલીક યુવતિઓ તો આવા ચક્રમાં ફસાઈ જાય છે અને ત્યારબાદ બહાર નિકળી શકતી નથી. તેમની દરેક ચીજ પર એજન્સી કન્ટ્રોલ મેળવી લે છે. મોડલને સામાન્ય રીતે મોડલિંગ માટે લાવવામાં આવે છે. જો કે આ સિવાય પણ કેટલાક કામ કરાવી લેવામાં આવે છે. મોડલિંગ છોડી ચુકેલી પેરેજ કહે છે કે મોટા બિઝનેસમેન યુવા યુવતિઓની સાથે દેખાવવા માટે પૈસા ચુકવે છે. તેઓ પાર્ટી આયોજિત કરે છે. પૈસા સ્વીકાર કરનાર એજન્સીની મોડલને ત્યાં જવુ પડે છે. આવી સ્થિતીમાં પૈસા આપનાર પુરૂષના સેક્યુઅલ ફેવર માંગવાની બાબત સામાન્ય રહે છે. આના પર જો મોડલ પોતાની કંપનીની સામે ફરિયાદ કરે છે તો તેમની મદદ કરવાના બદલે તેમને પોતાની સ્થિતી સંભાળી લેવા માટે કહેવામાં આવે છે. મોડલિંગની દુનિયામાં ડ્રગ્સ એક સામાન્ય બાબત તરીકે છે. કેટલીક મોડલ પોતાના ઈન્ટરવ્યુમાં કહી ચુકી છે કે પાર્ટીમાં કઈ રીતે ફ્રી ડ્રગ્સ પહોંચાડી દેવામાં આવે છે. મોડલ પર લાવવા માટે દબાણ લાવવામાં આવે છે. એક વખત જો મોડલને તેની ટેવ પડી જાય તો ત્યારબાદ તેની ટેવને પૂર્ણ કરવા માટે તે કઈ પણ કરવા લાગી જાય છે. સુપર મોડલ રહી ચુકેલી કેરા ડેલવિગ્ને ફેશનની દુનિયાના ગુપ્ત રહસ્યોને સપાટી પર લાવવા માટે કેટલીક બાબતો રજૂ કરી હતી. તેનુ કહેવુ છે કે ૧૬ વર્ષની મોડલને ન્યુડ પોઝ આપવા માટે કહેવામાં આવે છે. સગીરા હોવા છતાં તેમના આવા ફોટો પાડવાને લઈને રહેલા કાનુનની અવગણના કરવામાં આવે છે. જેના કારણે આવી ચીજોને પ્રોત્સાહન મળે છે. આવી સ્થિતીમાં યુવતિઓ પાસે કોઈ રસ્તા બચતા નથી. તે કે તો ડિમાન્ડને સ્વીકાર કરી અથવા તો ફેશનની દુનિયાને છોડી દે. આ તમામ કડવી વાસ્તવિકતા ફેશનની દુનિયા સાથે જોડાયેલી રહેલી છે. કેટલીક મોડલ તો કહી ચુકી છે કે કઈ રીતે ફેશનની દુનિયામાં પગ જમાવવા માટે તેમને યોન શૌષણનો શિકાર થવાની ફરજ પડે છે. આવુ કરનાર લોકોમાં ફોટોશુટ કરનાર ફોટોગ્રાફર્સ, એજન્સી ક્લાઈન્ટ, બિઝનેસમેન, ફેશન વર્લ્ડ સાથે જોડાયેલા પુરૂષ હોય છે. સૌથી ખરાબ બાબત તો એ છે કે જો એજન્સીને આ સંબંધમાં કહેવામાં આવે તો સહકાર કરવા માટેની સલાહ આપે છે.



ડાર્ક હોઠની કાળજી

ગુલાબી હોઠ ચહેરાની સુંદરતાને વધારે છે. પરંતુ ઘણી વખત તેની કાળજી પ્રત્યે બેપરવાહ રહેવાથી હોઠ કાળા પડી જાય છે હોઠની સુંદરતા નષ્ટ થવાના સામાન્ય કારણો સૂર્યના કિરણોના સંપર્કમાં આવવું એલર્જી, હલકી ગુણવત્તા ધરાવતા સૌદર્ય પ્રસાધનનો ઉપયોગ, તમાકુનું સેવન, વધુ પડતું સ્મોરિંગ, કેફિનનું વધુ માત્રામાં સેવન કરવું.

કુદરતી લિપ સ્ક્રબ

અઠવાડિયામાં એક વાર લિપ સ્ક્રબ અવશ્ય કરવું જોઈએ જેથી મૃત ત્વચા બહાર નીકળી જાય. લિપ સ્ક્રબ કરવાથી રક્તભ્રમણમાં વૃધ્ધિ થાય છે. લિપ સ્ક્રબ કરવા પાંચ -છ ટીપાં ઓલિવ ઓઈલના લઈ તેમાં એક ટેબલસ્પૂન સાકર ભેળવી હોઠને એકસફોલિએટ કરવા, ત્યાર પછી હોય બરાબર ધોઈ હીલિંગ લિપ બટર અથવા મનપંસદ મોઈશ્ચરાઈઝર અથવા મનપસંદ મોઈશ્ચરાઈઝર લગાડવું.
એકસફોલિએટ કરવા વેસલિનને બેબી ટૂથ બ્રશ પર લગાડી હળવેથી લિપને એક્સફોલિએટ કરવા નિયમિત પણ કરી શકાય.

હાઈડ્રેટ કરવા

હોઠને મોઈશ્ચરાઈઝ કરવા જેથી હોઠ પર નમી, સ્વાભાવિક કલર જળવાઈ રહે. આ માટે વધુ પ્રમાણમાં પાણી પીવું વધુ પાણી વાળા ફળ જેવા કે સંતરા, તરબૂચ, લીંબુ તેમજ ખારાનું સેવન વધુ કરવું. હોઠની ત્વચા શરીરના અન્ય ભાગોની સરખામણીમાં વધ નાજુક તેમજ સંવેદનશીલ હોય છે તેથી તેની નમી જળવાઈ રહે તેનું ખાસ ધ્યાન રાખવું. લિપબાલ્મનો ઉપયોગ પણ કરી શકાય. હોઠ પર જીભ ફેરવવાની ઘણાની આદત હોય છે. હોઠ માટે નુકસાનકારક છે. તેથી હોઠને લીક ન કરવા, ત્વચા નિષ્ણાત અનુસાર હોઠને લિક કરવાથી હોઠ ડાર્ક થઈ શકે છે. સ્વાસ્થ્યવર્ધક આહાર વિટામિનની ઉણપથી પણ હોઠ શ્યામ પડી જતા હોય છે. તેથી રોજિંદા આહારમાં ફલો અને પાંદડાયુક્ત ભાજઓનું સેવન કરવું વિટામિન સીનું સેવન કરવાથી લિપ પિગ્મેટેશનની સમસ્યાઓને દૂર કરવામાં સહાયક નીવડે છે. જેનેટિક ઘણી વખત લિપ પિગ્મેન્ટેશન જેનેટિક પણ હોય છે. જન્મથી જ હોઠ શ્યામ હોય તો કોસ્મોટિક સર્જરી એક સારો વિકલ્પ છે.

હોર્મોન્સ નું અસંતુલિત પ્રમાણ દૂર કરવાના ઉપાય

સ્મોકિંગથી દૂર રહેવું : તેમાં નિકોટિન તત્વ હોવાથી હોઠના રંગમાં અસામનતા આવવાની શક્યતા વધી જાય છે. કોફીનું વધુ પડતું સેવન ન કરવું કોફી કે ચાનું વધુ પડતું સેવન કરવાથી હોઠનો રંગ શ્યામ પડી જાય છે. તેમાં કોફીન અધિક માત્રામાં હોય છે. ઉપરાંત કડક ચા કોફી પીવાથી લિપ ડિસકલરેશનની સમસ્યામાં વૃધ્ધિ થાય છે. તડકાના સીધા સંપર્કમાં આવવાથી બચવું. અલ્ટ્રાવાયોલેટ કિરણોના સીધા સંપર્કમાં આવવાથી પણ હોઠ કાળા થઈ શકેછે. મેલનિનનું સ્તર વધવાથી હોઠના પિગ્મેટેશનની તકલીફમાં વધારો થાય છે. તેથી તડકામાં બહાર જતા પહેલાં એસપીએફ યુક્ત તેમજ યૂ.વી. પ્રોટેક્ટરે લિપ પ્રોડક્ટ લગાડવું. લિપસ્ટિકનો ઉપયોગ કરતા પહેલા લિપસ્ટિક તેમજ લિપ કોસ્મેટિકનો લાંબા સમય સુધી વધુ પડતો વપરાશ કરવો, હલકી ગુણવત્તા ધરાવતું પ્રસાધનથી હોઠનો રંગ કાળો થઈ શકે છે. તેથી લિપસ્ટિક કે લિપ કલર સારી ગુણવત્તા ધરાવતા તેમજ એકપાયરી ડેટ ાપાસીને ઉપયોગ કરવો. શિયા બટર, ક્લેરીફાઈડ બટર, વિટામિન ઈ તેમજ જોજોબા ઓઈલ હોઠને મોઈશ્ચરાઈઝ કરતા હોય છે તેમજ હોઠ પર નમી બનેલી રાખતા હોવાથી લિપસ્ટિકમાં આ તત્વો સમાયેલા હોવા જરૂરી છે. લિપ મેકઅપને દૂર કરવા સારા લિપ મેકઅપમીવૂર અથવા ઓલિવ બદામનું કે કોપરેલ તેલ ઉપયોગમાં લઈ શકાય.

સફેદ ડાઘના ઉપચારો



વધારે પિત્તવાળી વ્યક્તિને સફેદ ડાઘ થવાની શક્યતા રહેલી છે. સફેદ ડાઘને વીટીલીગો કેલ્યુકોડરમાના નામે ઓળખવામાં આવે છે. સફેદ ડાઘનું કદ ટાંકણીના ટોપકાથી લઈ બેથી ત્રણ ઈંચ જેટલું હોઈ શકે. ક્યારેક એ પ્રસરતું હોય તો આખા શરીરે પણ આ સમસ્યા દેખાય. હોમિયોપથીમાં આ રોગના ખૂબજ અસરકારક ઔષધો છે જે આ રોગને જડમૂળથી દૂર કરે છે. એમાં પણ બાળકોને જો આ સમસ્યા હોય અને શરૂઆતથી જ હોમિયોપથી ઔષધો આપવામાં આવે તો ખૂબ ઝડપથી પરિણામ જોવા મળે છે. આ રોગ થવા કોઈ એક ચોક્કસ કારણ નહી પણ અનેક કારણો જવાબદાર માનવામાં આવે છે. બાળકોમાં મોટાભાગે કૃમિની તકલીફ કે વારંવાર મરડો થતો હોય તો સફેદ ડાઘ જોવા મળતા હોય છે. ક્યારેક વધારે પડતી દવાઓ કે તેમના રીએક્શનના કારણે પણ સફેદ ડાઘ થતા હોય છે. ક્યારેક પડવા, વાગવા કે દાઝવાથી પણ આવા ડાઘ પડી જતા હોય છે. જે પ્રસરતા નથી. આંતરડા કે પાચનની તકલીફના કારણે પણ આ સમસ્યા સર્જાય છે. અને વારસાગત સમસ્યા પણ જોવા મળે છે. આમાં દેખીતા કારણો હોય ત્યારે સારવાર આસાન રહે છે અને ઝડપી પરિણામ મેળવી શકાય છે. પરંતુ આ સમસ્યાની ધીરજપૂર્વકની સારવાર કરાવવી પડે છે. આ સમસ્યા હોય એ દર્દી કોઈપણ કારણ વગર લઘુતાગ્રંથિ અનુભવેછે. હમેશા બીજા લોકોની દ્રષ્ટિથી દર્દી પોતાને બચાવવા ઈચ્છે છે બાળકોમાં આ સમસ્યા તેના વિકાસ ઉપર પણ અસર કરે છે. હોમિયોપથી ઔષધો કોઈપણ આડઅસર કરતા નથી. તેથી બાળકો માટે યોગ્ય છે. વળી, હોમિયોપેથીમાં દદીનો વિગતવાર અભ્યાસ કરવામાં આવે છે રોગનું યોગ્ય કારણ આહાર વગેરેનું નિદાન કર્યા પછી આપવામાં આવતી ઔષધિ ચૌક્કસ પરિણામ આપે છે. સફેદ ડાઘ ચોક્કસ મટી શકે છે. માત્ર ધીરજપૂર્વકની સારવાર જરૂરી છે.

બાળકને ભૂખ ન લાગે તો?



ભૂખનો આધાર બાળકની પાચન વિકાસનો દર કુટુંબની પ્રણાણી અને રૂઢિ પર છે. ભૂખ ન લાગવાના મુખ્ય બે કારણો હોય. રોગ હોય અથવા માનસિક કારણો હોય. રોગ ક્યારે ? નોર્મલ ખાતું બાળક ચાનક ખાતું બંધ થઈ જાય ત્યારે રોગ હોઈ શકે. નવજાત શિશું બરોબર ધાવણ લે નહી તો સજાગ રહેવું. બાળક ધાળણ લેતા લેતા છોડી દે- શક્ય છે કે મોમાં ચાંદા પડ્યા હોય કે શ્વાસમાં તકલીફ પડતી હોય બિમાર બાળકની ખૂભ બેસી જશે . કમળો હોય તો ધીમે ધીમે ખાવાનો પ્રેમ ઓછો થતો જશે. ઊબકા આવે, પેટમાં દુ:ખે બિમારીમાં લીધેલી દવાઓ ભૂખ ઓછી કરે છે. ખાસ મેલેરિયાની અને અમુક એન્ટીબાયોટીક બે અઠવાડીયાથી લાંબી ખાંસી રહે, વજવન ઘટવા માંડે તાવ, રહે ટી.બી. કોઈ શકે છે. ઝાડા-ઉલ્ટી થાય ત્યારે ખાવાની રૂચિ ઓછી થઈ જશે.
અપૂરતા પોષણ ધરાવતા બાળકોની ભૂખ ઓછી રહે જ્યારેભૂખ ન લાગવી એ રોગનું પરિણામ હોયત્યારે જે તે રોગનીદવા જરૂરી છે. ખૂભની નહીં. રોગ ન[illegible]ખાતું નથી. મોટા ભાગના ઘરોમાં આવા બાળકો હશે. ખાવાનું છે પણ ખાતું નથી. અહીં કારણો માનસિક છે. બાળકની ચંચળતા, માનસિક વિકૃતતા, રમતિયાળપણું, અનિયમિત આહારની ટેવો, બજારુ ચોકલેટ, જંકફુડની ટેવો, જીદ્દીપણું જવાબદાર છે. માતાપિતાની અત્યંત શિસ્તનો આગ્રહ, ખવડાવવાનું દબાણ, બીક ભય કે લાલચ આપવાની ટેવો, બાળકની ફરિયાદ કરીને નિરૂત્સાહ કરવાનું પરિણામ, કુટુંબના સભ્યોની વિસંગત શિસ્તના નિયમો, ખૂબ લાડ કારણભૂત હોઈ શકે. સ્કૂલનો સમય, ભણવાનું દબાણ, નોકરી કરતા માતા પિતા, ખુબ ગરમી કે ભય બાળકની ભૂખ અને ખાવાની આદત પર અસર કરે છે.
શું કરશો ? બાળક તંદુરસ્ત હોય અને ડોક્ટરની તપાસ નિયમિત થતી હોય તો ચિંતા ન કરશો. તેનું ન ખાવાનું તેને કોઈપણ રીતે નુકસાન કરી રહ્યુ નથી. બાળકની ખાવાની આદત સમયે સમયે બદલાતી રહેશે. ખાવા માટે દબાણ ન કરશો. ભય ના બતાવશો લાલચ ન આપશો હાથ ન ઉપાડશો. બીજાને ઉદાહરણ આપી ઉતારી ન પાડશો. બાળક માંગે ત્યારે જ ખાવા આપો. ભાવતું આપો, થોડુ થોડું વારંવાર આપો. જાતે ખાવા દો. ખોરાકમાં ખાંડ ઘી નાંખી ગળ્યું કરીને આપો. શરૂઆતમાં શું ખાય છે તેની ચિતા ન કરો. કેટલું ખાય છે તે ધ્યાન આપો જમતા જમતાં થોડુ ઢોળે કપડાં બગાડે, મોમાંથી બહાર કાઢે-એમ કરવા દો. પણ જાતે ખાવા દો. જો બાળક ખાવા જ ન માંગે તો દિવસમાં માત્ર ૩-૪ વાર એને ખાવાનું ઓફર કરો. ભાવતી વસ્તુ અને જોઈતી માત્રામાં આપો. ન ખાય તો ખાવા ન આપો. ફરીથી ૩-૪ કલાક પછી પ્રયત્ન કરી જુઓ, વચ્ચે આચરકુચર ખાવા ન આપો. ઠંડા પીણાંસ ફ્લેવર્ડ ખોરાક, આઈસ્ક્રીમ બને ત્યાં સુધી ન આપો ક્યારેક બહાર ગયો હો ત્યારે તેને ભાવતી વસ્તુઓ અપાવો પણ રોજ નહી થોડું થોડું ખાવા માડે ત્યારથી જ તેને પ્રોત્સાહિક કરી, તેના વખાણ કરો. થાળીમાં એક સાથે બધું આપવાને બદલે ઓછુ ઓછું વધારે વાર આપો. ખૂભ વધારવાના ટોનિક કે વિટામીનની દવાનો વિશ્વાસ ન રાખવો. તે માત્ર ટેમ્પરરી અસર કરશે પછી કુદરતી ભૂખ સાવ ઓછી થઈ જશે. પછી કુદરતી ભૂખ સાવ ઓછી થઈજશે. બાળકની સમયસર ડોક્ટરની તપાસ કરાવતા રહો. જો વજન પણ ખાય છે. તેટલું બરાબર જ છે એમ માનજો, બાળક મોટુ થાય પછી કોઈ સ્પોર્ટ્સ, સ્વીમીગ રનીંગ, સ્કેટીંગ, વિગેરે ચાલુ કરાવો. બજારું જંક ફુડથી દૂર રાખો. સગા- સંબંધીની ટીકાઓ મગજ પર ન લેશો. કરશો બે જોડિયા બાળક પણ ખાવાની બાબતે બે જોડિયા બાળક પણ ખાવાની બાબતે સરખા નથી. બાળકને ખવડાવવામાં ધીરજ અને શ્રધ્ધા જરૂરી છે. બધું જ આજે ને આજે ખવડાવવાનો પ્રયત્ન શા માટે?તમારું બાળક આવતા વર્ષે વધારે સારું જ ખાતું હશે ?



અર્જુને ઈન્સ્ટાગ્રામ પર પોતાની નવી હેરસ્ટાઈલની તસવીર શેર કરી છે જેમાં તે બ્રાહ્મણ હેરસ્ટાઈલમાં જોવા મળી રહ્યો છે. બંને તરફથી તેણે પોતાના બધા વાળ ઉડાવી દીધા છે અને માત્ર વચ્ચેના ભાગમાં વાળ જોવા મળી રહ્યા છે. અર્જુન કપૂરની આ તસવીર જોઈને તેના પ્રશંસકોની સાથોસાથ અન્ય સેલિબ્રિટી ફ્રેન્ડસને પણ આંચકો લોાગતા કોમેન્ટ્સ કરી રહ્યા છે અને તેની નવી હેરસ્ટાઈલ પર પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે.

લોકડાઉનમાં ભરપૂર મનોરંજનઃ 'સારાભાઈ vs સારાભાઈ' અને 'ખિચડી'નું પુનઃપ્રસારણ

મુંબઈ

લોકડાઉનને કારણે શૂટિંગ બંધ થઈ ગયા છે. જેથી બધી સિરિયલની નવું કન્ટેન્ટ શૂટ થઈ શક્યું નથી. આ સમયમાં લોકોના મનોરંજનને ધ્યાનમાં રાખીને દૂરદર્શન પર સરકારે જૂની સિરિયલ્સ ફરી ટેલિકાસ્ટ કરવાનો નિર્ણય લીધો હતો. હવે અન્ય ટીવી ચેનલ પણ દૂરદર્શનને આ બાબતે ફોલો કરી રહી છે. 'સારાભાઈ vs સારાભાઈ' અને 'ખિચડી' સિરિયલ સ્ટાર ભારત પર ૬ એપ્રિલથી પુનઃ પ્રસારિત થશે.

૨૦૦૨માં રિલીઝ થયેલ કોમેડી શો 'ખિચડી'માં સુપ્રિયા પાઠક, વંદના પાઠક, રાજીવ મેહતા, જમનાદાસ મજેઠિયા વગેરે લીડ રોલમાં હતા. જ્યારે સતીશ શાહ, રત્ના પાઠક, રાજેશ કુમાર, સુમીત રાઘવન અને રૂપાલી ગાંગુલીની લીડ કાસ્ટ ધરાવતી સિરિયલ 'સારાભાઈ vs સારાભાઈ' ૨૦૦૪માં સ્ટાર વન ચેનલ પર ઓન એર થઈ હતી. આ બંને સિરિયલને આતિશ કાપડિયાએ લખી હતી અને ડિરેક્ટ પણ કરી હતી. 'સારાભાઈ vs સારાભાઈ'ની બીજી સીઝન ઓનલાઈન સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ હોટસ્ટાર પર રિલીઝ કરવામાં આવી હતી.

રોહિત શર્માની બેટિંગ જોઈ મને ઈંઝમામ ઉલ હકની યાદ આવી હતીઃ યુવરાજ સિંહ

ચંડીગઢ

ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર યુવરાજ સિંહે જણાવ્યુ કે, રોહિત શર્માને પ્રથમ વખત ટીમ ઈન્ડિયા માટે બેટિંગ કરતા જોઈ તેમને કેવું લાગ્યુ હતુ. યુવીએ જણાવ્યુ કે, રોહિતની બેટિંગ જોઈ તેમને પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન ઈંઝમામ ઉલ હકની યાદ આવી હતી, કારણ કે રોહિત પાસે પણ પોતાનો સ્ટ્રોક રમવા માટે સમય હોય છે.

યૂટ્યૂબ પર ચેટ શો દરમિયાન યુવીએ જણાવ્યુ કે, મને લાગે છે કે જ્યારે તે (રોહિત શર્મા) ભારતીય



ક્રિકેટ ટીમમાં આવ્યો, તે એવા ખેલાડી લાગ્યો જે પોતાનો શોટ રમવા માટે સમય લેતો હતો. તેને જોઈને મને ઈંઝમામ ઉલ હક યાદ આવ્યો, કારણ કે જ્યારે તેઓ બેટિંગ કરતા હતા તો તેમની પાસે પણ બોલરને રમવા માટે સમય રહેતો હતો. રોહિત અને યુવી વચ્ચે સારી મિત્રતા પણ રહી છે. જ્યારે યુવરાજ સિંહે ક્રિકેટને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો હતો, ત્યારે રોહિતે જણાવ્યુ હતુ કે, ૧૭ વર્ષના કરિયર પછી યૂવી વધુ સારી વિદાયનો હકદાર હતો.

ત્યારબાદ રોહિતે ટ્વિટર પર લખ્યું, 'તમને ત્યાં સુધી તે સમજમાં નથી આવતો, જ્યાં સુધી તે જતો નથી રહેતો. લવ યૂ બ્રદરમેન. તમે આના કરતાં વધુ સારી વિદાયના હકદાર હતા. તેના પર યુવરાજે જવાબમાં લખ્યું, તમે જાણો છો કે હું અંદરથી કેવું અનુભવું છું. લવ યૂ બ્રદરમેન તમે એક મહાન ખેલાડી બનશો.

હું પાછલા ત્રણ અઠવાડિયાથી મારા બોયફ્રેન્ડને મળી નથીઃ જ્વાલા ગટ્ટા



મુંબઈ

કિલર કોરોના વાયરસથી યુદ્ધ માટે ભારતમાં ૨૧ દિવસનું લોકડાઉન ચાલી રહ્યું છે. લોકો પોત-પોતાના ઘરમાં રહેવા મજબૂર થયા છે. એવામાં બેડમિન્ટન સ્ટાર જ્વાલા ગુટ્ટાએ પોતાનું દર્દ વ્યક્ત કર્યું. તેણે કહ્યું કે, લોકડાઉન પ્રેમી કપલ પર ભારે પડી રહ્યું છે. હું પોતાના બોયફ્રેન્ડથી પાછલા ૩ અઠવાડિયાથી મળી નથી શકી. દેશ માટે ઘણા મેડલ જીતનારી જ્વાલાએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે ખાસ વાતચીતમાં પોતાના પ્રેમ વિશે પણ જાણાવ્યું. જ્વાલા ગટ્ટા કહે છે, હું પોતાના માતા-પિતા અને નાની બહેન સાથે હૈદરાબાદમાં પોતાના ઘરે છું. હકીકતમાં હું ફેબ્રુઆરીની શરૂઆતથી જ લોકડાઉનની તૈયારી કરી રહી છું. મારા કાકા, જે શાંઘાઈમાં રહે છે, તેમણે અમને કોરોના વાયરસથી લડવા વિશે બધું જણાવ્યું હતું. આથી હું માનસિક રીતે આ ઘટના માટે તૈયાર હતી. હું પોતાના પ્રેમિ વિષ્ણુ વિશાલથી લાંબા સમય દૂર રહેવા તૈયાર નહોતી. મને તેને મળ્યા ત્રણ અઠવાડિયાથી વધારે સમય થઈ ગયો છે.


જ્વાલ પોતાના અને વિશાલના ડેટિંગ વિશે ખુલાસો કરતા કહ્યું, હવે અમે બે વર્ષથી ડેટિંગ કરી રહ્યા છીએ અને આ એકબીજાને મળ્યા વિનાનો સૌથી લાંબો સમય છે. તે ચેન્નઈમાં રહે છે અને એક ફિલ્મ એક્ટર છે. આથી તે પોતાના શૂટિંગના કામમાં વ્યસ્ત રહે છે અને હું અહીં પોતાની એકેડમીના કામમાં વ્યસ્ત છું. જોકે અમે એક અઠવાડિયામાં એક-બે વખત મળતા, પરંતુ હાલમાં આ શક્ય નથી.

કેવિન પીટરસને જુલાઈ-ઓગસ્ટમાં આઈપીએલ રમાડવાનો પ્લાન બતાવ્યો

લંડન

દેશભરમાં કોરોના વાયરસનો ખતરાને ધ્યાનમાં રાખીને હાલ બીસીસીઆઈએ આઈપીએલની નવી સિઝન ૨૦૨૦ને સ્થગિત કરી દીધી છે. આઈપીએલ-૨૦૨૦ને ૧૫ એપ્રિલ ટાળી દેવામાં આવી છે. હવે આઈપીએલ-૨૦૨૦ રમાડવાને લઈને ઈંગ્લેન્ડના ક્રિકેટ દિગ્ગજ કેવિન પીટરસને જુલાઈ-ઓગસ્ટમાં રમાડવાનો પ્લાન બતાવ્યો છે.

એકબાજુ ક્રિકેટ ફેન્સ માની રહ્યાં છે, ત્યારે ઈંગ્લેન્ડના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર કેવિન પીટરસને એક ખાસ પ્લાન દર્શાવ્યો છે. તેમના મતે સ્થિતિ સુધરશે તો આઈપીએલ-૨૦૨૦ને



જુલાઈ અને ઓગસ્ટમાં રમાડી શકાય છે.

પીટરસને સ્ટાર સ્પોર્ટ્સના એક કાર્યક્રમમાં કહ્યુ કે જુલાઈ અને ઓગસ્ટમાં આઈપીએલ-૨૦૨૦નું આયોજન કરી શકાય છે. પીટરસનના મતે આઈપીએલ-૨૦૨૦ રમાવવી જ જોઈએ, કેમકે ક્રિકેટના દરેક ફેન્સ અને ખેલાડી આઈપીએલને રમાતી જોવા ઈચ્છે છે. પીટરસને આખો પ્લાન બતાવતા કહ્યું આઈપીએલ રમાડવા માટે ટૂર્નામેન્ટ નાની કરવી પડશે, અને તે પણ ત્રણ સુરક્ષિત સ્ટેડિયમમાં રમાવવી જોઈએ.

કોપ ભવન વાળો સીનની પ્રેક્ટિસ વખતે અભિનેત્રી પદ્મા ખન્ના કલાકો સુધી રડી હતી



મુંબઈ

હાલમા કોરોના વાયરસના કારણે લોકોને સમય પસાર કરવા માટે ભારત સરકારે રામાયણ ફરીથી પ્રસારિત કરી છે. ત્યારે લોકો તેને ઉત્સાહ પુર્વક જોઈ રહ્યા છે. કારણ કે ૨૦૧૫ પછીનો ટીઆરપી રેકોર્ડ પણ તૂટી ગયો એટલી હદે રામાયણ લોકોએ જોઈ છે. ત્યારે રામાયણની એક વાત ભારે ચર્મા છે. એક એવો સીન કે જે કર્યા પછી કૈકઈનો રોલ કરનાર અભિનેત્રી પદ્મા ખન્ના કેટલાય કલાક સુધી રોઈ હતી.

રામાયણની આ સીન માટે કૈકઈએ પુરી તૈયારી કરી હતી. કેટલાક વર્ષો પહેલાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં અભિનેત્રી પદ્માએ આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે કોપ ભવન વાળો સીન હતો ત્યારે મે ખુબ પ્રેક્ટિસ કરી હતી અને બધી તૈયારી પણ થઈ ગઈ હતી. બધાને ખબર હતી કે આ સીન ખુબ જ ઈમોશનલ છે. પરંતુ કોઈને એ ખબર નહોતી કે આ સીન કર્યા પછી પદ્માની શું હાલત થશે.

આ સીનમાં એવું હોય છે કે, રાજા દશરથી કૈકઈ ખુબ નારાજ થઈ જાય છે. અને કોપ ભવનમાં જતી રહે છે. આ સીન ખુબ જ ઈમોશનલ હતો. એને નિભાવવા માટે અસલ ભાવુકતાની જરૂર પડે છે. પદ્મા એટલી સુપર અભિનેત્રી હતી કે સીન કરવામાં જીવ રેડી દીધો. પરંતુ શુટિંગ પુરી થયા બાદ કટ બોલ્યા પછી પદ્મા કલાકો સુધી રડતી રહી. તો વળી ખુદ રામાનંદ સાગર પણ આ સીન પછી ભાવૂક થઈ ગયા હતા અને પોતાના આંસુ રોકી શક્યા નહી.

સાઉથ અભિનેત્રી શર્મિલા માંડરે રોડ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ



મુંબઈ

સાઉથ અભિનેત્રી શર્મિલા માંડરે એક રોડ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થઇ ગઇ છે. આ ઘટના વહેલી સવારે .૩ વાગ્યાની આસપાસ વસંતનગર પાસેની કહેવામાં આવી રહી છે. ગાડીમાં શર્મિલાની સાથે તેનો મિત્ર પણ હતો. બન્નેને નજીકની ફોર્ટિસ હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે ગંભીર અકસ્માત તે સમયે થયો જ્યારે શર્મિલાની ગાડી અંડરબ્રિજ પર એક પિલરથી જઈને ટકરાઈ. ઘટના પર પહોંચેલી પોલીસે જણાવ્યું કે તેમણે ગાડીમાં કોઇ મળ્યું ન હતું જ્યારે પોલિસે નજીકની હોસ્પિટલમાં પૂછપરછ કરી ત્યારે આ વાતનો ખુલાસો થયો કે અકસ્માત અભિનેત્રી શર્મિલા માંડરેની સાથે થયોછે. ઘટનાને ગંભીરતાથી જોતા પોલીસે આ અકસ્માત અંગે વધારે તપાસ હાથ ધરી છે.

આ અંગે વધુમાં મળતી માહિતી મુજબ શર્મિલા માંડરેની પાસે લોકડાઉનનો પાસ પણ ન હતો. એવામાં પોલીસે આ અંગે તપાસ કરશે કે આખરે શર્મિલા માંડરે મોડી રાતે કયા કામ માટે ગાડીથી નીકળી હતી. હાલ શર્મિલા અને તેના મિત્રની હાલત ખૂબ ગંભીર છે હાલ પોલીસે કોઈનું નિવેદન લીધું નથી.

સ્થિતિમાં સુધાર આવ્યા બાદ બંધ દરવાજા વચ્ચે મેચ રમાવવી જોઈએઃ જસ્ટિન લેંગર



સિડની

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના કોચ જસ્ટિન લેંગરનું માનવુ છે કે, કોરોના વાઇરસ બાદ જો સ્થિતિમાં સુધાર આવે તો તે બંધ દરવાજા સાથે ખાલી સ્ટેડિયમમાં ક્રિકેટ રમાવવી જોઈએ.

તેઓએ વધુમાં જણાવતા કહ્યું કે, તેવું કરવું ફેન્સ માટે સારૂ રહેશે. જે કોરોના વાઇરસ બાદ આ દિવસોમાં ક્રિકેટ મેચ જોવાથી દુર રહ્યા છે.લેંગરે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું કે, 'જ્યારે તમે ક્રિકેટ રમવાનુ શરૂ કરો, નાની ઉંમરમાં તે સમયે તમારી સામે ભીડ નથી હોતી.

વધુમાં જણાવતા કહ્યું કે, 'તમે ત્યારે ક્રિકેટ રમ્યું કારણ કે, તમને ક્રિકેટ રમવુ પસંદ હતું. તમને તમારા મિત્ર સાથે રમવુ પસંદ પડે છે. કોચનું કહેવુ છે કે, વધારે પડતા લગાવને કારણ લોકો ટીવી સેટ તથા રેડિયોના માધ્યમથી જોવા હાલમાં પણ તૈયાર છે. તેવામાં જ ખાલી સ્ટેડિયમમાં મેચ રમાવવી મહત્વ રહેશે.

એક્ટ્રેસ અંકિતા લોખંડેના કોમ્પ્લેક્સમાં કોરોના પોઝિટિવ દર્દી, આખું અપાર્ટમેન્ટ સીલ

મુંબઈ

ટીવી તથા ફિલ્મ એક્ટ્રેસ અંકિતા લોખંડેનો મુંબઈ સ્થિત અપાર્ટમેન્ટ સીલ કરી દેવામાં આવ્યો છે. અહીંયા રહેતા એક વ્યક્તિનો કોરોનાવાઈરસનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. સૂત્રોના મતે, આ વ્યક્તિ સ્પેનથી પરત ફરી હતી.

મુંબઈના મલાડમાં આવેલા આ અપાર્ટમેન્ટમાં માત્ર અંકિતા લોખંડે જ નહીં પરંતુ એક્ટ્રેસ અશિતા ધવન-શૈલષ ગુલબાની, નતાશા શર્મા તથા એક્ટર મિસ્કત વર્મા પણ રહે છે. સૂત્રોના મતે, આ વ્યક્તિ મલાડમાં આવેલા



અપાર્ટમેન્ટની ડી વિંગમાં રહે છે. માર્ચના લાસ્ટ વીકમાં આ વ્યક્તિ સ્પેનથી પરત ફરી હતી. એરપોર્ટ પર તેનો ટેસ્ટ નેગેટિવ આવ્યો હતો અને તેને ૧૫ દિવસ સુધી સેલ્ફ ક્વોરન્ટીનમાં રહેવાની સલાહ આપવામાં આવી હતી. જોકે, ૧૨મા દિવસે આ વ્યક્તિમાં કોરોનાવાઈરસના લક્ષણો જોવા મળ્યાં હતાં અને તે વ્યક્તિ પત્ની સાથે હોસ્પિટલ ગયો હતો. હોસ્પિટલમાં તે વ્યક્તિનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો અને તેની પત્નીનો ટેસ્ટ નેગેટિવ આવ્યો હતો. આ વ્યક્તિના સંપર્કમાં આવેલા તમામનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને તે તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતાં. વધુમાં આ અપાર્ટમેન્ટની બહાર પોલીસ મૂકવામાં આવી છે, જેથી અપાર્ટમેન્ટની કોઈ વ્યક્તિ બહાર ના જઈ શકે અને કોઈ અંદર ના આવી શકે.

ઓસ્ટ્રેલિયન સ્પિનર સ્ટીવ ઓકિફે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી સંન્યાસ લીધો



મેલબર્ન

પૂર્વ ઓસ્ટ્રેલિયન સ્પિનર?સ્ટીવ ઓ'કિફે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટને અલવિદા કહી દીધું છે. નવી ઘરેલુ સીઝન બાદ અને ન્યૂ સાઉથ વેલ્સની કરારવાળી સૂચિમાંથી હટાવ્યા બાદ તેણે આ મોટું પગલું ભર્યું. ૩૫ વર્ષીય સ્ટીવ ઓસ્ટ્રેલિયા તરફથી નવ ટેસ્ટ મેચ રમ્યો છે, જેમાં તેણે ૩૫ વિકેટ લીધી હતી. જેમાં ભારત સામે ૨૦૧૭માં પુણે ટેસ્ટમાં ૧૨ વિકેટનો સમાવેશ છે. સ્ટીફને પણ પુષ્ટિ આપી છે કે તેનું ફર્સ્ટ ક્લાસ કરિયર પૂરુ થઈ ચુક્યું છે.

ગત સિઝનમાં સ્ટીવે શેફિલ્ડ શિલ્ડમાં ૧૬ વિકેટ લીધી હતી અને તેની શાનદાર બોલિંગને કારણે ન્યૂ સાઉથ વેલ્સને બિરુદ આપ્યું હતું. સ્ટીફને કહ્યું હતું કે કરાર ન મળતાં તે નિરાશ હતો, પરંતુ તે ન્યૂ સાઉથ વેલ્સના નિર્ણયને સ્વીકારે છે.


સ્ટીવ નેશનલ ટીમ વતી નવ ટેસ્ટ મેચ રમ્યો હતો, જ્યારે સાત ટી -૨૦ મેચ રમવામાં આવી છે. તેણે ૮૮ ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે. તેણે આંતરરાષ્ટ્રીય ટી-૨૦ માં કુલ ૬ વિકેટ લીધી હતી. પ્રથમ વર્ગમાં ૩૦૧ વિકેટ લેતી વખતે સ્ટીવને પૂણે ટેસ્ટ માટે યાદ કરવામાં આવે છે. તેના કારણે કોહલીની ટીમને શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો.

બીગ-બીએ કોરોના વાયરસ મુદ્દે ભૂલ કરતાં લોકોએ ટ્વિટ કરી ટ્રોલ કર્યા

મુંબઈ

બોલિવૂડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે. કોરોના આઉટબ્રેક બાદ તે સતત તેનાથી જોડાયેલી પોસ્ટ કરી રહ્યા છે. હવે તેમણે એક ટ્વિટ કર્યું છે. જેમા તેમણે લખ્યું છે કે તે ઈચ્છે છે કે કોરોનાની ટ્રીટમેન્ટમાં આયુષ મિનિસ્ટ્રી હોમિયોપેથી આગળ આવે. આ ટ્વિટ માટે યૂઝર્સ તેમણે ટ્રોલ કર્યા છે. જોકેસ આ પહેલી વખત નથી કે તે કોરોના પોસ્ટ માટે ટ્રોલ થયા છે. આ પહેલા તે બે વખત સતત ખોટી જાણકારી ટ્વીટ કરી ચુક્યા છે અને ટ્રોલ થયા બાદ તેમણે તે પોસ્ટ ડિલીટ કરવી પડી.

કોરોના વાયરસ દુનિયાભર માટે માથાનો દુખાવો બની ચુક્યો છે. ડોક્ટર્સ, સાયન્સટિસ્ટ અને એક્ષપર્ટ તેની દવા અને વેક્સીન બનાવી રહ્યા છે.



લોકો તેનો ઈલાજ જાણવા માંગે છે. આ વચ્ચે સોશિયલ મીડિયા પર પણ અલગ-અલગ મેસેજ સર્કુલેટ થઈ રહ્યા છે. હવે હાલમાં જ અમિતાભ બચ્ચને આયુષ્માન મિનિસ્ટ્રીના વખાણ કર્યા અને લખ્યું કે હોમિયોપેથીમાં કોરોના વાયરસનો ઈલાજ મળી શકે છે. તેમણે એવી પણ આશા છે કે ભારતમાં ઈલાજ હશે.

અમિતાભ બચ્ચને લખ્યું. હોમિયોપેથીના ફાયદા મળવા પર હું આયુષ મિનિસ્ટ્રીનો કોરોનાથી છૂટકારો મેળવવાનો પ્રયાસ જોવા માટે ઉત્સાહિત છું. હું પ્રાર્થના કરું છું કે ભારત આવી મહામારીને સારી કરવા અને બચાવમાં વિશ્વગુરુ સાબિત થાય. અમિતાભની આ પોસ્ટ લોકોને પસંદ નથી આવી તેમણે બિગ બીને ટ્રોલ કરવાનું ટ્રોલ શરૂ કરી દીધું.

કોરોના સામે લડતા-લડતા ક્યાંક મીડિયાનો દમ ન નીકળી જાય..!?

- **કોરોના સામેની લડાઈમાં અખબારો પણ સરકારની સાથે....**
- **હજારો અખબારોને વિજ્ઞાપનમાં પડી રહેલી મુશ્કેલીઓ નિવારવા પ્રેસ કાઉન્સિલ આગળ આવે....**
- **અખબારોને બચાવવા સરકાર સમક્ષ કોઈ આર્થિક બૂસ્ટર ડોઝની જેમ રાહત પ્રસ્તાવ રજૂ થાય..**
- **પ્રેસ કાઉન્સિલ પ્રેસ અર્થાત અખબારોના હિત માટે છે. તેનું અસ્તિત્વ અખબારો પર જ નિર્ભર છે..**
- **તમામ મિડિયાકર્મીઓને પણ સરકારે ૫૦ લાખના વિમા સુરક્ષાથી આવરી લેવાની માંગણી યોગ્ય...**
- **ક્યાંક એવુ ના થાય કે કોરોના સામેની લડાઈ એકલા લડતા લડતાં અખબારોનો દમ ન નિકળી જાય...**
- **આપત્તિની આ વેળાએ તમામ અખબારો સરકારની પડખે છે ત્યારે સરકાર પણ એ અખબારી યોધ્ધાની પડખે ઉભી રહે તો કેવું....!**
- **નાના અખબારો કદમાં નાના હશે પણ તેમના સમાચારોની અસર રાઈના દાણાની જેમ તમતમતી હોય છે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે....**

સમગ્ર ભારત આજે ભયાનક જીવલેણ રોગચાળો કોરોના મહામારી સામે ઝઝમી રહ્યું છે. અમેરિકા જેવા જેવા દેશને હંફાવનાર આ મહામારીમાંથી ભારતને બચાવવા કેન્દ્ર સરકારે ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યું છે. આજે લોકડાઉનનો છઠ્ઠો દિવસ છે. લોકો પોતાના ઘરોમાં બેસીને ટીવીની સામે અને નેટ દ્વારા વેબ પર તાજા સમાચારો મેળવી રહ્યાં છે. છતાં સવારે અખબારો માટે લાખો-કરોડો લોકો રાહ જોતા હોય છે સતત ટીવીમાં જોયા પછી પણ. કેમ કે આજે ભલે નેટયુગ છે. પરંતુ મુદ્રિત માધ્યમ એટલે કે પ્રિન્ટ મિડિયાને હજુ લોકો ગળે લગાડે છે. પ્રિન્ટ મિડિયા અને ટીવી મિડિયાના કર્મીઓ ટલે કે પત્રકારો કોરોનાના કેર વચ્ચે પોતાના જાનનું જોખમ લઈને બહાર નિકળી રહ્યાં છે. પળે પળના સમાચારો મેળવીને જન જન સુધી અને ઘર ઘર સુધી પહોંચાડીને કોરોના સામેની લડાઈમાં ફ્રન્ટ પર લડનારા એટલે કે યુધ્ધના મોરચે લડનારા યોધ્ધાની જેમ ઝઝુમી રહ્યાં છે. કેમ કે લોકશાહીમાં ચોથી જાગીર પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહી છે. મોટા અખબારોથી લઈને જિલ્લામાંથી કે કોઈ નાના પ્રાંતમાંથી પ્રસિધ્ધ થતાં અખબારો વર્તમાન પરિસ્થિતિમાં સરકારની પડખે રહીને સરકારને સાથ આપી રહ્યાં છે કોરોનાને હરાવવા માટે.

કેન્દ્ર સરકારે કોરોના સામે લડી રહેલા ડોક્ટરો-નર્સો અને અન્ય કર્મીઓની સુરક્ષા માટે તેમને ૫૦ લાખના વિમાથી આવરી લીધા છે. તે એક સારી બાબત છે. આવા સુરક્ષા કવચથી તેઓ માનસિક તનાવથી દૂર રહીને કોરોના સામેની જંગમાં પોતાનો અમૂલ્ય ફાળો આપી શકે. મિડિયાકર્મીઓ પણ કોરોના સામેની લડાઈ સરકારની સાથે ખભે ખભા મિલાવીને લડી રહ્યાં હોય અને તેમને પણ કોરોનાનો ચેપ લાગવાનો ભય હોય ત્યારે તમામ મિડિયાકર્મીઓને પણ સરકારે ૫૦ લાખના વિમા સુરક્ષાથી આવરી લેવાની માંગણી યોગ્ય છે. સરકારે આ અંગે વિચારણા કરવી ઘટે.

કોરોના સામેની આ લડાઈમાં મિડિયાકર્મીઓની જેમ નાના અને મધ્યમ કક્ષાના અખબારો સહિત સૌ કોઈ સરકારની અપીલ, સરકારની માહિતી, સરકારના નિર્ણયો અને કોરોના સામે લડવા લોકોએ શું કરવુ જોઈએ તેની તમામ માહિતી લોકોને આપી રહ્યાં છે. જો કે કેન્દ્ર સરકારની વર્તમાન વિજ્ઞાપન નીતિને કારણે હજારો નાના મોટા અખબારોને જાહેરખબરો મેળવવામાં મુશ્કેલી પડી છે. ઘણા વિજ્ઞાપન યાદીમાંથી બાકાત થઈ ગયા છતાં એ તમામ અખબારો લોકશાહીમાં પોતાની નૈતિક ફરજ નિભાવીને સરકાર પ્રત્યે કોઈ નારાજગી રાખ્યા વગર સરકારનું કામ કરી રહ્યાં છે અને સરકારની માહિતી જન જન અને ઘર ઘર સુધી પહોંચાડી રહ્યાં છે.

સરકાર જાહેર એકમો-કોર્પોરેટ અને બેંકીંગ સેક્ટર સહિત અખબારોને છોડીને અન્ય તમામને મંદી કે આર્થિક સુસ્તીમાંથી બચાવવા અને તેમને ટકાવી રાખવા આર્થિક રાહત પેકેજ આપે છે. આપવુ પણ જોઈએ. કેમ કે દેશના આર્થિક વિકાસમાં એટલે કે જીડીપીમાં તેમનો ફાળો રહેલો છે. તેમને સરકાર આર્થિક રાહતોનું બૂસ્ટર ડોઝ આપે છે જેથી તેઓ તેમની ઉત્પાદકિય પ્રવૃતિઓ ચાલા રાખી શકે.



અખબારોને હજી સુધી ઉદ્યોગનો દરજ્જો અપાયો નથી. અખબાર સંગઠનોની આ માંગ વર્ષોથી છે કે તેમને ઉદ્યોગનો દર્જ્જો અપાય તો અન્ય ઉદ્યોગોની જેમ લોન વગેરે. મળી શકે. ઉદ્યોગનો દરજ્જો જ્યારે મળે ત્યારે પણ આજે જ્યારે કોરોનાને કારણે દેશના તમામ સેક્ટરોને અસર થઈ રહી છે ત્યારે અખબારો અને મિડિયા પણ તેમાંથી બાકાત નથી. મોટા ભાગના નાના અને મધ્યમ કક્ષાના અખબારોને ડીએવીપીની વર્તમાન પોલીસીને કારણે વિજ્ઞાપન વગેરે.ના લાભોમાંથી બાકાત રાખવામાં આવ્યાં છે કે રહી ગયા છે. સરકારની પોલીસીમાં ફેરફાર ન થાય એવું માની લેવાની પણ જરૂર નથી.. સરકારે જાહેર હિતમાં પોતાની ઘણી પોલીસીઓમાં ફેરફારો કરેલા જ છે. એકને કારણે બધાને દંડવાની નિતિ એ નિતિ નથી. આવા હજારો અખબારોનની વિજ્ઞાપન સહિતની અન્ય સમસ્યાઓ મમાટે અખબારોના સંગઠન જેમ કે પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, એડિટર્સ ગીલ્ડ, આઈએનએસ વગેરે.એ અખબારોના હિતમાં જ નહીં પરંતુ જાહેર હિતમાં અને ચોથી જાગીરનું યોગદાન અન્ય સેક્ટરોની જેમ દેશને મળતું રહે તે માટે આ અખબારોને બચાવવા સરકાર સમક્ષ કોઈ આર્થિક બૂસ્ટર ડોઝની જેમ રાહત પ્રસ્તાવ રજૂ કરે.

પ્રેસ કાઉન્સિલ પ્રેસ એટલે કે અખબારોના હિત માટે છે. તેનું અસ્તિત્વ અખબારો પર જ નિર્ભર છે અને અખબાર કહીએ ત્યારે મોટા ગજાના મિડિયા હાઉસની સાથે કોઈ તાલુકા કે કોઈ નાના કસ્બા શહેરો ટાઉનમાંથી નિકળતા નાના અને મધ્યમ અખબારોનો પણ સમાવેશ થાય છે. આખા ભારતના અખબારો માટે પ્રેસ કાઉન્સિલ છે, નહીં કે કોઈ મોટા મિડિયા હાઉસ માટે.

જેમ ભાજપ કે રાજકિય પક્ષો એક એક કાર્યકરના સંગાથથી મજબૂત અને સંગઠિત બને છે, તેમ એક એક નાના અખબારો ટાપા સમાન હોય પણ ભૂલવુ ન જોઈએ કે ટીપે ટીપે સરોવર ભરાય. એક એક અખબાર એકબીજાની સાથે મળે ત્યારે તે મોતીની માળા સમાન બને. તેમને એક માળામાં રાખવાનું કામ લોકશાહીમાં સરકાર અને જે તે સત્તાપક્ષના હાથમાં છે. વર્તમાન ડીએવીપીની વિજ્ઞાપન પોલીસીમાં બદલાવ કરીને જેઓ પોલીસીની બહાર થઈ ગયા કે બહાર રાખવામાં આવ્યાં એવા તમામ અખબારો કોરોના સામેની લડાઈમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક અવાજે તેમની સાથે છે. કેમ કે આ દેશ પર આવેલ સંકટની ઘડી છે. આ સરકારે મારી સાથે અન્યાય કર્યો એવી કોઈ નારાજગી રાખ્યા વગર તમામ અખબારો ગામે ગામ કોરોના સામે જંગમાં ઉભા છે અને ભલે ઓછુ સર્ક્યુલેશન પણ પેલી કહેવત છે ને કે નાનો પણ રાઈનો દાણો...એમ નાના અખબારો કદમાં નાના હશે પણ તેમના સમાચારોની અસર રાઈના દાણાની જેમ તમતમતી હોય છે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

પ્રેસ કાઉન્સિલ સંસ્થાએ દેશનના આવા અખબારોને પડેલી કે પડતી મુશ્કેલીઓ સાંભળીને તેમને પણ આર્થિક પેકેજનો લાભ મળે તેવી કામગીરી હાથ ધરવી જોઈએ. કાઉન્સિલ કહેશે તો અખબારો તેમના દફતરે આવશે તેમની સમસ્યાને લઈને. આજે નેટયુગમાં ભલે સમાચારો ઝડપથી મળતા હોય તેમ છતાં આખો દિવસ ટીવીમાં સમાચારો જોયા પછી પણ બીજા દિવસે સવારે અખબારની રાહ જોનારાઓની સંખ્યા લાખોમાં નહીં પણ કરોડોમાં છે....!! જે એ પૂરવાર કરે છે કે આજે પણ પ્રિન્ટ મિડિયાની સામાન્યમાં સામાન્ય વાચકને જરૂર છે. એ સામાન્ય વાચક સુધી સરકારનો અવાજ પહોંચાડવા ખબારને ટકાવવા તેને તેના સર્ક્યુલેશન પ્રમાણે વિજ્ઞાપન મળે, નિયમિત મળે એવી કોઈ ઠોસ રજૂઆત પ્રેસ કાઉન્સિલ અને અન્ય અખબારી સંગઠનોએ કરવી જ પડશે. આપત્તિની આ વેળાએ તમામ અખબારો સરકારની પડખે છે ત્યારે સરકાર પણ એ અખબારી યોધ્ધાની પડખે ઉભી રહે તો કેવું....! ક્યાંક એવુ ના થાય કે કોરોના સામેની લડાઈ એકલા લડતા લડતાં અખબારોનો દમ ન નિકળી જાય...કેમ કે જો પ્રિન્ટ મિડિયા જ નહીં બચે તો ક્યુ મિડિયા બચશે....તે પણ એક સવાલ થાય તે સ્વાભાવિક છે.

વહાણ વાવાઝોડા વચ્ચે ફસાયુ છે ત્યારે સીએએ અંગે વિચારણા થશે કે કેમ....?

દિલ્હીમાં થયેલા કોમવાદી તોફાનોના વિશ્વ કક્ષાએ પડઘા પડયા છે... તો હાઈકોર્ટે ભાજપાના નેતાઓના ઉશ્કેરણી જનક વાણીવિલાસની વીડીઓ ક્લિપ જોયા બાદ જે તે નેતાઓ સામે પોલીસને એફઆઈઆર નોંધવા આદેશ આપ્યાના બીજા જ દિવસે હાઈકોર્ટ જજની બદલી કરી નાખતા તેના પડઘા દેશભરમાં પડ્યા છે જેના કારણે મોદી સરકાર અને ભાજપા ઉપરનો લોકોનો જે વિશ્વાસ હતો તેમાં ભારે ધોવાણ થઈ ગયું છે.....! અને આવા જ સમયે પ્રશાંત કિશોરની સીએએના વિરોધ કરવા બદલ નીતીશકુમાર જેડીયુમાથી હકાલપટ્ટી કરી દીધી હતી અને અત્યારે આખરે નીતીશકુમારે જ તેમની વાત સ્વીકારવી પડી છે.... મતલબ બિહાર ભાજપા સરકારે એનઆરસીનો અમલ કરવામાં નહી આવે તેવું ડંકાની ચોટ ઉપર જાહેર કરી દેવાની ફરજ પડી છે.....! અને આ તમામ ઘટનાઓ ના પડઘા ખાસ તો અમેરિકા-- બ્રિટન માં પડતા કેન્દ્ર સરકાર- ભાજપા ભીસમા મુકાઈ ગયા છે.....! તો બિહારમાં નીતિશ-ભાજપાની સરકાર છે અને કેન્દ્રમાં સ્પષ્ટ બહુમતી સાથે ભાજપા અને મોદી સરકાર છે... છતાં બિહાર સરકારે અમલ ન કરવાનો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરી જાતિ આધારિત વસતિ ગણતરી કરવાની મંજૂરીની મહોર મારી દીધી છે.... જેના કારણે ભાજપાની બે મોઢાની વાત પ્રજા સામે જાહેર થઈ ગઈ છે. અને આવા સમયે ઓડિશાના મુખ્યમંત્રીએ અમિત શાહની હાજરીમાં મળેલ બેઠકમાં જ ઝોનલ પેકેજની માંગ કરી દીધી. જેને કારણે ભાજપા-કેન્દ્ર સરકાર વધુ ભીંસમાં મુકાઈ ગઈ છે... કારણ જો તેને પેકેજ આપવામાં આવે તો કર્ણાટક સહિતના અન્ય રાજ્યો પણ ઉભા થઈ જાય....! દિલ્હીના તોફાનો બાબતે ફરિયાદ નોંધાતા જ આમ આદમી પાર્ટીએ તેમને પક્ષમાંથી તાહિર હુસેનને બરતરફ કરી દીધો છે... ત્યારે દિલ્હી હાઈકોર્ટે ભાજપાના નેતાઓના ઉશ્કેરણી જનક ભાષણો કરવા માટે એફઆઈઆર નોંધવા આદેશ કરવા છતાં પોલીસે કોઈ જ પગલાં નથી લીધા.... તો ભાજપાએ આ નેતાઓને પક્ષમાંથી પડતા તો નથી મૂક્યા પણ મોદી સરકારે પણ આ બાબતે કોઈ પગલાં નથી લીધા.. તો દિલ્હી ખાતે સોનિયા ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ યોજી "રાજધર્મ" નિભાવવા કેન્દ્ર સરકારને કહેલ તેની સામે એટલે કે રાજધર્મ બાબતે જવાબ આપવા રવિશંકર પ્રસાદે પ્રેસ-કોન્ફરન્સ બોલાવી હતી તેમાં પત્રકારોએ ઉશ્કેરણીજનક ભાષણ આપનાર ભાજપાના કપિલ મિશ્રા, અનુરાગ ઠાકુર સહિતના માટે પ્રશ્ન ઉઠાવતા રવિશંકરે કોઈ જવાબ આપ્યો ન હતો જેના કારણે આમ પ્રજામાં ભાજપાની નીતિ માત્ર અન્યોને માટે છે પણ નેતાઓ માટે નથી..તેવો સંદેશો પહોચતા લોકોમા ટીકિઓ શરૂ થઈ ગઈ છે .....અને આ બાબતે ભાજપાના રાજનેતાઓ ભીસમા આવી ગયા છે.....!

દિલ્હીના કોમી તોફાનોના પડઘા અમેરિકામાં મોટા પ્રમાણમાં પડ્યા છે કારણ કે ટ્રમ્પ દિલ્હીમાં હતા અને તાજમહેલની મુલાકાતે હતા ત્યારે બીજી તરફ શાહીનબાગ વિસ્તારના ૧૦ જેટલા જિલ્લાઓમાં કોમી હુતાશની પ્રગટી ગઈ હતી.... અને પોલીસે જે પ્રકારના પગલા લેવા જોઈએ તેવા લીધા ન હતા....! પરિણામે ચાલીસ જેટલા લોકોએ કોમી હિંસામાં જીવ ગુમાવવા પડયા હતા.. અને ટ્રમ્પ અમેરિકા પહોંચ્યા ત્યારે વેલકમના બદલે રાષ્ટ્રપતિપદના તેમના હરિફ ઉમેદવાર બર્ની સેન્ડર્સ એ સીધા તેમને ટાર્ગેટ બનાવતા નિવેદન ફટકારી દીધું હતું.... તેમને ટ્રમ્પ પર સીધો આરોપ મૂક્યો કે દિલ્હીમાં હિંસા છતાં ટ્રમ્પે મૌન સાધી લીધુ જેને અમેરિકાના નેતૃત્વની નિષ્ફળતા ગણાવી ને રાજકિય મુદ્દો બનાવી દીધો હતો. તેના અમેરિકામાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ત્યાંના અગત્યના મોટા ગણાતા દૈનિકોમાં આ સમાચારોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે... તો યુએનના વડાએ દિલ્હી તોફાનો બાબતે ખેદ વ્યક્ત કરવા સાથે ગાંધીજીના વિચારોના અમવની જરૂર છે.... તો તેના પ્રવક્તાએ કહ્યું કે નાગરિકતા કાયદાને કારણે ભારતમાં થયેલી હિંસાને દસકાઓ સુધી ભુલાશે નહીં.... તો યુરોપીયન યુનીયન બાદ બ્રિટને પણ દરમિયાનગીરી કરતાં કહ્યું છે કે ભારતમાં સીએએ કાયદો ભાગલા પાડી રહ્યો છે.. અને આ મુદ્દે બ્રિટનની સંસદમાં ચર્ચા થઈ હતી.. જેમા સીએએ બાબતે નરેન્દ્ર મોદી સાથે વાત કરવા પણ માંગ થઈ હતી.... મતલબ વિશ્વકક્ષાએ સીએએને લઈને- દિલ્હીમાં થયેલા તોફાનોને લઈને મોદી સરકારની ટીકાઓ થઈ રહી છે. તેની અસર દેશના વેપાર ન પડે તે માટે મોદી સરકારે જરૂરી પગલાં લેવા પડશે...! નહીં તો ભાજપાનું ભવિષ્ય ડામાડોળ થઈ જશે.....! તેવી સંભાવના વધુ છે.....! વંદે માતરમ્

..સાવધાન.અપને આપ કો સંભાલો વર્ના યે દેશ સંભાલના મુશ્કિલ હો સકતા હૈ..!

ચીનના સત્તાવાળાઓ લોકોને આ રોગથી બચાવવા તેમને ઘરમાં જ રહેવા જે બળપ્રયોગ કરતાં હતા તે યોગ્ય હતું.! લોકોએ સમજી વિચારીને આ રોગથી બચવું હોય તો સ્ટે એટ હોમની નીતિ હાલમાં અપનાવવી જ પડશે. કારણ? નહીંતર.

કોરોના.જે ઝડપે આખી દુનિયામાં મોબાઈલ ટેકનોલોજી ફેલાઈ તેના કરતાં પણ વધુ ઝડપે કોરોના વાયરસ ચીનથી શરૂ થઈને ગણતરીના દિવસોમાં જ દુનિયાના ૧૯૫ દેશોમાં પહોંચી ગયો છે. તેની ભયાનકતા જોઈને ભલભલા ફફડી રહ્યાં છે. ચીનમાં વુહાન નામના શહેરમાં ૨૦૨૦ની શરૂઆતમાં આ રોગ ફેલાયો અને ત્યાના લોકોને પોલીસ દ્વારા જે બળજબરીપૂર્વક ઘરોમાં રાખવામાં આવે છે તેના વિડિયો જોઈને ઘણાને એમ થતું હતું કે ચીન સરકાર તેમના પર અત્યાચાર કરી રહી છે. પરંતુ જેમ જેમ તેની ભયાનકતા અને ચીન પછી ઈટલી અને અમેરિકામાં આ રોગે પોતાનો પંજો ફેલાયો તે જોઈને હવે એમ લાગે છે કે ચીનના સત્તાવાળાઓ લોકોને આ રોગથી બચાવવા તેમને ઘરમાં જ રહેવા જે બળપ્રયોગ કરતાં હતા તે યોગ્ય હતું.!

ભારતની વાત કરીએ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધઝનમાં વારંવાર બે હાથ જોડીને લોકોને ઘરોમાં જ રહેવા જે અપીલ કરી તેનો મર્મ લોકોએ સમજીને આ રોગથી બચવું હોય તો સ્ટે એટ હોમની નીતિ હાલમાં અપનાવવી જ પડશે. કારણ?

કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય સરકારો એ બાબત સારી રીતે જાણે છે કે કોરોનામાં હવે શું થવાનું છેપ.! તેથી દરેક રાજ્યમાં તાબડતોડ ૫૦૦ કે ૧૦૦૦ બેડની કામચલાઉ હોસ્પિટલો યુધ્ધના ધોરણે તૈયાર કરવામાં આવી રહી છે. જેમ જેમ સમય જશે તેમ તેમ કોમ્યુનિટી ટ્રાન્સમિટ દ્વારા એટલે કે એકબીજાના સંપર્કમાં આવીને જેઓ આ રોગના લક્ષણો ધરાવે છે તેમની સંખ્યા રાતોરાત વધી જવાની છે. અને એક તબક્કે કદાજ હોસ્પિટલોમાં જગ્યા જ નહીં રહેપ! સરકારે આર્મીને પણ પણ તૈયાર રહેવા જણાવ્યું છે. અને અમેરિકાની જેમ ભારતમાં પણ કોરોના સામે લડવા આર્મીને મેદાનમાં ઉતારવી પડે તો પણ નવાઈ નહીં. આવું ભારતમાં ક્યારેય બન્યું નથી. ૧૩૦ કરોડની આબાદીવાળો દેશ જાણે થંભી ગયોપ! વિમાન-ટ્રેન-બસો-વાહનો બધુ જ બંધ. લોકો અમુક દિવસ એકબીજાથી દૂર રહે તો કોરોનાના વાઈરસના ફેલાવાનો જે ચક્ર છે તે તૂટી જાય. અને રોગનો ફેલાવો અટકે., ગુજરાત અને દેશના કેટલાક લોકો તેને હળવાશથી લઈ રહ્યાં છે. પરંતુ જ્યારે સૂમસામ રોડ પરથી રાતના સન્નાટાને વિંધીને એમ્બ્યુલન્સની ગાડીઓ એક પછી એક એક સાથે સાયરન વગાડતી નિકળશે ત્યારે તે સાંભળીને લાગશે કે આ શું થઈ ગયું.! આ એક સંભવિત સત્ય બનવાનું સત્તાવાળાઓ જાણે છે તેથી ઓછામાં ઓછા લોકોને હોસ્પિટલમાં રાખવા પડે તે માટે લોકોને ઘરમાં રહેવા કહી રહ્યાં છે.

આરોગ્ય નિષ્ણાતોએ સરકારને જાણ કરી જ છે કે આ રોગના દર્દીઓ ક્યારે એકાએક વધશે. જેમ કે અમેરિકામાં એક જ દિવસમાં ૧૦ હજાર કેસો બહાર આવ્યાં તેમ ભારતમાં પણ નહીં થાય એમ માની લેવાની જરૂર નથી. તે માટે એ લોકો જવાબદાર હશે કે જેઓ સરકારની મનાઈ છતાં મોજમજા માટે લોકડાઉનમાં ટહેલવા નિકળતા હતાપ.! ૬ કરોડની વસ્તી ધરાવનાર અમેરિકાની આ હાલત છે તો ૧૩૦ કરોડવી વસ્તીવાળા ભારતમાં આ રોગ બોંબની જેમ બહાર આવશે ત્યારે તેની ભયાનકતાનો લોકોને ખ્યાલ આવશે અને જેઓ ઘરમાં રહ્યાં તેઓ વિચારશે કે હાશપ.આપણે બચી ગયાપ.!! એમ કહી શકાય કે ભારત કોરોનાના ટાઈમ બોંબ પર બેઠુ છે. અને ચીન-ઈટલી-અમેરિકાની જેમ કુછ ભી હો સકતા હૈ.સાવધાન.અપને આપ કો સંભાળો વર્ના યે દેશ સંભાલના મુશ્કિલ હો સકતા હૈ..!

કોરોના સામેની બેદરકારી ભારતને સામાજિકની જેમ આર્થિક રીતે પણ ભારે પડી શકે. બધુ જ ઠપ્પ. આવશ્યક ઉત્પાદન અને સેવા સિવાય બધુ જ બંધ છે લોકોને એકબીજાથી દૂર રાખવા માટે. આર્થિક બાબત પર જો નજર નાંખીએ તો, કોરોના વાયરસ અને ૨૧ દિવસના લોકડાઉનની ભારતીય અર્થતંત્ર પર માઠી અસર પડશે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતનો વિકાસ દર ઘટીને ૨.૬ ટકા પર પહોંચી ત્રણ દાયકાના તળીયે આવી જશે તેમ દેશની સૌથી મોટી બેંક જીમેંના ગ્રુપ ચીફ ઈકોનોમિક એડવાઈઝર દ્વારા જણાવાયું છે. રેટિંગ એજન્સી ક્રિસિલ પણ આર્થિક વિકાસના દરના અગાઉના ૫.૨ ટકાના અંદાજને ઘટાડીને ૩.૫ ટકા કરી ચૂકી છે.

૨૦૨૦માં પણ આ જ પ્રકારે ગ્લોબલ જીડીપી ઘટશે તેવો અંદાજ વ્યક્ત કરતાં એસબીઆઈનું રિસર્ચ જણાવે છે કે દુનિયાના જીડીપીમાં ભારતનો હિસ્સો ૩.૫ ટકા છે, અને તેમાં બે ટકાનો ઘટાડો થવાની શક્યતા છે. આ સિવાય રિયલ જીડીપીમાં ૨૧ દિવસના લોકડાઉનને કારણે ૧.૭ ટકા જેટલી નકારાત્મક અસર પડશે. લોકડાઉનને કારણે ૭૦ ટકા જેટલી ઈકોનોમી થંભી ગઈ છે. જેથી ૨૦૨૧માં જીડીપી ૨.૬ ટકા રહી શકે છે, આ એક નકારાત્મક ટ્રેન્ડ છે અને ૨૦૨૦-૨૧ના પહેલા ક્વાર્ટરમાં તેની અસર દેખાશે. ૨૦૨૦નો જીડીપી રેટ પણ ૫ ટકાથી ઘટીને ૪.૫ ટકા થશે અને ચોથા ક્વાર્ટરમાં જીડીપી રેટ ૨.૫ ટકા રહેશે.

એસબીઆઈના ચીફ ઈકોનોમિક એડવાઈઝર સૌમ્યા કાંતિ ઘોષના જણાવ્યા અનુસાર, લોકડાઉનને કારણે ૮ લાખ કરોડ રુપિયાનું નુક્સાન જશે, આવકમાં ૧.૭૭ લાખ કરોડનો ઘટાડો થશે, અને મૂડી આવક ૧.૭ લાખ કરોડ ઘટશે. છેલ્લા ૬૦ વર્ષમાં વૈશ્વિક જીડીપીમાં ૨૦૦૯ના વર્ષમાં જ ૧.૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

કોરોના જંગમાં અમેરિકાએ ભારતની મદદ માંગી: મેલેરિયાની દવા આપવા અનુરોધ કર્યો

મે મોદી સાથે વાત કરી યુએસમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે હાઈડ્રોક્સીક્લોરોક્વિનનો જથ્થો આપવા વિનંતી કરી છેઃ ટ્રમ્પ

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના મહામારીની સામે જંગ લડવા માટે ભારતને સહયોગ કરવા માટે અનુરોધ કર્યો છે. ટ્રમ્પે જણાવ્યું છે કે તેમણે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે હાઈડ્રોક્સીક્લોરોક્વિનનો જથ્થો અમેરિકાના આપવા માટે વિનંતી કરી છે. ભારતે ગત મહિને મેલેરિયાના દર્દીઓની સારવારમાં ઉપયોગી આ દવાની નિકાસ પર પ્રતિબંધ લાદ્યો હતો. અમેરિકામાં દિનપ્રતિદિન કોરોનાગ્રસ્ત દર્દીઓનો આકંડો વધી રહ્યો છે તેને જોતા અમેરિકાએ વૈશ્વિક મહામારી સામે લડવા હવે ભારત તરફ નજર દોડાવી છે.

ટ્રમ્પે જણાવ્યું કે તેમણે પીએમ મોદી સાથે શનિવારે સવારે વાત કરી હતી અને હાઈડ્રોક્સીક્લોરોક્વિનનો પર્યાપ્ત પુરવઠાની ખેપ અમેરિકા મોકલવા અનુરોધ કર્યો હતો.

'ભારત મોટાપાયે હાઈડ્રોક્સીક્લોરોક્વિનનું ઉત્પાદન કરે છે. કોરોનાના દર્દીઓની સારવારમાં મેલેરિયાની આ દવાનો ઉપગોય કારગર નિવડ્યો હોવાનું જણાતા અમેરિકાએ આનો જથ્થો ભારત પાસે માંગ્યો છે. તેઓ આ તરફ ગંભીર રીતે વિચારી રહ્યા છે.'

ભારતના ડિરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડે ૨૫ માર્ચના રોજ હાઈડ્રોક્સિક્લોરોક્વિનની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો જો કે માનવતાના ધોરણે વિશેષ મંજૂરી સાથે તેની નિકાસને મંજૂરી આપવામાં આવશે.

અમેરિકામાં કોરોના વાયરસના કુલ ત્રણ લાખથી પણ વધુ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૮,૦૦૦ને પાર થઈ ગયો છે. ન્યૂયોર્કમાં ૫૦૦થી વધુ લોકોના કોરોના સંક્રમણથી મોત થયા છે. અમેરિકામાં ટ્રમ્પ પ્રશાસને કેટલાક ટ્રાયલમાં જોયું કે હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવા જે દાયકા પૂર્વે મેલેરિયાની રસી તરીકે વિકસાવવામાં આવી હતી તે કોરોનાના દર્દીઓની સારવારમાં અસરકારક પરિણામ આપે છે. યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનની મંજૂરીને પગલે આ દવાને અન્ય દવા સાથે દર્દીઓને આપવામાં આવી રહી છે.

પાકિસ્તાન એટીસીએ એર ઈન્ડિયાને કહ્યું,અમને તમારા પર ગર્વ છે

ઈસ્લામાબાદ

કોરોનાની મહામારી વચ્ચે પણ વિદેશોમાં ફસાયેલા ભારતીયોને પાછા લાવવા કે રાહત સામગ્રી પહોંચાડવા માટે એર ઈન્ડિયાના વિમાનોએ સંખ્યાબંધ ઉડાનો ભરી હતી.

એર ઈન્ડિયાના આ મિશનને પાકિસ્તાની એર ટ્રાફિક કન્ટ્રોલ(એટીસી)એ પણ સલામ કરી છે.ભારતની બૂરાઈ કરવામાં એક તરફ પાકિસ્તાની સરકાર પાછી પાની નથી કરતી ત્યારે પાકિસ્તાનમાં કેટલાક એવા પણ છે જે ભારતને સારા કામ માટે દાદ પણ આપે છે.

એર ઈન્ડિયાના એક પાયલોટે પોતાનો અનુભવ વર્ણવતા કહ્યુ હતુ કે, લોકડાઉનમાં ફસાયેલા યુરોપના નાગરિકોને લઈને વિમાન જર્મની જઈ રહ્યુ હતુ અને વિમાનમાં રાહત સામગ્રી પણ હતી.જેવા અમે પાકિસ્તાનની એર સ્પેસમાં પ્રવેશ કર્યો કે, પાકિસ્તાન એટીસીએ અમારુ સ્વાગત કર્યુ હતુ. એર ટ્રાફિક કન્ટ્રોલરને અમે જ્યારે કન્ફર્મ કર્યુ હતુ કે, અમે રાહત સામગ્રી લઈને જઈ રહ્યા છે ત્યારે કન્ટ્રોલરે કહ્યુ હતુ કે, અમને ગર્વ છે કે, આ પ્રકારના રોગચાળા વચ્ચે પણ તમારા વિમાન ઉડાન ભરી રહ્યા છે. પાયલોટે કહ્યુ હતુ કે, એ પછી અમે પણ તેમનો આભાર માન્ય હતો.પાક એટીસીએ ઈરાનના એટીસી સાથે સંપર્ક સાધવામાં પણ અમારી મદદ કરી હતી.

હોસ્પિટલ સ્ટાફે કહ્યું,ચારે બાજુ ચર્ચા

તબ્લિગી જમાતીયા હોસ્પિટલમાં ૨૫-૩૦ રોટલીઓની માંગ કરી રહ્યા છે

ન્યુ દિલ્હી

દિલ્હીની તબલિગી જમાતમાં ભાગ લીધા બાદ દેહરાદૂન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા જમાતીયાઓએ અહીં પણ ભયની સ્થિતિ ઉભી કરી દીધી છે. હોસ્પિટલમાં દાખલ જમાતીયાઓ ડોક્ટર્સ પાસે અલગ-અલગ માંગણી કરી રહ્યાં છે. સ્થિતિ એવી છે કે જમાતમાં ભાગ લીધા બાદ દાખલ કરવામાં આવેલા દર્દી જમવામાં ૨૫-૩૦ રોટલીઓ ખાઈ રહ્યાં છે, જ્યારે સામાન્ય રીતે હોસ્પિટલના મેન્યૂમાં દર્દીઓને ચાર રોટલી, શાક અને દાળ ખાવામાં આપવામાં આવે છે. આખા દેશમાં જમાતીયાઓની ચારેયબાજુ ચર્ચા થઈ રહી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે દૂન હોસ્પિટલમાં તબલિગી જમાતમાં ભાગ લેનારા કુલ ૨૮ લોકો દાખલ છે. તેમાંથી પાંચ ચેપગ્રસ્ત છે, જ્યારે ૨૩ બીજા શંકાસ્પદ સંક્રમણને કારણે હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં છે. આ દર્દીમાં ઘણાની અભદ્રતાથી ડૉકટર્સ અને પેરામેડિકલ સ્ટાફ પરેશાન છે. તો ઘણા જમવાનું અને ચાની ખોટી માંગણીઓ કરીને ડોક્ટર્સને હેરાન-પરેશાન કરી રહ્યાં છે.

હોસ્પિટલના સ્ટાફનું કહેવું છે કે હોસ્પિટલમાં દાખલ એક કોરોના પોઝિટિવ જમાતીએ હોસ્પિટલના વોર્ડમાં થૂકવાનું શરૂ કર્યું હતું. બાદમાં હોસ્પિટલના કર્મચારીઓએ તેને સમજાવીને શાંત કર્યો હતો. આ સિવાય દરરોજ ઘણા જમાતી ચાના કપની જગ્યાએ મોટો ગ્લાસ આપવા કે અન્ય કોઈ ડિશની માગ કરીને કર્મચારીઓ સાથે ખટપટ કરી રહ્યાં છે. તેવામાં સારવારની મુશ્કેલી વચ્ચે હોસ્પિટલમાં ડોક્ટરો માટે આ જમાતીઓની માંગણી પૂરી કરવી મુશ્કેલ બની ગયું છે.

ચાની દુકાને ઉગ્ર ચર્ચા થતાં ફાયરિંગઃ ૧નું મોત

પ્રયાગરાજ

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં લૉકડાઉન દરમિયાન ખૂલેલી એક ચાની દુકાન પર થઈ રહેલી ચર્ચા દરમિયાન શરૂ થયેલા વિવાદમાં એક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. ઘટના કરેલી પોલીસ સ્ટેશન હદના બક્શી મોઢાની છે. જ્યાં લૉકડાઉન લાગુ હોવા છતાંય ચાની દુકાન ખોલવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, આ દરમિયાન ત્યાં હાજર લોટન નિષાદ અને મોહમ્મદ સોનાની વચ્ચે કોરોના વાયરસને લઈને થયેલી ઉગ્ર ચર્ચા એ હદે વધી ગઈ કે ફાયરિંગ થઈ ગયું. મોહમ્મદ સોના દ્વારા કરવામાં આવેલા ફાયરિંગમાં નિષાદને ગોળી વાગી, જેના કારણે તેનું મોત થઈ ગયું. ઘટનાની જાણ થતાં જ ત્યાં પહોંચેલી પોલીસે આરોપી મોહમ્મદ સોનાની ધરપકડ કરીને મામલાની તપાસ શરૂ કરી દીધી છે. શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, કેટલાક લોકો ચાની દુકાન પર એકત્ર થઈને ચર્ચા કરી રહ્યા હતા. આ દરમિયાન નિષાદ અને મોહમ્મદ સોનામાં કોઈ વાતે ઉગ્ર ચર્ચા શઈ થઈ ગઈ. ત્યારબાદ મોહમ્મદ સોના એ ગોળી ચલાવી દીધી. જેનાથી લોટનનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. હાલ પોલીસ મામલાની તપાસ કરી રહી છે. સાથોસાથ લૉકડાઉનમાં ચાની કુદાન ખોલવાની પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ તપાસ બાદ ચાની દુકાનના માલિક સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આતંકી સંગઠન હિજબુલના ચીફ સૈયદ સલાહુદ્દીનનું નિવેદન

દુનિયાભરમાં મુસલમાનો પર થયેલા જુલમોને કારણે આવ્યો કોરોના વાયરસ

ન્યુ દિલ્હી

આતંકવાદી સંગઠન હિજબુલ મુજાહિદ્દીનના ચીફ સૈયદ સલાહુદ્દીનએ કોરોના વાયરસને ધર્મ સાથે જોડી દીધો છે. તેણે કહ્યું છે કે કોરોના વાયરસ દુનિયામાં એટલા માટે આવ્યો કારણ કે દરેક સ્થળે મુસલમાનો પર જુલમ કરવામાં આવી રહ્યા છે. સલાહુદ્દીને એવું પણ કહ્યું કે હવે આ બીમારી એવા લોકોને પોતાનો શિકાર બનાવશે, જેમણે દુનિયાભરમાં મુસલમાનોને હેરાન કર્યા છે. આ ખતરનાક આતંકીએ પોતાના ઓડિયો સંદેશ જાહેર કર્યો છે. ૫ મિનિટના આ ઓડિયોમાં તેણે દુનિયાના અનેક નેતાઓને ધમકી પણ આપી છે. સલાહુદ્દીને કહ્યું કે, કોરોના વાયરસ એક એવી બીમારી છે, જેની કોઈ સારવાર નથી. વિજ્ઞાનમાં પણ તેની સામે નિષ્ફળ છે અને આ બીમારીનું મુખ્ય કારણ છે મુસલમાનો પર દુનિયાભરમાં ત્રાસ ગુજારવો. તેમની પર જુલમ કરવામાં આવી રહ્યા છે. રોહિંગ્યા મુસલમાન, પેલેસ્ટાઈન અને કાશ્મીરીઓ પર જુલા થયા છે, તે સમયથી આ બીમારીએ જકડી લીધા છે. થોડીક મુસલમાન સરકારો ઓશો-આરામમાં પોતાના દીનને ભૂલી ગઈ હતી તેઓ પણ ગુનેગાર છે. સલાહુદ્દીને કહ્યું કે, આ બીમારીથી તકેદારી રાખવી જોઈએ, પરંતુ અલ્લાહ સૌથી મોટા છે. ભારતમાં જે કાશ્મીરીઓ પર પીએમ મોદી જુલમ કરી રહ્યા છે હવે આ બીમારીથી તેઓ પણ બચી નહીં શકે. દુનિયાભરમાં આ બીમારીએ પગ ફેલાવી દીધા છે. આપણે આ સમયમાં તકેદારી રાખવી અને અલ્લાહ પર ભરોસો મૂકવાનો છે.

મલેશિયા ભાગવાની ફિરાકમાં હતા

મરકજમાં આવેલ મલેશિયાના ૮ નાગરિકોને દિલ્હી એરપોર્ટથી ઝડપી લેવાયા

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનો કહેર વિશ્વભરમાં જોવા મળી રહ્યો છે. ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૦૦૦ને પાર કરી ગઈ છે અને આ સંખ્યા ઝડપથી વધી રહી છે. નિઝામુદ્દીન વિસ્તારમાં તબલીગી જમાતની ઈવેન્ટનો કેસ સામે આવ્યા બાદથી કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. એવામાં તબલીગી જમાત સાથે જોડાયેલા વિદેશીઓને પણ એરપોર્ટ પર કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

રવિવારે મલેશિયાના ૮ નાગરિકોને ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ (દિલ્હી એરપોર્ટ) પર કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. આ તમામ લોકો તાજેતરમાં તબલીગી જમાતના કાર્યક્રમમાં સામેલ થયા હતા. આઈજીઆઈ ઈમિગ્રેશન વિભાગે મલેશિયા માટે માલિંદો એર રિલીફ ફ્લાઈટમાં સવાર થવાનો પ્રયાસ કરતા આ લોકોને પકડ્યા હતા, તેમણે પોલીસને સોપી દેવામાં આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે આ તમામ મલેશિયાથી રાહત સામગ્રી લઈને આવેલી ફ્લાઈટમાં ચડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઈમિગ્રેશન અધિકારીઓએ તેમણે ટ્રેસ કરી લીધા હતા.

૮ એપ્રિલે વડાપ્રધાન મોદી વીડિયો કોન્ફરન્સથી વાત કરશે

વડાપ્રધાન મોદીની વિપક્ષી નેતાઓ સાથે ચર્ચાઃ ટીએમસી સામેલ નહિ થાય

ન્યુ દિલ્હી

તૃણમૂલ કોંગ્રેસ સાંસદોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિભિન્ન પાર્ટીઓના નેતાઓ સાથે ૮ એપ્રિલે આયોજિત ચર્ચામાં સામેલ થવાનો ઈંકાર કર્યો છે. ટીએમસીએ જણાવ્યું કે, આ બેઠક માત્ર ફોટો પડાવવા માટે છે. વડાપ્રધાન મોદી સંસદમાં અલગ-અલગ રાજનીતિક પાર્ટીઓના નેતાઓ સાથે વીડિયો કોન્ફ્રન્સિંગ મારફતે કોરોના સંદર્ભે વાત કરશે.

આ અંગે તૃણમૂલ કોંગ્રેસના સુત્રોએ જણાવ્યું કે, છેલ્લા કેટલાક દિવસોથી પાર્ટી કોરોના વાઈરસ મામલે સંસદમાં ચર્ચાની માંગ કરી રહી હતી, ત્યારે કેમ ના થઈ? મમતા બેનર્જીની પાર્ટીના વરિષ્ઠ નેતાએ જણાવ્યું કે, તૃણમૂલ કોંગ્રેસ બેઠકમાં સામેલ નહીં થાય. અમે માર્ચ મહિનાથી જ કોરોના મુદ્દે સંસદ અને સર્વદલીય બેઠકમાં ચર્ચાની માંગ કરતા આવ્યા છીએ, ત્યારે અમારી વાત સાંભળવામાં ના આવી અને હવે બેઠક કેમ? શું માત્ર ફોટો પડાવવા માટે બેઠક બોલાવાઈ છે?

સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે, વડાપ્રધાન ૮ એપ્રિલે સવારે ૧૧ વાગ્યે સંસદ ભવનમાં એવી પાર્ટીઓના નેતાઓ સાથે વાતચીત કરશે, જેના લોકસભા અને રાજ્યસભામાં ૫ કે તેથી વધારે સભ્યો છે. એવું મનાય છે કે, આ બેઠકમાં રાષ્ટ્રવ્યાપી લૉકડાઉન સહિત કોરોના વાઈરસના સંકટ પર ચર્ચા થશે.

બ્રિટિશ વડાપ્રધાની ગર્ભવતી મંગેતરમાં પણ કોરોના લક્ષણો મળ્યા

લંડન

બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જહોનસનની મંગેતર કેરી સાયમન્ડ્સે જણાવ્યું છે કે તે પણ કોરોના વાયરસ જેવા લક્ષણોની લાગણી અનુભવી રહી છે. જો કે, સાયમન્ડ્સે કહ્યું છે કે તેણીનું પરીક્ષણ થયું નથી અને તે એક અઠવાડિયા માટે આરામ કરી રહી છે. સાયમન્ડ્સ હાલમાં બોરિસ જોહ્નસનથી અલગ છે કારણ કે પીએમ જોહ્નસનને ગયા અઠવાડિયે કોરોના વાયરસથી ચેપ લાગ્યો હતો એટલે તે એકલતામાં છે.

બ્રિટીશ અખબાર મુજબ વડા પ્રધાન બોરીસ જહોનસન પછી તેની સગર્ભા મંગેતર કેરી સાયમન્ડમાં પણ કોરોનાનાં લક્ષણો જોવા મળ્યાં છે. જો કે સાયમન્ડે કહ્યું છે કે તે એક અઠવાડિયાના આરામ પછી સારું અનુભવી રહી છે. સાયમન્ડ્સે ટ્વીટ કરીને આ માહિતી શેર કરી છે.

કેરી સાયમન્ડ્સે ટ્વિટ કર્યું હતું કે સાત દિવસ આરામ કર્યા બાદ હવે તેને વધુ સારું લાગે છે. તેણે લખ્યું, 'મેં છેલ્લા અઠવાડિયે બેડમાં કોરોના વાયરસના મુખ્ય લક્ષણો સાથે વિતાવ્યા. હું પરીક્ષણ લેવાની જરૂરિયાત સમજી શકી નહીં અને સાત દિવસના આરામ પછી મને સારું લાગે છે અને મારી તબિયત સુધરે છે.

કેરી સાયમન્ડ્સે ગર્ભવતી મહિલાઓને સલાહ આપી છે કે જેઓ સૌથી વધુ જોખમકારક વર્ગમાં ગણાય છે, અને રોયલ કોલેજ ઓબ્સ્ટેટ્રિશિયન્સ અને ગાયનેકોલોજિસ્ટની એક લિંકને ટ્વીટ કરી હતી. કેરી સાયમન્ડ્સે ટ્વિટ કર્યું કે "કોવિડ -૧૯ થી ગર્ભવતી થવું સ્વાભાવિક રીતે ચિંતાજનક છે. તેણે લખ્યું છે, 'અન્ય સગર્ભા સ્ત્રીઓ આ વાંચે અને સલાહ જરૂરી પાળે.

૨૪ કલાકમાં ૧૩૦૦ નવા કેસ, ૩૫ના મોત

રાજ્યમાં વધતા પહેલા પાનાનું ચાલું

જ્યારે અત્યારસુધીમાં ૧૧ના મોત નીપજ્યાં છે. છોટાઉદેપુરના પાવીજેતપુર અને બોડેલી ગામનો શખ્સ તબલીઘ જમાતની મરકજથી પરત આવ્યો હતો. બે દિવસ પહેલા બે શખ્સ સહિત ૮ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી બોડેલીના શખ્સનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. રાજયમાં કુલ ૧૨૨ પોઝિટિવ કેસમાંથી ૭૨ લોકલ ટ્રાન્સમિશનના કેસ છે.

જિલ્લાવાર વિગત જાણીએ તો અમદાવાદમાં ૫૩ પોઝિટિવ કેસ અને પના મોત, ગાંધીનગરમાં ૧૩ પોઝિટિવ કેસ, સુરતમાં ૧૫ પોઝિટિવ કેસ અને ૨ના મોત, રાજકોટમાં ૧૦ પોઝિટિવ કેસ, ભાવનગરમાં ૧૧ પોઝિટિવ કેસ અને ૨ના મોત, વડોદરામાં ૧૦ પોઝિટિવ કેસ અને ૧નું મોત, પોરબંદરમાં ૩ અને ગીરસોમનાથમાં ૨ પોઝિટિવ કેસ જ્યારે કચ્છ, મહેસાણા, પંચમહાલ,પાટણ અને છોટા ઉદેપુરમાં માં ૧-૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. કુલ ૧૨૨ કેસમાંથી ૩૩ વિદેશથી આવેલા, ૧૭ આંતરરાજ્ય અને ૭૨ લોકલ ટ્રાન્સમિશનના કેસ છે

દરમ્યાનમાં, તબલીગી જમાતમાં ગયેલા વધુ સાત લોકોની ઓળખ થઈ છે એમ કહીને રાજયના પોલીસવડા શિવાનંદ ઝાએ કહ્યું હતું કે, નિજામુદ્દીન તબલીગી જમાતની મરકજમાં ગુજરાતથી ગયેલા વધુ સાત લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. ગઈકાલ સુધી ૧૦૩ લોકોની ઓળખ કરવામાં આવી હતી. જેમાં એકનું મૃત્યુ થયું છે જ્યારે એકનો કોરોનો પોઝિટિવ ટેસ્ટ આવ્યો છે. સાત નવા લોકો સાથે તબલીઘ જમાતની મરકજમાં ગયેલી કુલ ૧૧૦ લોકોની ઓળખ થઈ છે. નવા સાત લોકો નવસારીના હોવાનું રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝાએ જણાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું છેકે લોકડાઉન બાદ નિજામુદ્દીન તબલીઘથી ગુજરાત પરત ફરેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આવા ૧૦ લોકો વિરુદ્ધ ચાર ગુના નોંધવામાં આવ્યા છે. જેમાં બોટાદમાં ૨ અને નવસારી-ભાવનગરમાં ૧-૧ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

દેશભરમાં લોકો રાત્રે નવ વાગે દિપ પ્રગટાવી બાલ્કનીમાં દેખાયા

દિવાળી જેવો માહોલ : મોદીની અપીલ પર દેશ જગમગી ઉઠ્યું

ભારતીય કેપ્ટન કોહલી, અમિત શાહ તમામ કેન્દ્રીયમંત્રીઓ સહિતની તમામ મોટી હસ્તીઓ મોદી સાથે દેખાયા : ખતરનાક બનેલા કોરોનાને ખુલ્લો પડકાર

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ ઉપર આજે રાત્રે નવ વાગ્યાના ટકોરે દેશભરમાં દિવાળી જેવો માહોલ છવાઈ ગયો હતો. મોદીની દિપ પ્રગટાવવાની અપીલને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો તો અને દેશભરના તમામ ૧૩૦ લોકોએ પોતાના ઘરમાં દિપ પ્રગટાવી, મોબાઈલની ફ્લેશ લાઈટ જલાવી, ટોર્ચ જલાવીને કોરોનારુપી અંધકારને જોરદાર પડકાર ફેંક્યો હતો. તમામ લોકોની એકતાના દર્શન ફરી એકવાર થયા હતા. નવ વાગ્યાના ટકોરે ઘરમાં રહેલી તમામ લાઈટોને બંધ કરી લીધી હતી અને દિપ પ્રગટાવી દીધા હતા. લોકોએ ભારત માતા કી જયના નારા પણ લગાવ્યા હતા. ૨૧ દિવસનો લોકડાઉનનો ગાળો હાલમાં ચાલી રહ્યો છે. લોકો ઘરમાં કેદ છે ત્યારે આજે આ દિવાળી જેવો માહોલ રાત્રે છવાયો હતો. અત્રે નોંધનીય છે કે, મોદીએ સૌથી પહેલા કોરોના વાયરસના જોરદાર પ્રકોપ વચ્ચે જનતા કર્ફ્યુની જાહેરાત કરી હતી જેને લઈને લોકોએ કઠોરરીતે પાલન કરીને એકતાના દર્શન કરાવ્યા હતા. ત્યારબાદ મોદીએ રાષ્ટ્રજોગ સંબોધન કરીને ૨૧ દિવસ માટે રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી હતી. લોકડાઉનની જાહેરાત થયા બાદથી દેશભરમાં લોકો કઠોર નિયમો પાળી રહ્યા છે. આવી સ્થિતિમાં તેમની અપીલ ઉપર આજે લોકો રાત્રે નવ વાગે નવ મિનિટ સુધી પોતપોતાના ઘરની લાઈટો બુઝાવી દીધી હતી. દેશે અને કેન્ડલ, દિપક, ટોર્ચ અથવા તો મોબાઈલની ફ્લેશ લાઈટ જલાવી હતી. હકીકતમાં મોદીએ વિતેલા દિવસોમાં જનતા કર્ફ્યુના દિવસે દેશવાસીઓને સાંજે પાંચ વાગે પાંચ મિનિટ સુધી કોરોનાની સામે જંગના હિરો પ્રત્યે સન્માન વ્યક્ત કરવા તાળી, થાળી વગાડવા માટે કહ્યું હતું .આજે દેશવાસીઓને કોરોનાની સામે જંગમાં એકતાના દર્શન કરાવવા અને કોરોનારુપી અંધકારને ભગાવવા મોદીએ કરેલી અપીલની અસર દેખાઈ હતી. ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ પણ પોતાના ઘરમાં દિપ પ્રગટાવીને મોદીની અપીલને સમર્થન આપ્યું હતું. કેએલરાહુલ, હરભજનસિંહ સહિતની તમામ હસ્તીઓએ પણ મોદીની અપીલને સમર્થન આપ્યું હતું. જુદા જુદા વર્ગના લોકોએ મોદીની અપીલને જોરદારરીતે સમર્થન આપ્યું હતું. નવ મિનિટ સુધીના ગાળા દરમિયાન લાઈટો બંધ કરવામાં આવ્યા બાદ વિજળી ડુલ થશે તેવી અફવાનો પણ મોડી રાત્રે અંત આવી ગયો હતો. કારણ કે, કોઈ જગ્યાએ લાઈટો ડુલ થઈ ન હતી. લોકોએ ભવ્યરીતે ઉજવણી કરી હતી. મોદીએ લાઈટ બંધ કરી દિપ પ્રગટાવવા માટે અપીલ કર્યા બાદ જુદા જુદા પક્ષો તરફથી જુદી જુદી પ્રતિક્રિયા આવી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ગઈકાલે કહ્યું છે કે, કોરોના વાયરસ આ પ્રકારની ગતિવિધિથી ભાગશે નહીં. હાલમાં મોદીએ રાષ્ટ્રને સંબોધનમાં રાત્રે નવ વાગે નવ મિનિટ ફાળવવા તમામ લોકોને અપીલ કરી હતી જેને આજે અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. લોકોએ તમામ જગ્યાઓ ઉપર દિપ પ્રગટાવી, ટોર્ચ જલાવીને કોરોને પડકાર ફેંક્યો હતો. કોરોના સામે જંગમાં વડાપ્રધાન મોદી દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. એક પછી એક બેઠકો કરીને દરરોજ જોરદારરીતે સક્રિય બનેલા છે. આજે રાત્રે નવ વાગે લોકો લાઈટો બંધ કરીને બાલ્કનીમાં દેખાયા હતા. આનાથી એકતાની ભાવના વધારે પ્રગટ થઈ હતી.

સંકલિત બાળ વિકાસ યોજનાની આંગણવાડી કાર્યકર બહેનોએ ઘેર ઘેર ફરીને ટેક હોમ રેશનનું વિતરણ કર્યુ







માંડલ તાલુકામાં આંગણવાડી કાર્યકર બહેનોએ કોરોના વાયરસથી બચવાના ઉપાયો સમજાવ્યા

વંદના નીલકંઠ વાસુકિયા વિરમગામ દ્વારા

સંકલિત બાળ વિકાસ યોજનાની આંગણવાડી કાર્યકર બહેનોએ ઘેર ઘેર ફરી ને ટેક હોમ રેશનનું વિતરણ કર્યુ હતુ. અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકામાં કોરોનાની મહામારી થી બચવા માટે જાહેર કરાયેલ લોકડાઉન ને અનુલક્ષી ને આંગણવાડી બંધ રાખવામાં આવી છે ત્યારે ઘટક માંડલમાં ૩ થી ૬ વર્ષના બાળકો સગર્ભા માતા તથા ધાત્રી માતા ને ટેક હોમ રેશનની કીટ આપવામાં આવી હતી. તેમની તંદુરસ્તી જળવાઈ રહે તેવા શુભ હેતુ સાથે સગર્ભા , ધાત્રી બહેનો તેમજ કિશોરી બાળકોને વિતરણ કરવામાં આવ્યુ હતુ. લાભાર્થી ને વિતરણ સમયે આંગણવાડી કાર્યકર બહેનોએ કોરોના વાયરસના સંક્રમણથી બચવા માટે વારંવાર હાથ સાબુથી હાથ ધોવા, માસ્કનો ઉપયોગ કરવો, સોસીયલ ડિસ્ટન્સ રાખવું, ભીડમાં ના જવુ જેવી સલામતીની અગત્યની સલાહ આપવાની કામગીરી કરી છે તેમ માંડલ સીડીપીઓ મિતા જાનીએ જણાવ્યુ હતુ.

પોલીસકર્મીનું કોરોનાથી મૃત્યુ થશે તો રાજ્ય સરકાર ૨૫ લાખ રૂપિયા આપશે

ગાંધીનગર

મુખ્યપ્રધાનના સચિવ અશ્વિની કુમારે આજે રાજ્યમાં લોકડાઉનની સ્થિતિને લઈ પ્રેસ કોન્ફરન્સ કરી છે. તેમણે જણાવ્યું કે લોકડાઉનની સ્થિતિમાં રાજ્યમાં ખાદ્યતેલની અછત ન સર્જાય તે માટે સરકાર હરકતમાં છે. ઉપરાંત તેમણે કહ્યું કે જીનિંગ મિલ, પીલાણ અને ઓઈલ મિલ ચાલુ રાખવા પણ સરકાર તરફથી આદેશ આપવામાં આવ્યા છે.

અશ્વિની કુમારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે રાજ્યના કૃષિ અને સહકાર વિભાગે આ આદેશ કર્યો છે. મિલો સુધી સામાન લઈ જવા માટે યોગ્ય મંજૂરી અપાશે. કપાસને મિલ સુધી લઈ જવા માટે છૂટછાટ અપાઈ છે. ત્યારે ઓઈલ માટેના પેકિંગ યુનિટ પણ ચાલુ રહેશે. કપાસ પકવતા ખેડૂતોને તકલીફ ન પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પોલીસ, સફાઈકર્મીઓને ૨૫ લાખ રૂપિયાની સહાય

આ સિવાય તેમણે કહ્યું કે પોલીસકર્મીનું કોરોનાથી મુત્યુ થાય તો સરકાર ૨૫ લાખ રૂપિયા સુધીની સહાય આપશે. આ સિવાય આરોગ્યકર્મી, મહેસુલ, નગરપાલિકના સફાઈકર્મીઓ માટે પણ મહત્વની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે જો કોરોનાથી સફાઈ કર્મીઓનું મૃત્યુ થાય તો ૨૫ લાખ રૂપિયા સુધીની સહાય અપાશે. આ સિવાય જો અન્ન નાગરિક પુરવઠાના કર્મચારીનું કોરોનાથી મૃત્યુ થાય તો સરકાર ૨૫ લાખ રૂપિયા સુધી સહાય આપશે.

રાજકોટ, વડોદરા અને સુરતમાં દ્ર-૯૫ માસ્ક અપાશે

અશ્વિની કુમારે જણાવ્યું કે સુરતમાં સાત હજાર ૫૦૦, રાજકોટમાં ૭,૫૦૦ અને વડોદરામાં વધારાના ૩ હજાર એન-૯૫ માસ્ક અપાશે. આ સાથે રાજ્ય સરકાર ખાનગી અને સરકારી ડોક્ટરોને પણ એન-૯૫ માસ્ક આપશે. રાજ્ય સરકાર કુલ ૪૫ હજાર ડોક્ટરોને એન-૯૫ માસ્ક આપશે. ઉપરાંત તેમણે કહ્યું કે એગ્રીકલ્ચર કે રહેઠાણના વીજ પુરવઠામાં કોઈ અસર નહીં થાય. રાત્રે વીઝ પુરવઠો નિયમિત રહેશે.

શાકભાજી અને ફળની પૂરતી આવક

ઉપરાંત તેમણે કહ્યું કે શાકબાજી અને ફળની આવક પૂરતા પ્રમાણમાં છે. રવિવાર હોવાથી ૧૮ જેટલી માર્કેટ બંધ રહી. રાજ્યમાં કુલ શાકભાજીની આવક ૫૮ હજાર ૯૦૩ ક્વીન્ટલ છે. જ્યારે ફળની આવક ૭ હજાર ક્વીન્ટલ છે. અત્યાર સુધી ૪૫ લાખ ૩૮ હજાર ફૂડ પેકેટનું વિતરણ કરાયું છે.

પ્રદીપસિંહ, ચુડાસમા સહિતના સત્તાધીશોને રજૂઆત

હેમચંદ્રાચાર્ય ભરતીમાં ખુદ ભૂતપૂર્વ સૈનિકને જ અન્યાય

અમદાવાદ

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જુનીયર કલાર્કની ભરતી પ્રક્રિયામાં ખુદ રાજ્યના એક નિવૃત્ત સૈનિકને જ અન્યાય થતાં તેમણે ન્યાય માટે રાજ્યના ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, રાજ્યના શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના સત્તાવાળાઓને પત્ર પાઠવી રજૂઆત કરી ગુહાર લગાવી છે. બીજીબાજુ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા ખુદ નિવૃત્ત સૈનિક સાથે આ પ્રકારના અન્યાયપૂર્ણ વ્યવહારને લઈ શિક્ષણજગતમાં પણ ભારે ટીકા થઈ રહી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ઓમપ્રકાશ સતનારાયણસિંહ ચૌહાણ નામના નિવૃત્ત સૈનિકે પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જુનીયર કલાર્કની ભરતીની જાહેરાત અનુસંધાનમાં એપ્લાય કર્યું હતું અને તા.૨૨-૧૨-૨૦૧૯ના રોજ તેની લેવાયેલી લેખિત પરીક્ષામાં પણ તેઓ બેઠા હતા. જો કે, તેના પરિણામની જાણ આ નિવૃત્ત સૈનિકને યુનિ. સત્તાવાળાઓ દ્વારા કરાઈ ન હતી, જેથી તેમણે યુનિ.ના કુલપતિને આવેદનપત્ર આપતાં તા.૧૨-૩-૨૦૨૦ના રોજ તેમને ઉપરોકત પરીક્ષામાં ૪૪.૭૫ ગુણ મળ્યા હોવાનું જણાવાયું હતું.

ડ્રોન બન્યો લોકો માટે ખતરોઃ કેરમ રમતા ૪ ઝડપાયા

અમદાવાદ

રાજ્યમાં કોરોના વાઈરસના કેસો સતત વધી રહ્યા છે. ખાસ કરીને અમદાવાદમાં કેસો વધતા પોલીસ દ્વારા લોકડાઉનનો કડક અમલ કરાવવામાં આવી રહ્યો છે. પોલીસ ડ્રોન, રોડ પર સીસીટીવી ફૂટેજ વગેરેથી લોકો દેખાય તો ગુનો નોંધે જ છે પરંતુ હબે સોસાયટીમાં લાગેલા સીસીટીવી ફૂટેજ જોઈને પણ ગુનો નોંધી રહીં છે. વસ્ત્રાપુરના નીલદીપ એપાર્ટમેન્ટમાં પોલીસે સીસીટીવી ફૂટેજ જોતા પાર્કિંગમાં ચાર લોકો બેઠા હતા. જેમની સામે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધ્યો હતો. જ્યારે સ્વાગત એપાર્ટમેન્ટના ધાબા પર બેસી કેરમ રમતાં ૪ શખ્સની પણ ધરપકડ કરી હતી. વસ્ત્રાપુર વિસ્તારમાં પોલીસ ડ્રોન, રોડ પર પેટ્રોલિંગ-ચેકિંગ તેમજ સીસીટીવી ફુટેજથી નજર રાખે છે ત્યારે હવે સોસાયટીમાં જઈ સીસીટીવી ફૂટેજ જોઈ રહી છે. નીલદીપ એપાર્ટમેન્ટમાં સીસીટીવી ફૂટેજ જોતા ચાર શખ્સ સાંજના સમયે પાર્કિંગમાં બેઠેલા જણાતા આસપાસમાં તેમની વિશે પૂછપરછ કરી હતી. ફ્લેટમાં જ રહેતા નયન શાહ, યગ્નેશ શાહ, અમિત શાહ અને મહેશ પટેલ હોવાનું જાણવા મળતા પોલીસે તેમની સામે ગુનો નોંધ્યો હતો. જ્યારે વસ્ત્રાપુર સ્વાગત એપાર્ટમેન્ટ પાસે પોલીસ ડ્રોન ઉડાડી તપાસ કરતી હતી ત્યારે ફ્લેટના ધાબા પર ચાર લોકો કેરમ રમતા દેખાયા હતા જેથી પોલીસે ઓળખ કરી કૃણાલ, જયનીત ગોસ્વામી, ધૈર્ય શાહ અને હર્ષ નામના વ્યક્તિ સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

કોરોના વિશે ખોટી માહિતી મૂકનારા બે વિરુદ્ધ પોલીસ ફરિયાદ

પંચમહાલ

કોરોના વાયરસથી ચેપગ્રસ્ત થનારા અને મૃત્યુપામનારા લોકો વિશે સત્તાવાર માહિતી સરકારનો સ્વાસ્થ્ય વિભાગ આપી રહ્યો છે. દરમિયાન લોકો કોરોના વાયરસ વિશે સોશિયલ મીડિયામાં જાત જાતની માહિતી અને અફવાઓને ખરાઈ કર્યા વગર પોસ્ટ કરી રહ્યા છે. તેવામાં પંચમહાલ પોલીસે સોશિયલ મીડિયામાં કોરોનાથી મોત વિશે ખોટી માહિતી મૂકનારા બે વ્યક્તિ પર પોલીસ ફરિયાદ નોંધી છે. આમ હવે કોરોના વાયરસ વિશે અફવાઓ ફેલાવરનારાઓની ખેર નથી.

બનાવની વિગત એવી છે કે પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં બે વ્યક્તિએ વૉટ્સએપ ગ્રુપમાં કોરોના વાયરસથી ત્રણ વ્યક્તિના મોત થયા હોવાની ખોટી માહિતી પોસ્ટ કરી હતી. આ ઘટનામાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ગુજરાત પોલીસ રાજ્યના જુદા જુદા વિસ્તારમાં આવા તત્વો પર સાયબર સેલના માધ્યમથી ફરિયાદ નોંધી રહી છે.

ગીરસોમનાથ જિલ્લામાં પણ ગઈકાલે એક શખ્સ વિરુદ્ધ કોડિનાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. માહોલ ખોરવાય અથવા તો અફરા તફરી મચે તેવી ચીજો સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવું હવે ભારે પડી શકે છે. રાજ્યમાં કોરોના વાયરસના કારણે અફવાથી કોઈ દોરાય નહીં તેવી પોલીસે અપીલ કરી છે.

વડોદરામાં વધુ એક કોરોના પોઝિટિવ કેસઃ કુલ ૧૦ કેસ

દિલ્હી મરકજ ગયેલા છોટાઉદેપુરના બોડેલીના શખ્સનો રીપોર્ટ પણ પોઝિટિવ આવ્યો

વડોદરા

વધુ એક કેસ પોઝિટિવ નોંધાતા વડોદરા શહેર જિલ્લામાં ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં ૪ રિકવર થયા છે. જ્યારે એકનું મોત થયું છે. દરમિયાન છોટાઉદેપુર જિલ્લામાં પહેલો પોઝિટિવ કેસ નોંધાયો છે. દિલ્હી મરકજ ગયેલા છોટાઉદેપુરના બોડેલીના શખ્સનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરના નાગરવાડા વિસ્તારના ૫૪ વર્ષીય રહીશનો કોરોના ચકાસણી રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલે જણાવ્યું કે આ વ્યક્તિ કોરોના શંકાસ્પદ તરીકે ગઈકાલે બપોરે સયાજી હોસ્પિટલમાં દાખલ થયાં હતાં અને એમનું સેમ્પલ લેવામાં આવ્યું હતું.આજે વહેલી સવારે એમનો રિપોર્ટ પોઝિટિવ આવતા એમના પરિવાર માટે તકેદારીના જરૂરી પગલાં મહાનગરપાલિકા આરોગ્ય તંત્ર દ્વારા લેવામાં આવી રહ્યા છે. વધુ એક કેસ પોઝિટિવ નોંધાતા વડોદરા શહેર જિલ્લામાં ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં ૪ રિકવર થયા છે. જ્યારે એકનું મોત થયું છે.

વિદ્યાર્થીઓની કારકિર્દી માટે ડિજિટલ સિમ્પોઝિયમ રહેશે

ભારતમાં કોરોના વાઈરસના ઝડપી ફેલાવાને નિયંત્રણમાં લેવા માટે સરકાર દ્વારા દેશવ્યાપી ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે ત્યારે વિશેષ કરીને ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ પૂરતાં માર્ગદર્શનના અભાવને કારણે કયાં ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવી તે અંગે ભારે સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. વિદ્યાર્થીઓ મનમાં ઘણાં પ્રશ્નોને કારણે મૂંજવણ અનુભવી રહ્યાં છે અને તેઓ ચિંતિત પણ છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા તથા વિદ્યાર્થીઓ, માતા-પિતા અને શિક્ષકોને સચોટ માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશ્યથી એન્ડેવર કરિયર્સ દ્વારા આજે ધોરણ ૧૨ પછી કારકિર્દીના નવા આયામો વિષય ઉપર વિનામૂલ્યે ડિજિટલ સિમ્પોઝિયમ ૨૦૨૦નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

૭૦ વર્ષના દાદી ૧૦ દિવસમાં સાજા થયા

અમદાવાદમાં વધુ આઠ કેસ પોઝીટિવઃ કુલ આંકડો ૫૩

ઈસ્કોન પાસેથી પોલીસે રાજકોટ પાર્સિંગવાળી કાર રોકતાં ૫ લોકો હતા,તમામની ધરપકડ

અમદાવાદ

અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં કોરોના વાઈરસના વધુ એક દર્દી સાજા થઈ જતા આજે તેમને રજા આપવામાં આવી છે. ૭૦ વર્ષના વૃદ્ધ ૨૬ માર્ચે એસવીપી હોસ્પિટલમાં દાખલ થયા હતાં ૧૦ દિવસમાં સાજા થતા ૨૪ કલાકમાં બે ટેસ્ટ કરવામાં આવ્યા હતા જે નેગેટિવ આવતા તેઓને રજા આપવામાં આવી છે. બીજી તરફ અમદાવાદમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે વધુ ૮ પોઝિટિવ કેસ સામે આવતા આંકડો ૫૩એ પહોંચ્યો છે. જ્યારે મૃત્યુઆંક પાંચ પર પહોંચ્યો છે.

લોકડાઉન છતાં સંખ્યાબંધ લોકો રસ્તા પર બિનજરૂરી ફરતા હોવાથી કોરોનાનો ચેપ વધુ ઝડપથી ફેલાઈ શકે એવી ભીતિ હોવાથી પોલીસ કમિશનરે વધુ કડક પ્રતિબંધો લગાવ્યા છે. શનિવારે મધ્ય રાત્રિથી ૧૪ એપ્રિલ સુધી શહેરની હદમાં જરૂરી કામગીરી માટે નિયત કરેલી વ્યક્તિઓ સિવાય જે લોકો કારણ વિના બહાર અવર જવર કરતા હશે તેમની સામે કલમ ૧૮૮ હેઠળ ગુનો નોંધાશે. તેમજ તેમના વાહન પણ જમ કરી લેવામાં આવશે.

સેટેલાઈટ પોલીસ રામદેવનગર ચાર રસ્તા પાસે નાકાબંધી પોઈન્ટ પર હાજર હતી ત્યારે ઈસ્કોન તરફથી રાજકોટ પાસિંગની એક કાર આવી હતી. સેટેલાઈટ પોલીસે કારમાં જોતા ૫ લોકો અંદર બેઠા હતા. પોલીસે કારચાલકને લોકડાઉન દરમ્યાન બહાર નીકળવા અંગે પૂછતાં કોઈ કારણ આપ્યું ન હતું. જેથી કારમાં બેઠેલા પતિ પત્ની અંકિત પરીખ અને સ્વેતા પરીખ (રહે. શુભ લક્ષ્મી ટાવર, નારણપુરા), કેવિન પટેલ, જાનકી ભટ્ટ અને જીગ્નેશ પુરોહિત સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી.

લોકડાઉનઃ ઘરકંકાસના કિસ્સામાં વધારો, ૧૮૧ અભયમને રોજની ત્રણ ગણી ફરિયાદો મળે છે

અમદાવાદ

કોરોના વાયરસના ભય વચ્ચે દેશભરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. એવામાં લોકો ઘરમાં રહેવા મજબૂર થયા છે, ત્યારે ઘરકંકાસના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. શહેરના મણિનગરના એક વેપારી કપલની ઘરના કામ અને પૈસાને લઈને લડાઈ થઈ ગઈ. પરિણામે પત્નીએ પતિનું લેપટોપ પછાડ્યું. તો પતિએ તેને સામે લાફો ફટકારી દીધો. જે બાદ મહિલા હેલ્પલાઈન ૧૮૧ને જાણ કરવામાં આવી.

આ વિશે વાત કરતા ૧૮૧ના કાઉન્સેલરે કહ્યું, આ કપલ પતિ-પત્ની હોવા સાથે બિઝનેસ પાર્ટનર પણ છે. લોકડાઉનના કારણે તેઓ પૈસા બ્લોક થઈ જશે તેવા ડરમાં હતા. પૈસાની ચર્ચાથી તેઓ એકબીજા પર આવી ગયા અને પત્નીએ ગુસ્સામાં પતિનું લેપટોપ પછાડ્યું. ગુસ્સે થયેલા પતિએ તેને લાફો મારી દીધો. અભયમની ટીમે કપલને શાંતિથી સમજાવ્યા અને જ્યારે પતિએ માફી માગી ત્યારે મામલો શાંત થયો.

૨૫મી માર્ચે જ્યારે દેશભરમાં લોકડાઉન જાહેર કરાયું ત્યારથી લોકો ઘરમાં પૂરાયા છે. ત્યારે ઘરેલું કંકાશ અને હિંસાના બનાવો અચાનક વધી ગયા છે. રાજ્ય સરકાર દ્વારા ચલાવાતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને રોજના પહેલા કરતા ત્રણ ગણા વધારે કેસો મળી રહ્યા છે. અભયમ અમદાવાદના કોર્ડિનેટર ફાલ્ગુની પટેલ કહે છે, પહેલા અમને ઘરેલું હિંસાના રોજના ૧૦ જેટલા કેસ મળતા હતા જે હવે વધીને ૩૫-૪૦ સુધી પહોંચી ગયા છે. મોટાભાગના કેસો પતિ-પત્નીના હોય છે. લોકોને ઘરમાં રહેવા માટે ફરજ પડાતા તેઓ એકબીજાની ભૂલો શોધી રહ્યા છે.

ઘાટલોડિયાના એક કપલનો હાલમાં જ ઝઘડો થયો. પ્લાસ્ટિકના વેપારી પતિને લોકડાઉનના કારણે ઘરમાં બેસવું પડ્યું. કાઉન્સેલરે કહ્યું, પત્નીએ ફરિયાદ કરી કે કામ ન હોવાથી પતિ તેના કામમાં ભૂલો શોધવા લાગ્યો અને પત્નીને ઘરની બરાબર સફાઈ કે બાળકોનું ધ્યાન રાખતી હોવાનું કહેવા લાગ્યો. પતિના ટોણાથી કંટાળીને પત્નીએ ઘરનું બધું કામ પતિને જ આપી દીધું. આથી ગુસ્સે થયેલા પતિએ પત્નીને લાફો માર્યો. જે બાદ પત્નીએ ૧૮૧ અભયમમાં ફોન કર્યો.

આ કપલને કાઉન્સેલર સમજાવ્યા કે કોરોનાના આ સમયમાં એકબીજા સાથે લડવામાં નહીં પરંતુ એક થઈને તેની સામે લડવા અને પરિવારની સુરક્ષામાં જ ભલાઈ છે. આ વિશે મનોચિકિત્સક ડો. હંસલ ભચેચ કહે છે, પહેલા થોડા દિવસો આરામથી નીકળ્યા બાદ હવે લોકો કંટાળી ચૂક્યા છે. એક ઘટનામાં તો મહિલાએ ઘરકંકાસથી કંટાળીને પોતાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો.

એક મહિલા અને એક યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવતા ખળભળાટ

રાજકોટમાં રાહતના સમાચારઃ કોરોના પોઝિટિવ માતા-પુત્ર સ્વસ્થ થયા

ભાવનગમાં બે વધુ પોઝિટિવ કેસ આવતા આંકડો ૧૧ પર પહોંચ્યો

રાજકોટ

ભાવનગરમાં કોરોના વાઈરસના વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા છે. ૬૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બાદમાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ૪ એપ્રિલે મૃતક વૃદ્ધની પત્ની અને પુત્રવધૂને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા બંનેને શહેરની સર ટી હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં ખસેડાયા હતા. આજે ૫ એપ્રિલે વૃદ્ધના સંપર્કમાં આવેલી ૩૫ વર્ષની મહિલા અને ૨૬ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે.

રાજકોટ સમગ્ર વિશ્વભરમાં કોરોના વાયરસ ના કારણે હાહાકાર મચી જવા પામ્યો છે. ત્યારે બીજી તરફ રાજકોટમાંથી બીજા સારા સમાચાર આવ્યા છે. રાજકોટમાં જે માતા પુત્રનો પોઝિટિવ કોરોના વાયરસ ના જે કેસ નોંધાય હતા. તે બને માતા પુત્ર સાજા થતા તેમને ઘરે મોકલવામાં આવ્યો છે. ત્યારે રજા આપતા સમયે માતા અને પુત્રની આંખમાં હર્ષના આંસુ આવી ગયા હતા. આમ રાજકોટમાં છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ દર્દીઓ નેગેટિવ થતા તેમને રજા આપવામાં આવી છે.

રાજકોટમાં આજે શંકાસ્પદ ૭ દર્દીના સેમ્પલ લેવામાં આવ્યા છે અને પરીક્ષણ માટે મોકલાયા છે. જેમાં રાજકોટ શહેરના ૩, ગ્રામ્યનો ૧ અને અન્ય જિલ્લાના ૩ કેસ નોંધાયા છે. સાત દર્દીમાંથી ૪ પુરૂષ અને ૩ મહિલાનો સમાવેશ થાય છે. ભાવનગરમાં કોરોના વાઈરસના પોઝિટિવ કેસમાં વધારો થતો જાય છે. આથી ભાવનગરના ભીલવાડા, કરચલીયાપરા, વડવા, કણબીવાડ અને ભરતનગર એમ ૫ વિસ્તારને ક્વોરન્ટીન ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ભાવનગર મહાનગરપાલિકાના કમિશનરે આ વિસ્તારોને ક્વોરન્ટીન ઝોન જાહેર કર્યા છે.

સુરતમાં આજે વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાયા, બેગમપુરા વિસ્તાર માસ ક્વોરન્ટીન કરાયો

ડી-માર્ટના પોઝિટિવ કર્મચારીની માતાનો રિપોર્ટ પોઝિટિવ : બેગમપુરાના ૬૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો

બેગમપુરામાં માસ ક્વોરન્ટીનના બેનર લગાવાયા : પોઝિટિવ મહિલાનું મોત થતા હોસ્પિટલને સેનિટાઈજ કરવાની કામગીરી કરાઈ



સુરત જિલ્લામાં કોરોના પોઝિટિવનો આંકડો ૧૬ પર પહોંચ્યો : APMC માર્કેટ ભીડને લઈને અચોક્કસ મુદત સુધી બંધ

સુરત

શહેર જિલ્લામાં એક દિવસમાં વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાતા કોરોના પોઝિટિવનો આંકડો ૧૬ પર પહોંચ્યો છે. જે પૈકી વધુ એકનું રાત્રે મોત નિપજ્યું હતું. જ્યારે વધુ બે પોઝિટિવ દર્દી સાજા થતા રજા આપવામાં આવી છે. પાંડેસરા, બેગમપુરા બાદ અડાજણમાં પણ પોઝિટિવ કેસ નોંધાયો છે. મૃતક પોઝિટિવ મહિલા મિશન હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી હાલ આરોગ્ય વિભાગ દ્વારા આખી હોસ્પિટલને સેનિટાઈઝ કરવામાં આવી રહી છે. આજે વધુ ૧૩ શંકાસ્પદ નોંધાયા છે. દરમિયાન સુરત APMC (સરદાર શાકભાજી માર્કેટ) અચોક્કસ મુદત સુધી બંધ કરાઈ છે.. વહેલી સવારે થતી ભીડને રોકવા માટે મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનર વચ્ચે મળેલી બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે. આજના નોંધાયેલા બે પોઝિટિવ કેસ પૈકી બેગમપુરાના વૃદ્ધનો કેસ પોઝિટિવ આવતા આખા બેગમપુરા વિસ્તારને માસ ક્વોરન્ટીન કરાયો છે.

ડી-માર્ટના કર્મચારીની માતાનો રિપોર્ટ પોઝિટિવ

સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગે કોરોના અંગેની માહિતી આપી હતી. જેમાં ડી-માર્ટમાં ફરજ બજાવતા ૨૨ વર્ષીય મંગેશની ૪૦ વર્ષીય માતા સત્યભામા વનારેને કોરોના પોઝીટીવ આવ્યો છે. આ પરિવારના ચાર સભ્યોને કોરોનાના લક્ષણો દેખાયા હતા. જેમાંથી ત્રણના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. જ્યારે આજે ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

બેગમપુરાના વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ

આ ઉપરાંત કોઈપણ ટ્રાવેલ હિસ્ટ્રી ન ધરાવતા બેગમપુરાના ૬૫ વર્ષીય રમેશચંદ્ર રાણાને પણ કોરોના પોઝીટીવ આવ્યો છે. આજના કોરોનાના બે દર્દીની સાથે સુરત શહેર અને જિલ્લામાં કોરોનાના દર્દીની સંખ્યા ૧૫ થઈ ગઈ છે. જેમાંથી બેના મોત થયા છે. હજી પણ ૮ દર્દીઓના રિપોર્ટ પેન્ડિંગ છે.

મૃતક મહિલાની ટ્રાવેલ હિસ્ટ્રી નથી

પાલ ખાતે રહેતા રજનીબેન મનોહરલાલ લીલાણી(ઉ.વ.૬૧)નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેમનો પુત્ર આરકેટી માર્કેટમાં કામ કરતો હતો. તેમનો પુત્ર ૮ માર્ચે મુંબઈ ગયો હતો અને ૯મી માર્ચે પરત ફર્યો હતો. એટલે મુંબઈની લિંક આવે છે. બીજુ કે પુત્રની આરકેટી માર્કેટ પહેલા માળે દુકાન છે તે ૨૦ માર્ચ સુધી ચાલુ હતી. અગાઉ આરકેટીમાં કામ કરતાં એક વ્યક્તિનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો તેની દૂકાન છઠ્ઠા માળે હતી. મુંબઈ ક્યાં તો આરકેટી માર્કેટની લિંક હોવાની શક્યતા છે. તેમના પુત્રમાં પણ લક્ષણો હતાં પણ ૩૦ માર્ચના રોજ સાજો થઈ ગયો હતો. દરમિયાન માતાનો રિપોર્ટ પોઝિટિવ આવતા મિશન હોસ્પિટલમાં દાખલા હતા. જેનું રાત્રે મોત નિપજ્યું હતું. રજનીબેનના સંપર્કમાં આવેલા પતિ, ૨ પુત્ર, ૧ પુત્રવધુ, ૨ પૌત્રી અને ૧ પૌત્ર સહિત કુલ ૭ વ્યક્તિઓને ક્વોરન્ટીન કર્યા હતા.

૧૩ નવા શંકાસ્પદ નોંધાયા

સુરત શહેર જિલ્લામાં શંકાસ્પદોની સંખ્યામાં ૧૯૫ પર પહોંચી ગઈ છે. જમાં ૧૩ પોઝિટિવ છે, પાંચ રિકવર થયા છે અને બેનું મોત નીપજ્યું છે. આજે વધુ ૧૩ શંકાસ્પદોને દાખલ કરી સેમ્પલ લેવામાં આવ્યા છે. જેના રિપોર્ટ આવવાના બાકી છે.

નર્મદામાં બહારના રાજ્ય કે વિદેશથી પરત ફરેલા કોરોન્ટાઈન હેઠળ રખાયેલ- ૧૫૭ વ્યક્તિઓ પૈકી ફેસેલીટી કોરોન્ટાઈન પૂર્ણ થતાં કુલ-૨૨ ને ઘરે મોકલાયા



- **આયુર્વેદિક હોસ્ટેલ ખાતે કાર્યરત કોરેન્ટાઈન ફેસેલીટીમાં કુલ ૧૪ વ્યક્તિઓ હાલમાં કોરોન્ટાઈન હેઠળ જ્યારે ૨૦ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઈનમાં**
- **જિલ્લાની કુલ ૬,૨૨,૯૯૧ ની વસ્તી પૈકી ૬,૨૦,૭૮૪ વ્યક્તિઓનું કરાયેલું સ્ક્રીનીંગ :સાદી શરદી-ખાંસી- તાવના લક્ષણોવાળી ૨૧૯૮ જેટલી વ્યક્તિઓને અપાયેલી સારવાર**

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

COVID-19 મહામારીમાં નર્મદા જિલ્લાના એપીડેમીક મેડિકલ ઓફીસર ડો.આર.એસ. કશ્યપે જણાવ્યા મુજબ આજદિન સુધી નર્મદા જિલ્લામાં બહારના રાજય તેમજ વિદેશથી પરત ફરેલા કુલ ૧૫૭ વ્યક્તિઓને કોરેન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા હતા જેમાંથી હાલ આયુર્વેદિક હોસ્ટેલ ખાતે કોરેન્ટાઈન ફેસેલીટીમાં કુલ ૧૪ જેટલા વ્યક્તિઓને રાખવામાં આવ્યા છે હાલ હોમ કોરેન્ટાઈન માં કુલ ૨૦ વ્યક્તિઓને રાખવામાં આવ્યા છે. ફેસેલીટી કોરેન્ટાઈન પૂર્ણ થતાં આજદિન સુધી કુલ ૨૨ વ્યક્તિ ઓને ઘરે મોકલાયા છે. હાલમાં નર્મદા જિલ્લામાં એકપણ વ્યક્તિનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો નથી. તેમજ કોઈપણ વ્યક્તિ નર્મદા જિલ્લામાં નિઝામુદ્દીન જમાતમાંથી આવ્યો નથી.

નર્મદા જિલ્લાના તમામ એન્ટ્રી તથા એક્સીટ પોઈન્ટ પર આરોગ્ય શાખાના કર્મચારીઓ દ્વારા ચેકીંગ કરવામાં આવે છે. તે ઉપરાંત દરેક ગામમાં હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી કરવામાં આવે છે. હાઉસ ટુ હાઉસ સર્વેમાં જિલ્લાની ૬૨૨૯૯૧ કુલ વસ્તી માંથી ૬૨૦૭૮૪ વસ્તીનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું. જે પૈકી ૨૧૯૮ વ્યક્તિઓને સાદા શરદી / ખાંસી / તાવના લક્ષણો હોઈ તેમની સારવાર કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિને સંભવિત લક્ષણો જણાય તો તરત જ તેમને હોસ્પીટલમાં રીફર કરવામાં આવે છે. નર્મદા જિલ્લામાં આજદિન સુધી કુલ ૭ વ્યક્તિઓના સેમ્પલ લઈને મોકલવામાં આવ્યા હતા આ તમામના રીપોર્ટ નેગેટીવ આવ્યો છે.

હાલ નર્મદા જિલ્લા પંચાયતમાં આરોગ્ય શાખા હેઠળના આઈ. ડી. એસ. પી.શાખામાં સતત ૨૪ કલાક ૨૪૮૭ કોરોના કંટ્રોલ રૂમ કાર્યરત છે. જેનો નંબર - ૦૨૬૪૦ - ૨૨૧૮૦૬ છે. જેમાં જિલ્લાના વિવિધ સ્થળેથી આવતી ફોન ઉપરની માહિતીને તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે છે. કંટ્રોલ રૂમમાં આરોગ્ય શાખાના નિયુક્ત કરેલ અધિકારી તેમજ કર્મચારીઓ સતત ૨૪ કલાક ૨૪૮૭ ફરજ બજાવી રહ્યાં છે.

આ અંગે વધુજણાવવાનુકે, આ બાબતે સોશ્યલ મીડીયા કે અન્ય માધ્યમો દ્વારા ખોટી ખોટી માહિતી ફેલાવી ભયનું વાતાવરણ ઉભુ કરવામા ન આવે તે જરૂરી છે. જો કોઈ વ્યક્તિ આમ કરતા માલુમ પડશે તો એપેડેમીક એકટ ૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેથી આવી કોઈપણ ખોટી અફવા કોઈપણ વ્યક્તિ દ્વારા ફેલાવવામાં ન આવે તે જોવાનો ભારપૂર્વકના અનુરોધ સાથે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

લોકડાઉનના પગલે સરકારે ઈ વે બીલની વેલિડિટી તા. ૩૦ એપ્રિલ સુધી લંબાવી

અમદાવાદ

કેન્દ્ર સરકારે, કોરોના વાયરસ ફેલાવાને કારણે લોકડાઉન અમલી બનતાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સમાં ઈ- વે બિલની વેલિડિટી તા. ૩૦ એપ્રિલ સુધી લંબાવી છે. ફેબ્રુઆરી મહિના માટે મળવાપાત્ર ITC સંબંધિત મર્યાદા પણ મોકુફ રાખી છે. સમગ્ર દેશમાં લોક ડાઉન અમલમાં આવવાને કારણે તા. ૨૦ માર્ચ પછી માલસામાનની ડીલીવરી માટે જુદા જુદા રાજ્યોમાંથી રવાના થયેલા ટ્રાન્સપોર્ટર્સ વિવિધ જગ્યાએ અટવાઈ ગયા હતા.

GSTમાં માલ મોકલનાર વેપારી દ્વારા ડિલિવરી માટે જનરેટ કરાયેલા ઈ- વે બિલની વેલિડિટી ૭૨ કલાક સુધીની હોય છે અને માલસામાનની રવાનગી માટે ૭૨ કલાકની સમય મર્યાદમાં નવું ઈ -વે બિલ જનરેટ કરીને તેની વેલિડિટી લંબાવી શકાય.પરંતુ લોકડાઉન જાહેર થવાને કારણે ગુજરાત સહિત વિવિધ રાજ્યોના હજારો ટ્રક ચાલકો અને ટ્રાન્સપોર્ટર્સ કરોડોના માલસામાન સાથે નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે પર અટવાઈ ગયા હતા.

લોકડાઉનની સ્થિતિમાં નવું ઈ—વે બિલ જનરેટ કરી શકાય તેવી પરિસ્થિતિ નહોતી અને નિયમ મુજબ તા. ૨૦ માર્ચ, સુધીમાં જનરેટ કરાયેલ ઈ- વે બિલની વેલિડિટી પૂરી થઈ ગઈ હતી. જો ઈ-વે બિલની વેલિડિટી પૂરી થઈ ગયા પછી GST અધિકારી, ફ્લાઈંગ સ્કવોડ દ્વારા ટ્રક ચાલક કે ટ્રાન્સપોર્ટરને માલસામાન ભરેલ વ્હીકલ સાથે પકડે અથવા અટકાવે તો નિયમ મુજબ તેને પેનલ્ટી ફટકારી શકે છે.



કોરોનાના કારણે લોકડાઉનની સ્થિતિ છે. લોકડાઉન તોડીને લોકો ઘરની બહાર નીકળતા જોવા મળી રહ્યાં છે. ત્યારે પોલીસ દ્વારા લોકોને ઘરમાં જ રહેવા માટે વિનંતી કરવામાં આવે છે. તેમ છતાં લોકો ઘર બહાર નીકળતા હોવાથી સુરતના મહુવા તાલુકામાં પોલીસે અનોખો અભિગમ અપનાવ્યો છે. ડીવાયએસપી યુવરાજસિંહે પહેલ કરીને પોલીસને કોરોના ડ્રેસ પહેરાવ્યો હતો. પોલીસે આ ડ્રેસ પહેરીને લોકોમાં જાગૃતિ આવે તેવો સંદેશો લોકોને આપ્યો હતો. લોકોએ પોલીસની આ પહેલની સરાહના કરી હતી.

હરિદ્વારમાં ફસાયેલી પોરબંદરની મહિલાઓ પરત ફરી, તમામ ક્વૉરન્ટાઈન

પોરબંદર

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા સમગ્ર દેશમાં લોકડાઉન કરવામાં આવ્યું છે. ત્યારે હરિદ્વાર ખાતે સપ્તાહ સાંભળવા માટે ગયેલા પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાની ૧૬ જેટલી મહિલાઓ લોકડાઉનના કારણે હરિદ્વારમાં ફસાઈ હતી. જેમને સાંસદ રમેશભાઈ ધુડ્કની મદદથી હરિદ્વારથી પોરબંદર લાવવા આવી છે. હાલ તમામ મહિલાઓને પોરબંદરની ગોઢાણીયા કોલેજ ખાતે ક્વૉરન્ટાઈન રાખવામાં આવી છે. પોરબંદરની આ મહિલાઓ રેલ્વે મારફત પરત આવવાની હતી. પરંતુ લોકડાઉનનાં કારણે તમામ વાહન વ્યવહાર બંધ થઈ જવાને કારણે આ મહિલાઓ પરત નહી ફરી શકી. તેઓએ પોરબંદરના સાંસદ રમેશભાઈ ધુડ્ક પાસે મદદ માંગી હતી. મહિલાઓ ત્યાં એકલી હતી અને તેઓને ખાવા-પીવા અને રહેવાની વધુ કોઈ મુશ્કેલી પડે તે પહેલાં જ સાંસદ રમેશભાઈ ધુડ્કએ સ્વખર્ચે હરિદ્વારથી વાહન મારફત આ તમામ ૧૬ મહિલાઓને પોરબંદર લાવવા માટે તજવીજ હાથ ધરી હતી. આજે આ તમામ મહિલાઓને લઈ તેઓ પોરબંદર પહોંચ્યા હતા. માત્ર એક ફોન કરી પોતાની વ્યથા જણાવતાની સાથે જ સાંસદ રમેશભાઈ ધુડ્કે, જે રીતે આટલી મહેનત કરી તમામ મહિલાઓને પરત લાવતા આ તમામ લોકોએ સાંસદ રમેશભાઈ ધુડ્કનો આભાર માન્યો હતો. હાલ તમામ મહિલાઓને પોરબંદરની ગોઢાણીયા કોલેજ ખાતે ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવી છે.

રાજકોટ મેયર સહિત તમામ કોર્પોરેટરોએ ૧ મહિનાનો પગાર સીએમ રાહત ફંડમાં આપ્યો

રાજકોટ

કાતિલ કેરોનાની મહામારી વચ્ચે રાજકોટ ભાજપ શાસિત કોર્પોરેશનના મેયર સહિત તમામ કોર્પોરેટરોએ માર્ચ ૨૦૨૦નો પગાર મુખ્યમંત્રી રાહતફંડમાં જાહેર કર્યો હતો. જેઅંતર્ગ ૫.૭૧ લાખનો ચેક કલેક્ટર રેમ્યા મોહનને અર્પણ કર્યો હતો. વિશ્વ આખામાં કોરોના વાઇરસની મહામારી ચાલી રહી છે. રાજયમાં પણ સરકાર દ્વારા કેરોના વાઇરસ સામેસાવચેતીરૂપેઅનેકવિધ કર્યોથઇ રહ્યા છે. જેમાં સહાયભૂત થવાની ભાવના સાથેરાજકોટ મહાનગરપાલિકાના ભારતીય જનતા પક્ષના કોર્પોરેટરોએ માર્ચ ૨૦૨૦ માસનુંમાનદવેતન મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં આપવાનોનિર્ણય કરેલ, જેઅનુસંધાને શનિવારેભારતીયજનતા પક્ષના કોર્પોરેટરના માનદવેતનની રકમ રૂ.૫.૭૧ લાખનો ચેક મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં રાજકોટ જિ લ્લા કલેક્ટરનેસુપ્રત કરતા મેયર બિનાબેન આચાર્ય , રાજકોટ શહેર ભાજપ અધ્યક્ષ કમલેશ મીરાણી,ડેપ્યુટી મેયર અશ્વિન મોલીયા, સ્ટેન્ડિંગકમિ ટી ચેરમેન ઉદય કાનગડ, શાસક પક્ષ નેતા દલસુખ જાગાણી, દંડક અજયપરમાર સહિ ત હાજર રહ્યા હતા.

ચિલોડામાં કારમાંથી દારૂની ૧૨ બોટલ પકડાઈ, આરોપી ફરાર

ગાંધીનગર

ચિલોડા પાસે કારમાંથી વિદેશી દારૂની ૧૨ બોટલો ઝડપાઈ છે, જોક કાર ચાલક ફરાર થઈ ગયો છે. ચિલોડા પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે મોટા ચિલોડા ખાતે રહેતો અંબાલાલ જવાનજી ઠાકોર દારૂની ફેરાફરી કરવાનો છે. આરોપી જીજે-૦૧-એચબી-૭૪૫૫ નંબરની ફન્ટીમાં દારૂ ભરીને ઈસનપુર મોટા ગામ તરફથી આવવાનો હોવાથી માહિતી આધારે પોલીસ ઉમિયાનગર પાસે વોચમાં હતી. રાત્રે ૧૦ વાગે કાર આવતા પોલીસે બેટરીથી લાઈટ મારીને રોકવાનો ઈશારો કરતાં ચાલકે કાર રોકી ન હતી.

જેથી પોલીસે કારનો પીછો કરતાં આરોપી અંબાલાલ ચિલોડા પ્રાથમિક શાળા પાસે કાર મુકીને અંધારાનો લાભ લઈ ભાગી ગયો હતો. પોલીસે ગાડી ચેક કરતાં અંદરથી વિદેશી દારૂની ૧૨ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે ૪૨૦૦ની કિંમતનો દારૂ, ૩૦ હજારની ગાડી અને ૧ મોબાઈલ મળી ૩૬,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ફરાર થઈ ગયેલા આરોપી સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

માતાજીના મંદિરે આરતીમાં લોકો ભેગા થતાં મહંત સહિત ત્રણ વિરુદ્ધ ફરિયાદ

અમદાવાદ

લોકડાઉનના અમલ વચ્ચે નારણપુરામાં વિજયનગર પેટ્રોલ પંપ પાસે આવેલા માતાજીના મંદિરે ગઈકાલે રાત્રે કેટલાક લોકો આરતીમાં ભાગ લેવા માટે આવ્યા હતા. આ બનાવની જાણ થતાં પોલીસ આવતાંની સાથે લોકો આરતી પડતી મૂકીને જતા રહ્યા હતા.

જીવલેણ કોરાના વાઈરસે અનેક લોકોને બાનમાં લીધા છે, ચારથી વધુ ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવ્યો હોવા છતાં લોકોની ભીડ જામતી હતી જેથી સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. તેમ છતાં લોકો દ્વારા જુદા જુદા બહાના બતાવીને લોકડાઉનનો પણ ભંગ કરવામાં આવી રહ્યો હોવાનું બહાર આવ્યું હતું.

નારણપુરા વિસ્તારમાં વિજયનગર પેટ્રોલ પંપ પાસે આવેલા મેલડી માતાના મંદિરે ગઈકાલે રાત્રે ૮ વાગે આરતીમાં ભાગ લેવા માટે કેટલાક આવ્યા હતા આ અંગે કન્ટ્રોલ મેસેજ આધારે નારણપુરા પોલીસ આવી પહોચી હતી પોલીસને જોતાની સાથે ભક્તો આરતી પડતી મુકીને ભાગી ગયા હતા. પોલીસે મંદિરના મહારાજ રાજુભાઈ.કે. પરમાર સહિત ત્રણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

નર્મદા પોલીસે લોકડાઉન દરમિયાન કુલ-૧૦૬ કેસ કરી ૨૭૭ વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરાઈ



કુલ-૪૨૬ વાહનો ડીટેઈન કરી કુલ રૂ.૬૮,૯૦૦/- નો દંડ વસુલ કરાયો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ (COVID-19)ના લીધે સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લોક ડાઉન કરવામાં આવ્યું છે.જેથી જાહેર જનતાની સુરક્ષા માટે જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામા બહાર પાડેલ હોય જે જાહેરનામા ભંગ નહી કરવા તથા લોકોમાં જાગૃતતા લાવવા માટે જાહેર જનતા ઘરે રહી સુરક્ષિત રહે તે માટે અપીલ કરવામાં આવી હોવા છતા કેટલાક વ્યક્તિઓ પોતાની મનમાની કરતા હોઈ તેમજ સરકાર દ્વારા આપવામાં આવેલ લોકડાઉનની અવગણના કરતા હોઈ આવા વ્યક્તિઓ સામે જાહેરનામા ભંગ બદલના ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના અંતર્ગત નર્મદા પોલીસ દ્વારા જીલ્લામાં અલગ-અલગ જગ્યાએ ડ્રોન તેમજ સીસીટીવી તેમજ અન્ય રીતે ચાંપતી નજર રાખી લોકડાઉન તથા જાહેરનામાના ભંગ કરનારા વ્યક્તિઓ સામે તા.૨૫ માર્ચ થી આજદિન સુધી કુલ- ૧૦૬ કેસો કરી કુલ-૨૭૭ વ્યક્તિઓની અટકાયત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તદઉપરાંત લોકડાઉનની અવગણના કરી રોડ ઉપર વાહન સાથે ફરતા કુલ-૪૨૬ વાહનો ડીટેઈન કરી કુલ-૬૮,૯૦૦/-નો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

લોકડાઉનઃ ભરૂચ જિલ્લામાં પોલીસે ૧૯૬૧ વાહનો ડિટેઈન કર્યા

ભરૂચ

લોકડાઉનના સમયમાં ભરૂચ જિલ્લામાં અત્યાર સુધી પોલીસ દ્વારા કુલ ૧૯૬૧ વાહનો ડીટેઈન કરાયા છે. તો જાહેરનામાના ભંગના ગુના બદલ કુલ ૬૨૯ લોકો સામે કાર્યવાહી કરવમાં આવી હતી.કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા અપાયેલા ૨૧ દદિવસના લોક ડાઉનનું ભરૂચ પોલીસ કડકપણે અમલ કરાવી રહી છે. લોક ડાઉનના દિવસો દરમિયાન અત્યાર સુધી ભરૂચ પોલીસે જિલ્લામાં કુલ ૧૯૬૧ વાહનો ડીટેઈન કર્યા છે. તેમજ જાહેરનામાં ભંગના ગુના બદલ કુલ ૬૨૯ લોકો સામે કાર્યવાહી કરી છે. અંકલેશ્વરમાં પોલીસે ડ્રોન સર્વેલન્સ કરી કુલ ૧૨ ગુના નોંધાયા છે. પોલીસ દ્વારા વિવિધ પોઈન્ટ પર વાહન ચેકિંગ કરી દંડનીય કાર્યવાહી સાથે વાહનો જપ્ત કરવાની કાર્યવાહી પણ ચાલી રહી છે.

રાજકોટ જિલ્લામાં વધુ ૨૫ તેલ મિલો ફરી શરૂ થશે

લોકડાઉનના પગલે બંધ કરાયેલ તેલ મીલો ફરી શરૂ થશે

રાજકોટ

ભારતમાં કોરોના કહેર વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. જેને લઈને ગુજરાતમાં લોકડાઉનનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે. જેના કારણે રાજ્યમાં ઉદ્યોગ-ધંધા બંધ કરવામાં આવ્યા છે. જો કે સૌરાષ્ટ્રના તેલ એસોસિયશન દ્વારા રજૂઆત બાદ અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ તેલ મિલો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં વધુ ૨૫ તેલ મિલો ટૂક સમયમાં ફરી શરૂ થશે. ઉલ્લેખનીય છે ગુજરાતમાં લોકડાઉનના પગલે તેલ મીલો બંધ કરવામાં આવી હતી. જો કે અત્યાર સુધીમાં ૧૦૦થી વધારે ફેકટરીને મંજૂરી આપવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં ઉપલેટા, ધોરાજી, જસદણમાં મિલો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે. આ સાથે લોધિકા, ગોંડલ, પડધરીમાં સિંગતેલ મિલોને મંજૂરી અપાશે.

પોલીસના દરોડાઃ મહિલા બુટલેગર પાસેથી ૧૦ લિટર દારૂ ઝડપાયો

અમદાવાદ

અમદાવાદમાં લોકડાઉન છતાં દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. રાયખડ ઓપેરા હાઉસ ખાતે આવેલી કાદરીની ચાલીમાં દારૂ પીવા લાઈન લાગી હતી. પોલીસે દરોડો પાડીને મહિલા બુટલેગર પાસેથી ૧૦ લિટર દારૂ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં લોક ડાઉનલોડનો કડક અમલ કરવા માટે પોલીસે ખાનગી વાહનોની અવર જવર પર આજથી પ્રતિબંધ મૂકી દીધો છે, ત્યારે ગાયકવાડ હવેલી વિસ્તારમાં દારૂના અડ્ડા પર લાગી હોવાના મેસેજ આધારે પોલીસે દરોડો પાડીને રાયખડ ઓપેરા હાઉસ પાસે આવેલી કાદરીની ચાલીમાં ભારતીબેન ક્રિશ્ચયનના ત્યાં પોલીસે દરોડો પાડીને દેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. આ બનાવ અંગે અનિરૂદ્ધ સિંહ પ્રતાપસિંહે મહિલા બુટલેગર સામે ફરિયાદ નોંધાવી છે.

વેરાવળમાં પોલીસે વોલિયન્ટરોની ટીમ બનાવી: આવશ્યક ચીજવસ્તુઓની હોમ ડિલિવરી કરશે



વેરાવળ

ગીર સોમનાથના વેરાવળમાં લોકડાઉનની કડક અમલવારી માટે પોલીસે નવતર પ્રયોગ હાથ ધર્યો છે. કોરોનાવીર નામે વોલિયન્ટરોની ટીમ બનાવી છે.જે શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવશ્યક વસ્તુઓની હોમ ડિલિવરી કરશે.કોઈ પણ પ્રકારના બહાના બતાવી લોકો ઘરની બહાર નીકળી લોકડાઉનનો અમલ કરતા નથી. જુદા જુદા વિસ્તારમાં ૫૦ થી વધુ કોરોનાવીર તૈનાત રહેશે.પોલીસ દ્વારા ખાસ પ્રકારના ડ્રેસકોડ સાથે ઓળખકાર્ડ અપાયાછે. હવે કોઈ વસ્તુ ખરીદીના બહાને બિન જરૂરી બહાર નીકળશે તો તેની સામે કડક કાર્યવાહીની એસ.પી. રાહુલ ત્રિપાઠીએ તાકીદ કરી છે.

કોરોનાવીરની કામગીરી અંગે જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠીએ મીડિયાને જણાવ્યું હતું કે,વેરાવળમાં લોકડાઉનની કડક અમલવારી માટે પોલીસ તંત્ર દ્વારા જનહીતમાં આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. કોરોનાવીર એવા વોલિયન્ટરોની ટીમ શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવશ્યક વસ્તુઓની હોમ ડિલિવરી કરશે.જુદા જુદા વિસ્તારમાં ૫૦થી વધુ કોરોનાવીર તૈનાત કરવામાં આવ્યા છે. આ તમામને પોલીસ દ્વારા ખાસ પ્રકારના ડ્રેસકોડ સાથે ઓળખકાર્ડ અપાયા છે.

ચોરી પે સીનાજોરી :નાંદોદના વરાછામાં અગાઉની અદાવતે ખેડૂતોના ટ્યુબવેલના પાઈપો તોડી નુકસાન કર્યું



ભરૂચ જિલ્લાના જરોઈ ગામના વ્યક્તિ એ થોડા દિવસ પહેલા ક્યાંકથી પાઈપનું બંડલ ચોરી એક ખેડૂતને વેચ્યું જેમાં ખેડૂતે તેનું નામ આપતા તેની અદાવતે નુકસાન કર્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વરાછા ગામના દસેક ખેડૂતોના ખેતરો માં બનાવેલા ટ્યુબવેલ ના પાઈપો સહિત ના યુનિટો તોડી હાજરો નું નુકસાન કરનાર વ્યક્તિ સામે આમલેથા પો.સ્ટે.માં ફરિયાદ થઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ આરોપી સુરેશ ઈશ્વરભાઈ વસાવા રહે. વરાછા, તા. નાંદોદ જી. નર્મદા,હાલ રહેજરોઈ,તા. ઝગડીયા, જીલ્લો-ભરૂચ એ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ થોડાક દિવસ પહેલા ક્યાંક થી પાઈપ નું બંડલ ચોરી કરી વરાછા ના એક ખેડુત ને વેચ્યું હતું ત્યારબાદ આ ખેડૂતે અન્ય ખેડૂતોને આ બાબતે જાણ કરતા સુરેશ વસાવા એ તેની અદાવત રાખી ગતરોજ વરાછા ના ૧૦ જેવા ખેડૂતો ના ટ્યુબવેલ ના પાઈપ સહિતના યુનિટી તોડી નાંખી કુલ રૂ.૩૨,૫૦૦/- નું નુકસાન કરી વરાછા ના ખેડૂત આયુશ શાંતીલાલ પટેલ ને જાન થી મારી નાંખવાની ધમકી આપતા તેમણે સુરેશ વિરુદ્ધ આમલેથા પો.સ્ટે.માં ફરિયાદ આપી હતી.

નાંદોદના કુમસ ગામના સરપંચ વિરુદ્ધ નરેગાના કામ બાબતે અવિશ્વાસની દરખાસ્ત


૭ સભ્યો માં સરપંચ ને માત્ર એક મત મળતા વિશ્વાસ સાબિત ના થયો :ચાર્જ ઉપસરપંચ ને સોંપાયો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નાંદોદ તાલુકાના કુમસગામ ના મહિલા સરપંચ સામે ઉપ સરપંચ અને અન્ય સરપંચે અવિશ્વાસ ની દરખાસ્ત કરતા સરપંચ વિશ્વાસ નો મત જીતી ન શકતા ગામના સરપંચ નો ચાર્જ ઉપ સરપંચ ને આપ્યો છે.

કોરોના કહેર વચ્ચે પણ ગામડાઓમાં રાજકારણનો ગરમાવો જોવા મળી રહ્યો છે.આગામી ૬ મહિનાઓ બાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે કુમસગામ ની ગ્રામપંચાયત માં છેલ્લે છેલ્લે ગરમાવો જોવા મળ્યો જેમાં કેટલાક નરેગા ના કામો,ગામના વિકાસના કામો અંગે ગામના મહિલા સરપંચ શારદાબેન કૈલાશભાઈ વસાવા વિરુદ્ધ ઉપ સરપંચ વિક્રાંત વસાવા અને અન્ય પાંચ સભ્યોએ અવિશ્વાસ ની દરખાસ્ત પસાર કરતા જેની નકલ તલાટી કમ મંત્રી અને ટીડીઓને મોકલવામાં આવી હતી. જે બાબતે ગામના તલાટી કમ મંત્રી એ રિપોર્ટ કરતા ટીડીઓ એ વિશ્વાસનો મત જાણવા અધિકૃત આધિકારી ને મોકલ્યા જેમાં પાંચ સભ્યો એ સરપંચ વિરુદ્ધ મતદાન કર્યું જયારે સરપંચ સાથે એક જ મત હોય આયોજન સહ તાલુકા વિકાસ અધિકારી નાંદોદ એ અવિશ્વાસ ની દરખાસ્ત મંજુર કરી મહિલા સરપંચ શારદા વસાવા નો ગ્રામ પંચાયતનો ચાર્જ ઉપ સરપંચને આપવાનો હુકમ કર્યો છે.

OLX પર સ્ટેચ્યુ ઓફ યુનિટીને વેચવાની જાહેરાત કરનાર અજાણ્યા વ્યક્તિ અને વેબસાઈટ સામે કેવડીયા પો.સ્ટે. માં ફરીયાદ દાખલ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

OLX વેબસાઈટ પર સ્ટેચ્યુ ઓફ યુનિટીને વેચવાની જાહેરાત કરનાર અજાણ્યા વ્યક્તિ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ કોઈ અજાણ્યા વ્યક્તિએ તાત્કાલિક હોસ્પીટલ અને મેડીકલ સાધનો ખરીદવા ફંડની જરૂર હોય તેવી OLX વેબસાઈટ પર જાહેરાત કરી જેમાં ૩૦,૦૦૦ કરોડમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી વેચવા જણાવ્યું હતું.

આ પ્રકારની પ્રવૃતીની ઉચ્ચકક્ષાએ ઘણી જ ગંભીર નોંધ લેવામાં આવી છે અને સત્યતાની ખરાઈ કરતા આવી પોસ્ટ કોઈ અજાણ્યા ઈસમે OLX પર મુકી હતી પરંતુ આ પોસ્ટ દૂર કરવામાં આવી હતી. આ અજાણ્યા ઈસમે સરકારની મિલકત સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં વેચાણ કરવા પોતે અધિકૃત ન હોવા છતા સરકારને બદનામ કરવાનાં અને લોકોને ગેરમાર્ગે દોરવાનાં હેતુસર આ પ્રકારની જાહેરાત OLX વેબસાઈટ/પોર્ટલ પર મૂકી હતી.

સરદાર સાહેબ જેવા સ્વાતંત્ર્ય સંગ્રામનાં પ્રખર લડવૈયા અને અખંડ ભારતનાં શિલ્પી જેવા મહાન વ્યક્તિને સાચી શ્રધ્ધાંજલી આપવા અને આવનારી પેઢી સરદાર સાહેબનાં કાર્યોને જાણે તે માટે જ સરકારે પ્રતિમાનું નિર્માણ અહીંયા કર્યું છે. ભારતની એકતાનાં પ્રતિક સમાન સરદાર સાહેબની સાથે કરોડો ભારતીયોની લાગની જોડાયેલી છે આવા હિન કૃત્યથી ભારતીયોની લાગણીને ઠેશ પહોંચી છે.આ બાબતે મુખ્ય વહીવટદારનાં આદેશથી મામલતદાર પાર્થ જયસ્વાલે કેવડીયા પોલીસ સ્ટેશન માં યોગ્ય ધારા ધોરણ મુજબ પોલીસ ફરીયાદ આપી છે. આ અંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં નાયબ મુખ્ય વહીવટદાર નિલેશકુમાર દુબે એ જણાવ્યુ હતુ કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વમાં એકતાનાં પ્રતિક સમાન સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉચી પ્રતિમાં છે,અને સરદાર સાહેબનાં કાર્યોને આવનારી પેઢી જાણી શકે તે માટેનાં શુભ આશયથી આ પ્રતિમાનું નિર્માણ થયું છે. આ પ્રકારની વાહીયાત કરતુતથી ભારત દેશની જનતાની લાગણીને ઠેશ પહોચાડવાનો એક બદઈરાદાપુર્વકનો પ્રયાસ છે,તેમજ OLX જેવી જાણીતી વેબસાઈટ દ્વારા પણ આ અંગેની ખરાઈ કે ચકાસણી કર્યા વિના જ આ પોસ્ટને એપ્રુવલ આપવામાં આવે તે ઘણીજ દુઃખની બાબત છે.



પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO







૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)